પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૯-૦૧-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે નીતિન નવીન નિશ્ચિત

## મોડી બપોરે નીતિન નવીન ઉમેદવારી નોંધાવશે, પ્રમુખ પદે બિનહરીફ ચૂંટાવાની પ્રબળ શકયતા



નવી દિલ્હી, તા. ૧૯

ભાજપના કાર્યકારી અધ્યક્ષ નીતિન નવીન રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે તે નિશ્ચિત છે. આજે તેઓ પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે બપોરે ૨ થી ૪ વાગ્યાની વચ્ચે દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલયમાં ઉમેદવારી પત્ર ભરશે.

ત્યારબાદ ૪ વાગ્યાથી ૫ વાગ્યા સુધી આ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. સાંજે ૫ વાગ્યાથી ૬ વાગ્યા સુધી નામ પાછા ખેંચવાનો સમય રહેશે. જો ફક્ત એક જ ઉમેદવારી પત્ર યોગ્ય જણાશે, તો ચૂંટણી અધિકારી તેમને બિનહરીફ અધ્યક્ષ જાહેર કરશે. જો બે ફોર્મ આવશે તો ૨૦ તારીખે મતદાન થશે.

આ દરમિયાન પાર્ટીના લગભગ તમામ મુખ્યમંત્રીઓ, રાજ્ય એકમના પ્રમુખો અને વરિષ્ઠ નેતાઓ હાજર રહેશે. ભાજપે ૧૬ જાન્યુઆરીએ રાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણી માટે નોટિફિકેશન બહાર પાડ્યું હતું. નીતિનને ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

છેલ્લા ૬ મહિનામાં ત્રણ રાજ્યોમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ બિનહરીફ ચૂંટાયા છે. જુલાઈમાં હેમંત ખંડેલવાલને MPના પ્રદેશ અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. ત્યારબાદ ડિસેમ્બરમાં કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી અને સાત વખતના લોકસભા સાંસદ પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેમના સિવાય કોઈએ ઉમેદવારી નોંધાવી ન હતી. જાન્યુઆરીમાં ઝારખંડમાં આદિત્ય સાહુને પ્રદેશ અધ્યક્ષ પદની જવાબદારી મળી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી રાષ્ટ્રીય પરિષદ કરે છે, જેમાં લગભગ ૫,૭૦૮ સભ્યો શામેલ છે. આમાં રાષ્ટ્રીય પરિષદ અને તમામ રાજ્ય પરિષદોના સભ્યો શામેલ હોય છે, જે દેશના ૩૦ થી વધુ રાજ્યોમાંથી આવે છે. પરંતુ જો ફક્ત એક જ નામાંકન હોય, તો મતદાનની જરૂર નહીં પડે.

# ગાઝા પીસ બોર્ડમાં સામેલ થવા ભારતને ટ્રમ્પે આમંત્રણ આપ્યુ

### ઈઝરાયેલ સાથેના સંઘર્ષમાં તબાહ થયેલા ક્ષેત્રનું પુન: નિર્માણ કરશે અમેરિકા

વોશિંગ્ટન, તા. ૧૯

લાંબા અને ૬૦૦૦૦થી વધુ પેલેસ્ટાઈન નાગરિકોનો ભોગ લેનાર યુદ્ધ કરતા પણ વધુ ખરાબ માનવીય કરૂણાની સ્થિતિ સર્જનાર ગાઝામાં આડકતરી રીતે ટ્રમ્પ શાસન લાદવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રચેલા ગાઝા શાંતિ બોર્ડમાં સામેલ થવા ભારત અને પાકિસ્તાન બન્નેને આમંત્રણ મોકલાયુ છે.જો કે આ ટ્રમ્પના ગાઝા પીસ બોર્ડમાં સામેલ થનાર દેશએ ગાઝામાં પુન: નિર્માણ સહિતના કામ માટે ૧ બીલીયન ડોલર આપવાના રહે છે. ગાઝામાં યુદ્ધ વિરામ માટે અમેરિકાએ જે સમજુતી કરાવી તેના ભાગ મુદે આ ગાઝા પીસ બોર્ડની રચના કરવામાં આવી છે.જો કે ઈઝરાયેલ તેનાથી ખુશ નથી તેવા સંકેત છે. સમાચાર સંસ્થા રોઈટરના જણાવ્યા મુજબ બોર્ડની અધ્યક્ષા ખુદ પ્રમુખ ટ્રમ્પ કરશે અને તેઓ ગાઝાના પુન:નિર્માણની કાર્યવાહી કામગીરીનું સંચાલન કરશે. આ બોર્ડની મુદત ત્રણ વર્ષની હાલ નિશ્ચિત થઈ છે. આ બોર્ડમાં બ્રિટનના પુર્વ વડાપ્રધાન ટોની બ્લેર અને વિશ્વ બેન્કના અધ્યક્ષ અજય બગ્ગાનો સમાવેશ થયો છે.ટ્રમ્પના નિમણુંકનો સ્વીકાર કરનાર દેશના રાષ્ટ્રવડા તેના સભ્ય હશે. જે મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલાયુ છે અને જો ૧ બીલીયન ડોલર ભારત આપે તો માન્ય રહેશે. આમ બીલ બોર્ડ માટે જંગી ભંડોળ ઉભુ કરવા પણ તૈયારી કરી છે. આ બોર્ડમાં ટ્રમ્પના જમાઈ પણ સામેલ છે.

ભારતની સાથે પાકિસ્તાનને પણ બોર્ડના સભ્ય બનવા આમંત્રણ અપાયુ છે. જો કે ભારત આ આમંત્રણ સ્વીકારશે કે કેમ તે પ્રશ્ન છે. પ્રથમ ત્રણ વર્ષની નિયુક્તિ બાદ જ ભંડોળ આપવાની શરતે

અનુસંધાન પાના ૭ પર

# ચિલીના જંગલમાં આગ લાગી ૧૮નાં મોત , હજારો લોકો બેઘર

### ઝડપથી ફેલાતી આગે નુબલ અને બાયોબિઓ પ્રદેશમાં સર્જેલો વિનાશ

નવી દિલ્હી, તા. ૧૯

રવિવારે દક્ષિણ ચિલીમાં લાગેલી વિનાશક જંગલની આગમાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા, કારણ કે આગ સતત ફેલાઈ રહી છે. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે મુબાલ અને બાયોબિઓ પ્રદેશોમાં આપત્તિની સ્થિતિ જાહેર કરી છે.

ભારે પવન અને તીવ્ર ગરમીને કારણે અગ્નિશામક દળો માટે આગ પર કાબુ મેળવવો અત્યંત મુશ્કેલ બન્યો છે. હજારો લોકોને તેમના ઘર છોડીને ભાગવાની ફરજ પડી છે, અને મૃત્યુઆંક વધવાની ધારણા છે. લોકો પોતાના ઘરો, ખેતરો અને જંગલો સળગતા જોઈ રહ્યા છે, જ્યારે રાહત પ્રયાસો પૂરજોશમાં ચાલી રહ્યા છે.

રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે સોશિયલ મીડિયા પર કહ્યું, "જંગલમાં લાગેલી ગંભીર આગને ધ્યાનમાં રાખીને, મેં નુબલ અને બાયોબિઓ પ્રદેશોમાં આપત્તિની સ્થિતિ જાહેર કરી છે. બધા સંસાધનો તૈનાત કરવામાં આવી રહ્યા છે." CONAF (ચિલીની વન એજન્સી) અનુસાર, રવિવાર

સવાર સુધીમાં દેશભરમાં ૨૪ સક્રિય આગ લાગી હતી. સૌથી ખતરનાક આગ સેન્ટિયાગોથી લગભગ ૫૦૦ કિલોમીટર દક્ષિણમાં નુબલ અને બાયોબિઓમાં છે.

અનુસંધાન પાના ૭ પર



# સ્પેનમાં બે હાઈસ્પીડ ટ્રેનની ટક્કરમાં ૨૧ મુસાફરોના મોત

### બન્ને ટ્રેનની પ્રચંડ અછડામણથી ભૂકંપ જેવી ધ્રુજારી ઉઠી

મેડ્રીડ, તા. ૧૯

દક્ષિણી સ્પેનમાં ગઈકાલે રવિવારે એક ફુલ સ્પીડે જતી હાઈ સ્પીડ ટ્રેન પાટા પરથી ખડી જઈ સામે આવતી હાઈ સ્પીડ ટ્રેન સાથે ટકરાતા આ અકસ્માતમાં ૨૧ લોકોના મોત નિપજયા હતા, જયારે ૧૦૦ જેટલા લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના કોર્ડોબા એડમ્યુઝ સ્ટેશન માટે બની હતી.

સ્પેનની રેલ સંસ્થા એડીઆઈએફએ પોતાના એક્સ હેન્ડલ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે મલાગા અને મેડ્રીડ વચ્ચે સાંજે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી અને મેડ્રીડથી હુએલવા (જે સ્પેનનું એક દક્ષિણી શહેર છે) જઈ રહેલી બીજી ટ્રેન સાથે ટકરાઈ ગઈ હતી. આ ભીષણ ટકકરથી ઘટના સ્થળે ચીસાચીસ અને અફડાતફડી મચી ગઈ હતી. આ દુર્ઘટના બાદ મેડ્રીડ અને સુલિયા વચ્ચે હાઈસ્પીડ સર્વિસને અસર થઈ હતી. અંડાસુલિયા ઈમરજન્સી સર્વિસીઝે સોશિયલ મીડીયા પર જણાવ્યુ હતું કે બધા રેલ ટ્રાફીકને રોકી દેવાયો છે. અનઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી હતી. દક્ષિણ સ્પેનમાં એક અત્યંત ભયાનક ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં બે હાઈ-સ્પીડ ટ્રેનોની સામ-સામે થયેલી જોરદાર ટક્કરમાં ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા છે અને ૧૦૦ જેટલા લોકો ઘાયલ થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક ટ્રેન ખોટા ટ્રેક પર આવી જતાં આ ગોઝારી ઘટના બની હતી.

આ ભીષણ દુર્ઘટના સ્પેનના કોર્ડોબામાં

અનુસંધાન પાના ૭ પર

# કરાચીના ગુલ પ્લાઝામાં ભયાનક આગમાં ૧૦ લોકોનાં મોત, ૬૦ ગુમ

### કટરથી બારીઓ કાપી અને હથોડાથી દિવાળો તોડી બચાવ ટીમો અંદર પહોંચી

નવી દિલ્હી, તા. ૧૯

પાકિસ્તાનના કરાચીમાં ગુલ પ્લાઝામાં ભીષણ આગ લાગી હતી. જેમાં અત્યાર સુધીમાં દસ લોકોના મોત થયા છે, અને ૬૦ લોકો હજુ પણ ગુમ છે. રવિવારે રાત્રે બચાવ ટીમોએ વધુ ચાર મૃતદેહો બહાર કાઢ્યા હતા. શોધ અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે. બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું કે ટીમોએ કામગીરી દરમિયાન એક બાળક સહિત ત્રણ લોકોના મૃતદેહ પણ બહાર કાઢ્યા હતા, જેમને પછી સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવ્યા હતા.

આગથી તબાહ થયેલા શોપિંગ મોલમાં મર્યાદિત પ્રવેશ હોવાથી, અગ્નિશામકો અને બચાવ ટીમો હવે કટરથી બારીઓ કાપીને અને હથોડાથી દિવાલો તોડીને ઈમારતના આંતરિક ભાગમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે જેથી બચી ગયેલા લોકોની શોધ વધુ ઝડપી બને. ઘટનાસ્થળે કુલ ૨૨ ફાયર બ્રિગેડ વાહનો, ૧૦ પાણીના ટેન્કર, ચાર સ્નોર્કલ અને ૩૩ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે.જિયો ન્યૂઝ દ્વારા ટાંકવામાં આવેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે બચાવ ટીમો ઈમારતના નાના ભાગમાં પ્રવેશવામાં સફળ રહી છે અને શોધમાં મદદ કરવા માટે થર્મલ કેમેરા સ્થાપિત કર્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકા પર ૯૩ અબજ યુરોનો ટેરિફ લાદવા ઈયુ દ્વારા વિચારણા

## ગ્રીન લેન્ડ મુદ્દે અમેરિકા સામે લડી લેવા યુરોપિયન યુનિયનનું મક્કમ વલણ

નવી દિલ્હી, તા. ૧૯

બ્રસેલ્સ. યુરોપિયન યુનિયન અમેરિકા સામે કડક પગલાં લેવાનું વિચારી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકાએ ગ્રીનલેન્ડ પર ટેરિફ લાદવાની ધમકી આપ્યા બાદ, ઈ વોશિંગ્ટન પર ૯૩ અબજ યુરો સુધીનો ટેરિફ લાદી શકે છે અથવા અમેરિકન કંપનીઓને તેના બજારમાં કામ કરતા અટકાવી શકે છે. આ માહિતી ફાઈનાન્સિયલ ટાઈમ્સ દ્વારા આપવામાં આવી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે આ મામલામાં સામેલ અધિકારીઓ આવતા અઠવાડિયે મહત્વપૂર્ણ બેઠકો પહેલા યુરોપિયન નેતાઓને મજબૂત સ્થિતિ આપવા માટે આવા બદલો લેવાના પગલાં તૈયાર કરી રહ્યા છે. આ બેઠકો સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન યોજાશે, જ્યાં યુરોપિયન નેતાઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મળવાના છે. રિપોર્ટ અનુસાર, ઈએ ગયા વર્ષે આ ટેરિફ યાદી તૈયાર કરી હતી, પરંતુ વેપાર યુદ્ધ ટાળવા માટે તેને ૬ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવી હતી. હવે, ગ્રીનલેન્ડને લઈને યુરોપ અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે, યુરોપિયન દેશોના પ્રતિનિધિઓએ રવિવારે તેને ફરીથી લાગુ કરવાની ચર્ચા કરી. સિન્હુઆના અહેવાલ મુજબ, એક કાયદાના ઉપયોગ વિશે પણ ચર્ચા થઈ હતી જે અમેરિકન કંપનીઓની યુરોપિયન બજારમાં પ્રવેશને મર્યાદિત કરી શકે છે.

આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા દ્વારા પ્રસ્તાવિત ટેરિફથી સીધી રીતે પ્રભાવિત આઠ દેશો (ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, નોર્વે, સ્વીડન અને યુનાઈટેડ કિંગડમ) એ ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ સાથે સંપૂર્ણ એકતા વ્યક્ત કરતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે.

શનિવારે શરૂઆતમાં, ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે અમેરિકા ૧ ફેબ્રુઆરીથી આ આઠ દેશોના માલ પર ૧૦ ટકા ટેરિફ લાદશે. તેમણે ચેતવણી આપી હતી કે આ ટેરિફ ૧ જૂનથી વધીને ૨૫ ટકા થશે અને ગ્રીનલેન્ડની "સંપૂર્ણ ખરીદી" પર કરાર ન થાય ત્યાં સુધી તે યથાવત રહેશે.ટ્રમ્પ બુધવાર અને ગુરુવારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં હાજરી આપવાના છે. આ સમય દરમિયાન, તેઓ યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સહિત યુરોપિયન નેતાઓ સાથે ખાનગી વાતચીત કરે તેવી અપેક્ષા છે. તેઓ યુક્રેનને ટેકો આપતા પશ્ચિમી દેશોની બેઠકમાં પણ ભાગ લઈ શકે છે.

# ભિવંડી નગર પાલિકાની ચૂંટણીના પરિણામો બાદ હિંસા ફાટી નિકળી

### ભાજપના કાર્યકરો અને પૂર્વ મેયરના સમર્થકો વચ્ચે ઘર્ષ

નવી દિલ્હી, તા. ૧૯

મહારાષ્ટ્રના ભિવંડીમાં રવિવારે મહાનગરપાલિકા ચૂંટણીના પરિણામો બાદ ભાજપ અને કોણાર્ક વિકાસ આઘાડી (KVA) ના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. વિવાદ છત્રપતિ શિવાજી મહારાજ ચોક પાસે થયો. બંને પક્ષો વચ્ચે પથ્થરમારો પણ થયો.

પોલીસના જણાવ્યા અનુસાર, ભાજપના ધારાસભ્ય મહેશ ચૌઘુલે અને KVA નેતા તથા પૂર્વ મેયર વિલાસ પાટીલના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું. ઘટના બાદ વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો.

ડીસીપી ઝોન-૨ શશિકાંત બોરાટે જણાવ્યું કે, બે નેતાઓના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. પોલીસે હસ્તક્ષેપ કરીને ભીડને હટાવી દીધી. હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં છે.

ભાજપના ધારાસભ્ય મહેશ ચોઘુલેએ આરોપ લગાવ્યો કે KVA અધ્યક્ષ વિલાસ પાટીલ પોતાના વિસ્તારમાં કોઈને ઘૂસવા દેવા માંગતા નથી.

તેમણે કહ્યું કે, ચૂંટણી પૂરી થઈ ગઈ છે. ગઈકાલે કેટલાક ગરીબ બાળકો પર હુમલો કરવામાં આવ્યો હતો. આજે સાંજે લગભગ ૫ વાગ્યે બે બાળકોને માર મારવામાં આવ્યો. ત્યારબાદ મારી ઓફિસ પર પથ્થરમારો થયો. પોલીસ અને મારા સમર્થકો પર પણ હુમલો કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# સોના-ચાંદીના ભાવોમાં ઐતેહાસિક ઉછાળો

## ચાંદી ૩ લાખને આંબી, એક જ દિવસમાં રૂ. ૧૩ હજારનો વધારો

નવી દિલ્હી, તા. ૧૯

સોના અને ચાંદી બંનેની કિંમત દરરોજ રેકોર્ડ તોડતી જોવા મળી રહી છે. સોમવારે, અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે બજાર ખુલતાની સાથે જ ચાંદીમાં એવી હલચલ મચી ગઈ કે ૧ કિલો ચાંદીનો ભાવ ૩ લાખ રૂપિયાને પાર થઈ ગયો. ઈતિહાસમાં પહેલીવાર ચાંદીએ આ સ્તરને પાર કરી દીધું છે. આ દરમિયાન, સોનાના ભાવ પણ ઝડપથી વધીને નવી ટોચ પર પહોંચ્યા છે. અમદાવાદમાં ૨૪ કેરેટ ૧૦ ગ્રામ સોનાની કિંમત રૂ.૧,૪૫,૭૪૦ છે.ચાંદીના ભાવ અટકવાના નથી. સોમવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX)માં ખુલતા ચાંદીના ભાવમાં ?૧૩,૫૫૩નો વધારો થયો, જે પહેલી વાર ત્રણ લાખના આંકડાને પાર થઈ ગયો. ચાંદી પ્રતિ કિલોગ્રામ ?૩,૦૧,૩૧૫ની નવી ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, શુક્રવારે, MCX ચાંદીનો દર પ્રતિ કિલોગ્રામ ?૨,૮૭,૭૬૨ પર બંધ થયો હતો.હવે, સોનાના ભાવની વાત કરીએ તો, MCX સોનાનો ભાવ ચાંદીની જેમ વધી રહ્યો છે. ગયા અઠવાડિયે, શુક્રવાર, ૫ ફેબ્રુઆરીના રોજ, સોનાના વાયદાના ભાવ ?૧,૪૨,૫૧૭ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયા હતા.અને સોમવારે ખુલતા જ, તે ?૧૪૫,૫૦૦ની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો. આ ગણતરી કરતાં, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામના ભાવમાં ?૨,૯૮૩નો વધારો થયો છે.બીજી તરફ, જો આપણે આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધી સોનાના ભાવમાં થયેલા વધારા પર નજર કરીએ તો, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ, ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૩૫,૮૦૪ રૂપિયા હતો, જે મુજબ તે અત્યાર સુધીમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૯,૬૯૬ રૂપિયા મોંઘું થયું છે ચાંદીની માંગ જે ઝડપથી વધી રહી છે, તેની સરખામણીમાં ખાણોમાંથી તેનું ઉત્પાદન વધી રહ્યું નથી. કેટલાક દેશોમાં પર્યાવરણીય નિયમો અથવા ખાણો બંધ થવાને કારણે આયોજિત માઈનિંગ ઓછું થઈ ગયું છેઆ ઉપરાંત, લગભગ ૭૦% ચાંદી, કોપર અને ઝીંક જેવી અન્ય ધાતુઓના ખોદકામ દરમિયાન બાય-પ્રોડક્ટ તરીકે નીકળે છે. જ્યાં સુધી તાંબાનું ખોદકામ વધતું નથી, તં સુધી ચાંદીનો પુરવઠો વધી શકતો નથી. આ માંગ અને પુરવઠાના મોટા તફાવતને કારણે ચાંદીની અછત યથાવત છે.વિશ્વભરમાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને મોંઘવારીને કારણે ઘણા રોકાણકારો શેરબજારને બદલે સોના-ચાંદીમાં પૈસા રોકી રહ્યા છે. જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમતો ડોલરમાં નક્કી થાય છે,



# સોના-ચાંદીમાં લાલચોળ તેજી ભારતીય શેર બજારો પટકાયા

### ગ્રીનલેન્ડ-ઈરાન મામલે ટ્રમ્પે નવેસરથી ટેન્શન સર્જતા માર્કેટોમાં તીવ્ર હલચલ

મુંબઈ, તા. ૧૯

ઈરાન પર અમેરિકી આક્રમણના ભણકારા તથા ગ્રીનલેન્ડ મામલે અમેરિકા-યુરોપના દેશો સામસામા આવી ગયાના ઘટનાક્રમે ફરી વખત સોના-ચાંદીને વધુ સળગાવ્યા છે, જયારે શેરબજારમાં કડાકો સર્જ્યો છે. ચાંદીનો ભાવ ત્રણ લાખને પાર થયો છે સોનુ પણ નવી ઉંચાઈએ પહોંચ્યું હતું.

રાજકોટમાં આજે હાજર ચાંદીનો ભાવ ત્રણ લાખને પાર થઈને નવી ટોચે પહોંચ્યો હતો. હાજર ભાવ ૩,૦૦,૫૦૦ થયો હતો. કોમોડીટી એક્સચેંજમાં ભાવ ઉંચામાં ૩૦૧૩૧૫ થઈને કુલ ૧૨૬૧૫ના ઉછાળાથી ૩૦૦૩૮૦ સાંપડ્યો હતો. વિશ્વ બજારમાં ભાવ ૯૪.૦૮ ડોલર થઈને ૯૩.૮૫ ડોલર સાંપડ્યો હતો.

સોનામાં પણ નવો રેકોર્ડ સર્જાયો હતો. હાજર સોનુ ૧૪૮૩૫૦ થયું હતું. કોમોડીટી એક્સચેંજમાં ૨૧૫૦ના ઉછાળાથી ૧૪૪૬૮૦ હતું. વિશ્વબજારમાં ૪૬૮૭ થઈને ૪૬૬૧ હતું.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ગ્રીનલેન્ડ કબ્જે કરવામાં સાથ નહી આપનારા યુરોપના દેશો પર ટ્રમ્પે ૧૦ ટકા વધુ ટેરિફ ઝીકી છે તેની સામે ડેનમાર્ક સહિતના દેશોએ વળતા હાકલા-પડકારા કરીને નવી ધરખમ ટેરિફ નાખવાની ચેતવણી ઉચ્ચારતા નવો ભડકો સર્જાવાના ભણકારાથી માર્કેટ પ્રભાવિત થયું છે.

આ સિવાય અમેરિકાએ ઈરાન પર ત્રાટકવાનો આક્રમક મિજાજ

અનુસંધાન પાના ૭ પર



# એન.એસ.એસ. પ્રોગ્રામ હેઠળ ઓફિસરો માટે પ્રશિક્ષણ કાર્યશાળા

## સેમિનાર હોલમાં બાયો-ટેક વિભાગનો વર્કશોપ યોજાયો

સુરત, તા.૧૯

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એન.એસ.એસ. સંલગ્ન જુદી-જુદી કોલેજોમાંથી કાર્યરત ૧૫૦ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ માટે "એક દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળા-૨૦૨૬" નું આયોજન દિનાંકઃ ૧૭/૦૧/૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી ઓડીટોરીયમ હોલ, બાયોટેકનોલોજી વિભાગ, VNSGU, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકારના રાજયકક્ષાના મંત્રી ડૉ. જયરામભાઇ ગામીત, યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ ચાવડા, આદરણીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, એન.એસ.એસ. પ્રોગ્રામ એડવાયઝર અને રીજયનલ ડાયરેક્ટરશ્રી ડૉ. કમલકુમાર કર, ડૉ. નીરજ સીલાવત, એન.એસ.એસ, સંયોજક, ગુજરાત વિદ્યાપીઠ, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઈન્ચાર્જ ડાયરેક્ટરશ્રી ડો. યોગેશકુમાર વાંસિયા, ડૉ. શ્રીધર નિમાવત, એન.એસ.એસ, સંયોજક,VNSGU તેમજ કેમ્પસ ખાતે કાર્યરત અનુસ્નાતક વિવિધ વિભાગોના વડા અને પ્રાધ્યાપકશ્રીઓ પણ હાજર રહ્યા હતા.

માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી ડૉ. જયરામભાઇ ગામીત સાહેબે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે," એન.એસ.એસ. માત્ર સેવા પ્રવૃત્તિ નથી, પરંતુ યુવાનોમાં રાષ્ટ્રીય જવાબદારી અને સામાજિક પ્રતિબદ્ધતા જગાડતું સશક્ત મંચ છે. યુવાનોને ગ્રામ વિકાસ, સ્વચ્છતા અને માનવ સેવા તરફ પ્રેરિત કરવામાં એન.એસ.એસ.ની ભૂમિકા અતિમહત્વપૂર્ણ છે. સરકાર અને યુનિવર્સિટી સાથે મળીને એન.એસ.એસ. દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં આવશે." માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા એ શાબ્દિક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે," યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત આ પ્રશિક્ષણ કાર્યશાળા પ્રોગ્રામ ઓફિસરો માટે કાર્યક્ષમતા વધારવાનું ઉત્તમ સાધન છે. શિક્ષણ સાથે સેવા અને નેતૃત્વ વિકાસ એ યુનિવર્સિટીની મુખ્ય દ્રષ્ટિ છે, જેમાં એન.એસ.એસ. અગત્યની ભૂમિકા ભજવે છે. પ્રોગ્રામ ઓફિસરો યુવાનોને રાષ્ટ્રીય અને સામાજિક કાર્ય માટે સક્રિય બનાવશે." એન.એસ.એસ. પ્રોગ્રામ એડવાયઝર અને રીજયનલ ડાયરેક્ટર ડૉ. કમલકુમાર કર સાહેબ દ્વારા Annual Action Plan વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, " એન.એસ.એસ.નું Annual Action Plan યુવાનોમાં સેવા, શિસ્ત અને સમાજપ્રતિ નિષ્ઠા વિકસાવવાનો માર્ગદર્શક દસ્તાવેજ છે. આ આયોજન હેઠળ દરેક કોલેજે ગામ અપનાવીને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અમલમાં મૂકી શકશે. સંકલિત પ્રયાસોથી એન.એસ.એસ. દ્વારા રાષ્ટ્રીય વિકાસના લક્ષ્યો સિદ્ધ થશે.

# વલસાડ એસટી ડેપો ખાતે રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો

## અકસ્માતમાં ઘાયલ વ્યક્તિઓને મદદરૂપ થવા રાહવીર તરીકે ખાસ મદદરૂપ થવા બાબતે ભાર મુકાયો

વલસાડ, તા.૧૯

રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષે તા. ૦૧/૦૧/૨૬ થી તા. ૩૧/૦૧/૨૬ સુધી રોડ સેફ્ટી મંથ તરીકે ઉજવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત આજરોજ તા. ૧૭ /૦૧ /૨૬ ના રોજ વલસાડ એસટી ડેપો ખાતે ડેપોના કર્મચારીઓ, ડ્રાઈવર, કંડકટર તેમજ મિકેનિક કર્મચારીઓને રાખવાની થતી કાળજી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વે સીટબેલ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ ન કરવા, ઓવર સ્પીડિંગ ન કરવું, ડ્રાઈવિંગ વખતે મોબાઈલ ઉપયોગ ન કરવા તેમજ હાલમાં ચાલી રહેલા સાઈબર ક્રાઈમ બાબતે રાખવાની થતી સાવચેતી અંગે સૂચનો આપવામાં આવ્યા હતા તથા અકસ્માતમાં ઘાયલ વ્યક્તિઓને મદદરૂપ થવા રાહવીર તરીકે ખાસ મદદરૂપ થવા બાબતે ભાર મુક્યો હતો. આ કાર્યક્રમમાં વલસાડ આરટીઓ ઈન્સ્પેક્ટર શ્રી એ. ડી. ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી બી.ડી. રાઠોડ, પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી જી.એસ. પટેલ તેમજ ૧૦૮ના કર્મચારીઓ હાજર રહ્યા હતા. વલસાડ એસટી ડેપો મેનેજરશ્રી અનિલભાઈ અટારા તેમજ કાર્યક્રમમાં હાજર આસિસ્ટન્ટ ટ્રાફિક ઈસ્પેક્ટરશ્રી પ્રવીણભાઈ રાઠોડ તેમજ ડેપોના કર્મચારીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# રામકથા પૂર્વ શ્રી દેવસર માતા મંદિરથી પોથી યાત્રા નીકળી

## તા.૨૪મી સુધી રામકથા સપ્તાહનું આયોજન

સુરત, તા.૧૯

જુના અખાડાના મહામંડલેશ્વર, પરમ પૂજ્ય સ્વામી ડૉ. ઉમાકાન્તાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા કથિત શ્રી રામ કથા, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, શ્રી દેવસર માતા મંદિરના ખાલી હોલમાં શરૂ થઈ.

આજે, રવિવાર, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, સવારે ૮ વાગ્યે, શ્યામ બાબા મંદિરથી કથા સ્થળ, શ્રી દેવસર માતા મંદિર માટે એક ભવ્ય "કળશ પોથી યાત્રા" નીકળી. આ ભવ્ય કળશ શોભાયાત્રામાં હજારો લોકોએ ભાગ લીધો.



આજની શ્રી રામ કથા, પરમ પૂજ્ય મહામંડલેશ્વર ઉમાકાન્તાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા કથિત, શરૂ થઈ અને ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. આ કથાનું આયોજન ગુજરાતના શાશ્વતમ પરિવાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. શ્રી રામ કથા ઉપરાંત, ગુરુજીના પ્રવચનમાં માનવ જીવનમાં સફળતા કેવી રીતે પ્રાપ્ત કરવી, ઈર્ષ્યાથી કેવી રીતે દૂર રહેવું અને જીવન કેવી રીતે આનંદથી જીવવું તે પણ સમજાવવામાં આવ્યું.



# કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ દ્વારા નવસારી જિલ્લાના સરપંચો, કાર્યકર્તાઓ સાથે સંવાદ

## જળ સંચય અને જનસેવાના પ્રકલ્પોથી નવસારી દેશનું રોલ મોડેલ બન્યું છેઃ કેન્દ્રીય જળ શક્તિમંત્રી

સુરત, તા.૧૯

સુરત ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના લોકસભા મત વિસ્તારના સાંસદ સી.આર. પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લાના સરપંચો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓનો એક વિશેષ 'સાંસદ સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો.

નવસારીની સિદ્ધિઓ વર્ણવતા ગૌરવ સાથે કેન્દ્રીય મંત્રી સી. આર પાટીલે જણાવ્યું હતું કે, સઘન મતદારયાદી સુધારણા કાર્યક્રમ થકી પારદર્શિતા લાવી ડુપ્લીકેશન દૂર કરાયું છે. ૧૮ વર્ષથી વધુ વયના તમામ યુવાઓની મતદાર યાદીમાં નામ નોંધણી થાય તે માટે મંત્રીશ્રીએ ખાસ અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું કે, આદર્શ ગામની પરિકલ્પના સાકાર કરતા નવસારી દેશનો પ્રથમ 'ધુમાડા રહિત જિલ્લો' બન્યો છે અને દીકરીઓના ભવિષ્ય માટેની સુકન્યા સમૃદ્ધિ યોજનામાં નવસારી જિલ્લાએ દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરી છે. આ સાથે દેશમાં ૧૨ કરોડ શૌચાલયોના નિર્માણથી સ્વચ્છતાનું સ્તર સુધર્યું છે. WHOના રિપોર્ટ મુજબ, સ્વચ્છતા અને શુદ્ધ પાણીને કારણે છેલ્લા પાંચ વર્ષમાં ત્રણ લાખથી વધુ બાળકોના જીવ બચાવી શકાયા છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, જળ સંચય અને જનસેવાના પ્રકલ્પોથી નવસારી દેશનું રોલ મોડેલ બન્યું છે. મનરેગા યોજનામાં ધરખમ ફેરફાર કરીને તેને ભ્રષ્ટાચારમુક્ત બનાવવામાં આવી છે. હવે મનરેગા યોજના 'જી રામ જી કી' માં પરિવર્તિત થઈ છે. મનરેગા હવે રોજગારીના સાધન સાથે જળ સંચય માટેનું માધ્યમ બની ગયું છે. યોજનાના ૬૫ ટકા નાણાં હવે માત્ર જળ સંચય અને જળ સંરક્ષણના કામો માટે વાપરવામાં આવશે. જળશક્તિ મંત્રીએ ઉમેર્યું કે, 'નળ થી જળ' યોજના હેઠળ દેશના કરોડો નાગરિકોને શુદ્ધ પાણી પહોંચાડવામાં આવ્યું છે. વિશેષ બાબત એ છે કે, પાણીની ગુણવત્તા તપાસવા માટે દેશની ૧૫ લાખ બહેનોને તાલીમ આપીને 'જળ દૂત' તરીકે તૈયાર કરવામાં આવી છે. વધુમાં મંત્રીશ્રીએ ગામડાંઓ સ્વચ્છ બને તે માટે સરપંચોને ગામ વચ્ચે 'સ્વચ્છતા સ્પર્ધા' યોજવા પ્રોત્સાહિત કર્યા હતા. વિધવા બહેનોને સહાય, આયુષ્માન કાર્ડ અને સરકારના વિવિધ પ્રકલ્પો છેવાડાના માનવી સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો. વરસાદના પાણીના ટીપે ટીપાનો સંગ્રહ કરવો એ સમયની માંગ છે. 'કેચ ધ રેન, વેર ઈટ ફોલ્સ, વ્હેન ઈટ ફોલ્સ'ના સૂત્રને સાર્થક કરવા માટે ગ્રામીણ અને શહેરી સ્તરે જળ સંચયના કામોને વેગ આપવો જરૂરી છે. સાથે જ 'કેચ ધ રેન' અભિયાન

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ રેલવે દ્વારા વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠે ટાટા મુંબઈ મેરેથોન

## પશ્ચિમ રેલવેની ૧૫૦ સભ્યોની ટીમે ફિટનેસ, રેલ સલામતી અને નાગરિક ફરજનો સંદેશ આપ્યો




સુરત, તા.૧૯

પશ્ચિમ રેલવેએ આજે મુંબઈમાં યોજાયેલી ટાટા મુંબઈ મેરેથોન ૨૦૨૬ માં ઉત્સાહી અને હેતુપૂર્ણ હાજરી આપી, ફિટનેસ, શિસ્ત અને સલામતી જાગૃતિનો શક્તિશાળી સંદેશ ફેલાવ્યો. પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની ૧૫૦ સભ્યોની ટીમે 'વંદે માતરમ' ની ૧૫૦મી વર્ષગાંઠનું સન્માન કરવા અને ઉજવણી કરવા માટે મેરેથોનમાં ભાગ લીધો હતો. આ ભાગીદારી રાષ્ટ્રીય ગૌરવ, સામૂહિક શિસ્ત અને દૈનિક જીવનમાં સ્વસ્થ જીવનશૈલીના મહત્વનું પ્રતીક છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પશ્ચિમ રેલવે ટીમનું નેતૃત્વ કર્યું હતું. ઘણા વરિષ્ઠ રેલવે અધિકારીઓએ પણ મેરેથોનમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જે સ્પષ્ટપણે ફિટનેસ, સલામતી અને જનસંપર્ક પ્રત્યે નેતૃત્વની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સ્ટેશન માસ્ટર, ટિકિટ ચેકિંગ સ્ટાફ, ટ્રેન મેનેજર, કોચિંગ ડેપો સ્ટાફ અને ટ્રેકમેન જેવા મુખ્ય ફ્રન્ટલાઈન અને ઓપરેશનલ કેટેગરીના કર્મચારીઓની બનેલી આ ટીમે સત્તાવાર ગણવેશમાં ભાગ લીધો હતો અને સામાન્ય જનતાને મજબૂત સામાજિક અને સલામતી સંદેશા પહોંચાડ્યા હતા. ટીમે સર્જનાત્મક બ્રાન્ડિંગ અને જનસંપર્ક સામગ્રી દ્વારા શક્તિશાળી જાગૃતિ સંદેશાઓ પ્રદર્શિત કર્યા હતા, જેમાં "રેલ સલામતી માટે દોડો," "ટ્રેક્સનો

અનુસંધાન પાના ૭ પર

# પતિ અને દિકરા માટે માસિક એક હજાર ભરણપોષણ મંજૂર કરતી કોર્ટ

## એડવોકેટ મોના પંડ્યાની દલીલો માન્ય રાખતી અદાલત

સુરત, તા.૧૯

નામદાર આઠમાં એડિશનલ એન્ડ જયુ. મેજિસ્ટ્રેટ જજ સાહેબ શ્રી પ્રિયંકા કાલા સર ની કોર્ટ માં પત્નીએ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ મુજબ પતિ અને સાસરી પક્ષના પર કેસ કરેલ. આ કેસમાં પત્નીએ પતિ પર વચગાળાના ભરણપોષણ પેટે રૂ. ૩૫૦૦૦ પોતાના માટે એન્ડ દિકરા માટે માસિક આપવા બાબતે દાદ માંગેલ એન્ડ સાથે જ પતિ ન સ્ટેટ્સ મુજબ રહેઠાણ અંગે ના ઘર બાબતે પણ દાદ માંગેલ. જે કેસમાં પતિ તરફે હાજર રહીને એડવોકેટ મોના પંડ્યા એ ધારદાર દલીલો કરતા નામદાર કોર્ટે ફક્ત રૂ. ૧૦૦૦ માસિક ચૂકવી આપવા બાબતે પતિને હુકમ કરેલ. આ કેસમાં નોંધાયેલ કે પત્ની પણ પોતાનું સેવિંગ્સ,આવક એન્ડ બચત જાણીબૂઝીને બતાવેલ નથી .પત્ની કમાતી હોય તો બચત કરતી હોય શકે પણ અહીં બતાવેલ હોય નહી જેથી માંગ્યા મુજબ ભરણપોષણ મળી શકે નહી.આમ વધુ ભરણપોષણ ની રકમ બાબતે નામદાર કોર્ટે નોંધેલ કે પત્ની માંગે તે મુજબ ભરણ પોષણ ન મળી શકે. પત્ની કમાતી આવેલ છે એન્ડ પતિ પોતાની પત્ની અને દિકરા માટે ની જવાબદારી નિભાવતા આવેલ છે. એટલે હાલના કેસ માં રૂ. ૧૦૦૦ માસિક વચગાળાનો ભરણપોષણ નો હુકમ કરવો ન્યાયોચિત છે એન્ડ અરજી ખર્ચ ન અલગથી ૫૦૦ રૂ. ચૂકવી આપવા હુકમ કરેલ.

# રેલ સુરક્ષા મુદ્દે મંત્રી અશ્વિની વૈષ્ણવનો 'કવચ' પ્રસ્તાવ રજૂ

## પ્રસ્તાવીત યોજનાનો ખર્ચ ૪૮૩.૬૫ કરોડ થવાનો અંદાજ



સુરત, તા.૧૯

રેલ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તથા અદ્યતન તકનીકોને અપનાવવાની દિશામાં, માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના નેતૃત્વમાં, ભારતીય રેલની અંબ્રેલા વર્ક ૨૦૨૪-૨૫ હેઠળ પશ્ચિમ રેલવે પર KAVACH ટ્રેન ટક્કર રોધી પ્રણાલીના અમલીકરણ માટે બે મહત્વપૂર્ણ મદવાર (itemised) કાર્યોને પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. વિચારધીન આ પ્રસ્તાવની કુલ અંદાજિત ખર્ચ ?૪૮૩.૬૫ કરોડ છે, જેમાં નીચે મુજબના કાર્યોનો સમાવેશ થાય છે. ઉધ્ના—જલગાંવ ખંડ (૩૦૭ રૂટ કિલોમીટર) પર KAVACHની વ્યવસ્થા આ મહત્વપૂર્ણ ખંડ પર KAVACH પ્રણાલીની સ્થાપના હેતુ ૧૦૯.૮૩ કરોડની ખર્ચની પ્રસ્તાવિત કરવામાં આવી છે, જેનાથી પરિચાલન સુરક્ષામાં નોંધપાત્ર વધારો થશે. પશ્ચિમ રેલવેના ૪૩૬ એન્જિનોમાં સુધારણા, અપગ્રેડ અને પ્રોગ્રામિંગ કાર્ય KAVACH પ્રણાલીના સુગમ અને અસરકારક સંચાલનને ખાતરી કરવા માટે પશ્ચિમ રેલવેના ૪૩૬ અમુક્ત એન્જિનોમાં જરૂરી સુધારા, અપગ્રેડ અને પ્રોગ્રામિંગ માટે ૩૭૩.૮૨ કરોડનો પ્રાવધાન પ્રસ્તાવિત છે આ બંને કાર્યો ભારતીય રેલની વ્યાપક અંબ્રેલા પ્રોજેક્ટ "ભારતીય રેલના બાકીના માર્ગો પર લાંબા ગાળાના વિકાસ (LTE) સંચાર બેકબોન સાથે KAVACHની વ્યવસ્થા (અંબ્રેલા કાર્ય ૨૦૨૪—૨૫)"નો ભાગ છે, જેને કાર્ય, મશીનરી અને રોલિંગ સ્ટોક કાર્યક્રમ ૨૦૨૪—૨૫ હેઠળ ૨૭,૬૯૩ કરોડ (PH-33)ની કિંમતે મંજૂરી આપવામાં આવી છે. આ અંબ્રેલા પ્રોજેક્ટ હેઠળ પશ્ચિમ રેલવે માટે ૨,૮૦૦ કરોડની ઉપ-અંબ્રેલા રકમ મંજૂર કરવામાં આવી છે. પ્રસ્તાવિત પેહલા ભારતીય રેલના રેલ સુરક્ષા માળખાને મજબૂત બનાવવા અને આધુનિક સુરક્ષા પ્રણાલીઓના ઝડપી અમલીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે માનનીય રેલ મંત્રી શ્રી આશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન અને દૃષ્ટિકોણ ના અનુરૂપ છે.

# મોરા ભાગળ ગુરુકૃપા વિદ્યાલયમાં સનાતન સન્માન સમારંભ યોજાયો

## યશવંત વ્યાસ રચિત પુસ્તક 'હિન્દુ હૈ તો દુનિયા હૈ'નું લોકાર્પણ

સુરત, તા.૧૯

ગુરુકૃપા વિદ્યાલય, મોરાભાગલ, રાંદેર, સુરત ખાતે રવિવાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ભવ્ય પુસ્તક વિમોચન તથા સનાતન સન્માન સમારોહ સફળતાપૂર્વક યોજાયો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પરમ પૂજ્ય સ્વામી શ્રી અમ્બશ્રીષણન્દજી મહારાજ, આંતરરાષ્ટ્રીય સંયુક્ત મહામંત્રી, ભારત સેવાધર્મ સંઘ ઉપસ્થિત રહ્યા. વિશિષ્ટ અતિથિ તરીકે શ્રી પુનીત નાયર, આઈએફએસ, કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, સુરત સર્કલ ઉપસ્થિત રહ્યા. સાથે જ સ્વામી શ્રી જ્યોતિજી મહારાજ તથા પરમ પૂજ્ય સંત શ્રી બટુકગિરિજી ગિરનારી મહારાજની દિવ્ય ઉપસ્થિતિએ કાર્યક્રમને આધ્યાત્મિક ગૌરવ આપ્યું. કાર્યક્રમનો પ્રારંભ શંખનાદ, દીપ પ્રગટ્યા અને માતૃભૂમિ વંદના સાથે થયો. ત્યારબાદ ભગવદ્ ગીતા શ્લોકોના પઠન સાથે પુસ્તક વિમોચન સંપન્ન થયું.પ્રસિદ્ધ શિક્ષણવિદ અને વિચાર પ્રેરક શ્રી યશવંત વ્યાસ દ્વારા રચિત પુસ્તક "હિન્દુ હૈ તો દુનિયા હૈ"નું અંગ્રેજી અને હિન્દી સંસ્કરણ માનનીય અતિથિઓ તથા સનાતન સન્માનિત વિભૂતિઓના કરકમળે વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે આયોજિત સનાતન સન્માન સમારોહ અંતર્ગત સનાતન

અનુસંધાન પાના ૭ પર

## સાવરકુંડલામાં પરંપરા અને સ્પોર્ટ્સનો અનોખો સંગમ

# ધોતી-ઝભ્ભા સજીને કર્મકાંડી બ્રાહ્મણો ક્રિકેટના મેદાનમાં ઉતર્યા

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલ આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડ ખાતે તાજેતરમાં એક અત્યંત પ્રેરણાદાયી અને યાદગાર 'ક્રિકેટ ટુર્નામેન્ટ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કર્મકાંડી બ્રહ્મસમાજ દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં ભારતીય સંસ્કૃતિ અને આધુનિક રમતગમતનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો.

આ ટુર્નામેન્ટની મુખ્ય વિશેષતા એ હતી કે તમામ ખેલાડી બ્રાહ્મણોએ આધુનિક સ્પોર્ટ્સ કીટને બદલે પોતાના પરંપરાગત શ્વેત વસ્ત્રો- ધોતી અને ઝભ્ભા-પહેરીને મેદાનમાં ઉતરી ક્રિકેટ રમી હતી. મંત્રોચ્ચાર કરનારા બ્રાહ્મણો જ્યારે બેટ અને બોલ સાથે ચોગ્ગા-છગ્ગા



શ્રી કર્મકાંડી બ્રહ્મસમાજ દ્વારા આયોજિત 'ક્રિકેટ ટુર્નામેન્ટ'માં મંત્રોચ્ચાર સાથે જામી બેટ-બોલની રમઝટ

ફટકારતા જોવા મળ્યા ત્યારે વાતાવરણ નવી ઊર્જા અને આકર્ષણથી ભરાઈ ગયું હતું. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ સમાજમાં એકતા વધારવી અને વ્યસ્ત દિનચર્યા વચ્ચે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ કાર્યક્રમમાં સાધુ-સંતો અને રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. જેમાંઃ

કરશન દાસ બાપુ અને ઘનશ્યામ બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા, શહેર પ્રમુખ અનિરુદ્ધ સિંહ, પ્રતીકભાઈ નાકરાણી, અજયભાઈ ખુમાણ અને ચંપૂભાઈ ધાધલે ઉપસ્થિત રહી પોતાનું યોગદાન આપ્યું હતું.

તેમજ બ્રહ્મ સમાજના આગેવાન શ્રીઓ મેહુલભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ત્રિવેદી, પ્રો. રવિયા સાહેબ, પ્રો. જાની સાહેબ, અશોકભાઈ દવે, રતિભાઈ જોશી, હર્ષદ દાદા સતિષભાઈ પાંડે અને અમિત પંડ્યા સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી

અનુસંધાન પાના ૭ પર



# સુરત પીપા ક્ષત્રિય સમાજ મિત્ર મંડળની સામાન્ય સભા મળી

સુરત, તા.૧૯

સુરતના પીપા ક્ષત્રિય સમાજ મિત્ર મંડળની સામાન્ય સભા રવિવારે સાંજે ૪ વાગ્યે મહારાજા એસી હોટેલ, ભટ્ટર ચાર રસ્તા ખાતે યોજાઈ હતી. આ સભામાં ગુરુદેવ સંત શ્રી પીપાજી મહારાજ અને એપ્રિલમાં હનુમાન જન્મજયંતિની ઉજવણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. નવા સભ્યો રામનિવાસ ચૌહાણ, કન્હૈયાલાલ સોલંકી, જીતુ સોલંકી, હેમરાજ રાખેચા, દિનેશ પંવાર અને વિક્રમ કછવાનું તાળીઓના ગડગડાટથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સભામાં આશ્રયદાતા ઓમ પ્રકાશ ગોયલ અને પ્રમુખ ઓમ પ્રકાશ બડગુજરે સંબોધન કરતાં સામાજિક એકતા, શિક્ષણ અને સામાજિક ઉત્થાનને પ્રોત્સાહન આપવા માટે તમામ પ્રયાસો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સરદાર શહેર સૈની સમુદાયના નેતા સંવર માલ સૈની અને કોલાયતથી આવેલા મદન જી દૈયાએ પણ આજના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને સમુદાયને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આશ્રયદાતા ઓમ પ્રકાશ ગોયલ, પ્રમુખ ઓમ પ્રકાશ બડગુજર, ઉપપ્રમુખ શ્રી પાલ ચૌહાણ, ખજાનચી શ્યામ ચૌહાણ, સચિવ બનવારી દૈયા, રામ પ્રકાશ ચૌહાણ, જગદીશ રાખેચા, સચિન ચૌહાણ, કે.બી. સોલંકી, અને ગણેશ બડગુજર, અંકિત બડગુજર, સ્વરૂપ ચૌહાણ, પ્રેમ રતન કછવા, શિવ ગોયલ અને અન્ય સમુદાયના સભ્યો હાજર રહ્યા હતા. સમિતિએ બેઠક પછી નાસ્તાની પણ વ્યવસ્થા કરી હતી. ખજાનચી શ્યામ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો.

# MSMEના ઉત્થાન માટે FICCI અને SGCCI દ્વારા 'એમ્પાવર MSME સમિટ ૨૦૨૬' યોજાઈ

## સુરત બાદ હવે દેશના અગ્રણી શહેરોમાં યોજાશે 'એમ્પાવર સ્જીસ્ઈ સમિટ

સુરત, તા.૧૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે સોમવાર, તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ચેમ્બર ઓફ કોમર્સ અને FICCI એચઆર અને ફિક્કી CMSME દ્વારા 'એમ્પાવર MSME ૨૦૨૬' સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટનો મુખ્ય વિષય "પડકારોથી તકો તરફ - MSME માટે આગળનો રોડમેપ (વેસ્ટ ચેપ્ટર)" હતો. સુરતમાં વેસ્ટ ચેપ્ટરથી શરૂઆત બાદ હવે દરેક પ્રદેશના શહેરોમાં આ પ્રકારની સમિટ યોજાશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે ચેમ્બર દ્વારા જ્ઞાન સંવર્ધન માટે વર્ષે ૩૦૦થી વધુ કાર્યક્રમો થઈ રહ્યા છે. તેમણે ચેમ્બરના આંતરરાષ્ટ્રીય જોડાણોનો ઉલ્લેખ કરતા ઝિમ્બાબ્વે અને બોત્સવાનાના ટોચના નેતાઓની સુરત મુલાકાત અને સહયોગને ટાંક્યો હતો. લુથરા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ધ્રુવ લુથરાએ કહ્યું કે ભારતના એમએસએમઈને જોવા હોય તો ગુજરાતના એમએસએમઈ જ એનો પ્રિવ્યુ આપે છે. તેને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ કહેવાય છે પણ ધિરાણ માટે સંઘર્ષમય જોવા મળે છે. ૫ વર્ષમાં નિકાસ કરતા એમએસએમઈની સંખ્યા ત્રણ ગણી થઈ ગઈ છે. જ્યાં ઉદ્યોગ છે, ત્યાં ઉજાસ છે.

કાર્યક્રમનું ખાસ આકર્ષણ 'રેઝોન સોલર'ના ફાઉન્ડર શ્રી ચિરાગ નકરાણી સાથેની ફાઈરસાઈડ ચેટ હતી, જેમાં તેમણે તેમની સ્ટાર્ટઅપ સફળતાની ગાથા રજૂ કરી હતી. તેમની સાથે એક્સિસ બેંકના મિડ કોર્પોરેટ

અનુસંધાન પાના ૭ પર






ધી કઠોર બાર એસોસિએશનના પ્રમુખ અને બીસીજીના ઉમેદવાર હરેશ નાકરાણી દ્વારા કાનૂની જાગૃતિના ઉમદા હેતુ સાથે રવિવારના રોજ એક વિશેષ લીગલ સેમિનાર અને સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ કાયદામંત્રી અને સિનિયર એડવોકેટ રાજેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહી વકીલોને 'ક્રિમિનલ ટ્રાયલ'ની ગૂંચવણો અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રંસગે સુરત જિલ્લા વકીલ મંડળના નવ નિયુક્ત હોદ્દેદારો અને સરકારી વકીલોનું સન્માન કરવામાં આવ્યું હતું

# ગુરુકૃપા વિદ્યાલય ખાતે ભવ્ય પુસ્તક વિમોચન તથા સનાતન સન્માન સમારોહ યોજાયો

સુરત. ૧૮ જાન્યુઆરી ૨૦૨૬

ગુરુકૃપા વિદ્યાલય, મોરાભાગળ, રાંદેર, સુરત ખાતે રવિવાર, ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ભવ્ય પુસ્તક વિમોચન તથા સનાતન સન્માન સમારોહ સફળતાપૂર્વક યોજાયો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પરમ પૂજ્ય સ્વામી શ્રી અમ્બશ્રીષ્ણન્દજી મહારાજ, આંતરરાષ્ટ્રીય સંયુક્ત મહામંત્રી, ભારત સેવાધર્મ સંઘ ઉપસ્થિત રહ્યા. વિશિષ્ટ અતિથિ તરીકે શ્રી પુનીત નાયર, આઈએફએસ, કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, સુરત સર્કલ ઉપસ્થિત રહ્યા. સાથે જ સ્વામી શ્રી જ્યોતિજી મહારાજ તથા પરમ પૂજ્ય સંત શ્રી બટુકગિરિજી ગિરનારી મહારાજની દિવ્ય ઉપસ્થિતિએ કાર્યક્રમને આધ્યાત્મિક ગૌરવ આપ્યું.




કાર્યક્રમનો પ્રારંભ શંખનાદ, દીપ પ્રગટ્યા અને માતૃભૂમિ વંદના સાથે થયો. ત્યારબાદ ભગવદ્ ગીતા શ્લોકોના પઠન સાથે પુસ્તક વિમોચન સંપન્ન થયું.

પ્રસિદ્ધ શિક્ષણવિદ અને વિચાર પ્રેરક શ્રી યશવંત વ્યાસ દ્વારા રચિત પુસ્તક "હિન્દુ હૈ તો દુનિયા હૈ"નું અંગ્રેજી અને હિન્દી સંસ્કરણ માનનીય અતિથિઓ તથા સનાતન સન્માનિત વિભૂતિઓના કરકમળે વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે આયોજિત સનાતન સન્માન સમારોહ અંતર્ગત સનાતન શિરોમણિ, સનાતન રત્ન તથા સનાતન સંસ્કૃત-સંવર્ધન શ્રેણીઓમાં સમાજની વિશિષ્ટ વિભૂતિઓને સન્માનિત કરવામાં આવ્યા. સન્માન પ્રાપ્ત કરનારોએ પોતાના અનુભવો અને વિચારોથી ઉપસ્થિત જનસમૂહને પ્રેરણા આપી.

સ્વાગત પ્રવચન શ્રી હિતેન્દ્ર ચૂડાવાળા દ્વારા આપવામાં આવ્યું અને આભાર વિધાન શ્રી નટુભાઈ કરિયા દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ લેખક શ્રી યશવંત વ્યાસનું પ્રેરક સંબોધન તથા મુખ્ય અને વિશિષ્ટ અતિથિઓના માર્ગદર્શક પ્રવચનો થયા.

કાર્યક્રમમાં સનાતન સેવા સન્માન અંતર્ગત સમાજસેવકોને પણ ગૌરવપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન શ્રી સંદીપ દેસાઈ તથા શ્રીમતી પિંકીબેન સુરતી દ્વારા કરવામાં આવ્યું.તમામ ઉપસ્થિત મહેમાનોને પુસ્તક "હિન્દુ હૈ તો દુનિયા હૈ"ની નકલ ભેટ સ્વરૂપે આપવામાં આવી. કાર્યક્રમનો સમાપન પૂર્ણ વંદે માતરમ્ સાથે થયો અને પરમ પૂજ્ય સ્વામી શ્રી અમ્બશ્રીષ્ણન્દજી મહારાજના આશીર્વચનોથી સમારોહ ધન્ય બન્યો.



# LIBF એક્સ્પો ૨૦૨૬: મુંબઈમાં વૈશ્વિક બિઝનેસ, તક અને સહકારનું ખુલ્લું મંચ (૩૦ જાન્યુઆરી–૧ ફેબ્રુઆરી)

મુંબઈ: લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ (LIBF) દ્વારા આયોજિત LIBF એક્સ્પો ૨૦૨૬ આગામી ૩૦ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન જીઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, મુંબઈ ખાતે યોજાશે.

શ્રી લોહાણા મહાપરિષદના આશ્રય હેઠળ આયોજિત આ એક્સ્પો લોહાણા ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો, યુવાનો અને સ્ટાર્ટઅપ્સ માટે બિઝનેસ નેટર્વકિંગ, રોકાણ અને વૈશ્વિક સહકારનું મહત્વપૂર્ણ મંચ બનશે.

૧.૭ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં યોજાનાર આ એક્સ્પોમાં ૨૦૦થી વધુ સ્ટોલ્સ રહેશે, જેમાં વિવિધ ક્ષેત્રોના વ્યવસાયો પોતાની સેવાઓ અને ઉત્પાદનો રજૂ કરશે. આ એક્સ્પો દ્વારા ભારત, આફ્રિકા, યુકે, અમેરિકા સહિતના વૈશ્વિક બજારો સાથે વેપાર સહયોગ અને સંયુક્ત સાહસોને પ્રોત્સાહન આપવામાં આવશે.LIBFના ચેરમેન અને શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતીશ ડી. વિઠલાણીએ જણાવ્યું હતું કે LIBFની રચના યુવાનોને જોડવા અને લોહાણા ઉદ્યોગપતિઓને વૈશ્વિક સ્તરે જોડવાનું ઉદ્દેશ્ય રાખીને કરવામાં આવી છે. યુગાંડા (૨૦૨૩), ગાંધીનગર (૨૦૨૪) અને દુબઈ (૨૦૨૫) માં સફળ આયોજન બાદ, LIBF એક્સ્પો ૨૦૨૬ અત્યાર સુધીનો સૌથી મોટો કાર્યક્રમ બનવાની અપેક્ષા છે. ત્રણ દિવસીય કાર્યક્રમ દરમિયાન ૨૦ ક્ષેત્ર આધારિત કન્વેન્શન, એવોર્ડ નાઈટ્સ, યુથ નાઈટ, સ્ટાર્ટઅપ અને ઈન્વેસ્ટર ઈન્ટરએક્શન તેમજ મધ્યસ્થ મહાસમિતિની બેઠક પણ યોજાશે. LIBF એક નોન-પ્રોફિટ પહેલ છે અને આ એક્સ્પોથી પ્રાપ્ત થતો વધારાનો લાભ શિક્ષણ અને આરોગ્ય સેવાઓમાં, ભારતમાં તેમજ વિદેશમાં, સમાજહિત માટે વપરાશે. LIBF એક્સ્પો ૨૦૨૬ દ્વારા મુંબઈને વૈશ્વિક લોહાણા બિઝનેસ સહયોગના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો હેતુ રાખવામાં આવ્યો છે.

**શ્રી લોહાણા મહાપરિષદના આશ્રય હેઠળ આયોજિત આ એક્સ્પો લોહાણા ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો, યુવાનો અને સ્ટાર્ટઅપ્સ માટે બિઝનેસ નેટર્વકિંગ, રોકાણ અને વૈશ્વિક સહકારનું મહત્વપૂર્ણ મંચ બનશે.**

# સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલે સુરતમાં ૭૦થી વધુ લિવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા: ૧૦+ ટ્રાન્સપ્લાન્ટ માટે તૈયાર દર્દીઓ પર ફક્ત દવાથી ઉપચાર કર્યો

સુરત, ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૬: અત્યાધુનિક લિવર ટ્રાન્સપ્લાન્ટ સંભાળને પહોંચ સુધારવા અને લિવરના રોગના વધતા બોજ વિશે જાગૃતિ વધારવા માટે સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ, મુંબઈ દ્વારા સુરત અને આસપાસના પ્રદેશમાં દર્દીઓ માટે ૭૦થી વધુ લિવર ટ્રાન્સપ્લાન્ટ કરવાનું સીમાચિહન પ્રાપ્ત કર્યું છે. આ સાથે હોસ્પિટલ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ માટે તૈયાર હતા, પરંતુ ફક્ત દવાઓથી ઉપચાર કરાતા હતા એવા દર્દીઓના ૧૦+ તીવ્ર કિસ્સા બચાવી લેવાયા હતા. સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલના હેલ્થકેર ઈનિશિયેટિવ્ઝના ગ્રુપ સીઈઓ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. તરંગ જ્ઞાનચંદાનીની આગેવાનીમાં પ્રોગ્રામ હેપાટોલોજીના ડાયરેક્ટર ડો. આકાશ શુક્લા, લિવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જરીના ડાયરેક્ટર ડો. રવિ મોહંકા અને લિવર ટ્રાન્સપ્લાન્ટ તથા એચપીબી સર્જરીના કો-ડાયરેક્ટર ડો. ગૌરવ ગુપ્તા સહિત ઉચ્ચ અનુભવી અને નામાંકિત ડોક્ટરોની ટીમ દ્વારા પાર પાડવામાં આવ્યો હતો અને તેમાં સુરતના રહેવાસીઓ માટે વિશ્વ કક્ષાના લિવર ટ્રાન્સપ્લાન્ટ અને હેપાટોલોજી સંભાળ અપાઈ હતી.સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલે શહેરમાં લિવર ટ્રાન્સપ્લાન્ટનું વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર લાવવા કિરણ હોસ્પિટલ, એસઆઈડીએસ (સુરત ઈન્સ્ટિટયૂટ ઓફ ડાઈજેસ્ટિવ સાયન્સીસ) હોસ્પિટલ અને મહાવીર હોસ્પિટલ સહિત સુરત સ્થિત હેલ્થકેર એકમો સાથે હાથ મેળવ્યા હતા, જે સાથે સર્જરી અને ઉપચાર પશ્ચાત સંભાળ માટે દૂર શહેરમાંથી પ્રવાસ કરવાની દર્દીઓ અને પરિવારોની ચિંતા દૂર કરી હતી. ઉપરાંત હોસ્પિટલ દ્વારા સુરતમાં તબીબી રીતે ગૂંચભર્યા કેસના દર્દીઓ પર ૩ લિવર ટ્રાન્સપ્લાન્ટ પાર પાડ્યા હતા, જેમને ઉપચાર અને સંભાળ માટે મુંબઈમાં કેન્દ્રમાં લાવવામાં આવ્યા




હતા.આ પહેલ વિવિધ વયજૂથોમાં લિવરના રોગોને કારણે ભોગવવામાં આવતા વધતા પડકારોને પહોંચી વળવા અને મુંબઈની બહાર આધુનિક સંભાળ વિસ્તારવા માટે જીવનદાયી ટ્રાન્સપ્લાન્ટ સેવાઓની વિસ્તરતી પહોંચ પર એકધારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું છે તે દર્શાવે છે.પત્રકાર પરિષદમાં બોલતાં ડોક્ટરોએ જણવાયું કે મોટા ભાગના લિવર ટ્રાન્સપ્લાન્ટ મૃતક દાતાઓનો ઉપયોગ કરીને પાર પડાય છે, જે જીવિત દાતાના લિવર ટ્રાન્સપ્લાન્ટેશનની સફળતામાં પરિવારના ટેકાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અધોરેખિત કરે છે. તેમણે ઉમેર્યું કે તીવ્ર લિવરની સ્થિતિઓ પુખ્તો અને બાળકોમાં પણ વધતી જોવા મળી રહી છે, જે બદલાતી જીવનશૈલીઓ અને વંશગત પરિબળોથી પ્રેરિત છે.

હોસ્પિટલના વિશાળ ધ્યેય પર બોલતાં સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલના હેલ્થકેર ઈનિશિયેટિવ્ઝના ગ્રુપ સીઈઓ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. તરંગ જ્ઞાનચંદાનીએ જણાવ્યું હતું કે, "ભારતમાં અગ્રગણ્ય હેલ્થકેર સંસ્થા તરીકે અમે દેશભરમાં ચિકિત્સકીય ઉત્કૃષ્ટતા અને સક્ષમ સમુદાય જાગૃતિ થકી લિવર સંભાળ મજબૂત બનાવવા કટિબદ્ધ રહ્યા છીએ અને સુરતમાં આ સીમાચિહનરૂપ સિદ્ધિ અમારી કૃતિઓનો મજબૂત દાખલો છે.

હું શહેરમાં ગુણવત્તાયુક્ત હેલ્થકેર અભિમુખ બનાવવા અમારી સાથે હાથ મેળવવા માટે કિરણ હોસ્પિટલ, એસઆઈડીએસ હોસ્પિટલ અને મહાવીર હોસ્પિટલ સહિત અમારાં સુરત સ્થિત પાર્ટનર હેલ્થકેર એકમોને અભિનંદન આપું છું અને ઘણા બધા લોકોનું જીવન બચાવી લેવા માટે આ માઈલસ્ટોન હાંસલ કરવામાં મોટે પાયે સંકળાયેલા ડોક્ટરો અને તબીબી સ્ટાફ સહિત મેડિકલ ટીમને અભિનંદન આપું છું. આ સાથે લોકોને પૂર્વસક્રિય પગલાં લેવાં, આરોગ્યવર્ધક જીવન જીવવા અને સૌથી મહત્ત્વપૂર્ણ રીતે જીવન બચાવવા અવયવો દાન કરવા આગળ આવવા માટે પ્રોત્સાહન આપવાનો અમારો ધ્યેય છે."

મિડિયાને સંબોધન કરતાં સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલના હેપાટોલોજીના ડાયરેક્ટર ડો. આકાશ શુક્લાએ જણાવ્યું હતું કે, "અમારું લક્ષ્ય ઉચ્ચ ગુણવત્તાની હેલ્થકેર મેટ્રોની પાર પહોંચક્ષમ બનાવવાનું છે. સુરતના દર્દીઓને દાતાની સ્વસ્થતા અને વિશ્વ કક્ષાના એકમોને પહોંચ આપવાની ખાતરી રાખવા માટે અમને સંદર્ભિત કરાયા હતા. તેમને સારી રીતે સાજા થતા અને ઉપચાર સામે હકારાત્મક પ્રતિસાદ આપતાં જોઈને બેહદ સંતોષ થયો અને અમે સુરતના નાગરિકોને ગુણવત્તાયુક્ત હેલ્થકેરની પહોંચ મળવાની ખાતરી રહે તે માટે તેમના શ્રેષ્ઠ હિતમાં આ સેવાઓ ચાલુ રાખવા માટે ઉત્સુક છીએ. સ્થાનિક ડોક્ટરો અને અવયવદાનના ક્ષેત્રમાં કામ કરતી એનજીઓના સહકાર, સહભાગ અને જોશ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ હતા."

લિવરના રોગની વધતી ઘટના પર બોલતાં સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલના લિવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જરીના ડાયરેક્ટર ડો. રવિ મોહંકાએ જણાવ્યું હતું કે, "અમને એવું જોવા મળ્યું છે કે લિવરના રોગો અગાઉ કરતાં હવે વધુ નાની ઉંમરે લાગુ થાય છે. ઉપરાંત શહેર તરીકે સુરત અવયવદાનની વાત આવે ત્યારે પ્રથમ ક્રમે આવે છે.



# શ્રી પંચમીઃ જ્ઞાન અને નાન્દનિકતાનો સંગમ

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- શ્રી પંચમીના અવસરે આયોજિત સરસ્વતી પૂજા બંગાળી સમાજ માટે શિક્ષણ, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો એક અનન્ય ઉત્સવ છે. વિદ્યાની દેવી સરસ્વતીની આરાધનામાં શૈક્ષણિક સંસ્થાઓ અને ઘરો ભક્તિભાવથી ગુંજાયમાન બની ઊઠે છે. આ સરસ્વતી શૂટમાં ભક્તિનો ભાવ, રંગબેરંગી આચાર-વિધિઓ અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ સુંદર રીતે કૅમેરામાં કેદ થયો છે. પરંપરા અને આધુનિકતાના સંગમમાં શ્રી પંચમી આપણને જ્ઞાન અને સર્જનના મહત્ત્વની યાદ અપાવે છે।

ડિવા'સ મેકઓવરનાં કર્ણધાર પ્રીતિ રાય દાસના માર્ગદર્શન હેઠળ આવા એક અસાધારણ શૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડેલ્સમાં જુહી દાસ, મૌસુમિ ભાદુરી, સ્વરસ્વતી મંડલ, મૌસુમિ ચેટર્જી, સંયુક્તા, હરિચાંદ હીરા, રિંકી હીરા, ડૉક્ટર પ્રીતિ દાસ, શ્રેયા સાપુઈ અને અનન્યા રાય હાજર રહ્યા હતા।

મેકઅપ આર્ટિસ્ટ્સમાં અમૃતા રાય, વિશાલજિત સમાદાર, રિજુ મંડલ, સોમા દાસ, તનુશ્રી મંડલ અને સોનામ શાઓ હાજર રહ્યા હતા। કાર્યક્રમમાં ફોટોગ્રાફર તરીકે શુભમ દાસ રહ્યા હતા અને વસ્ત્રોની વ્યવસ્થા પ્રખ્યાત ડિઝાઈનર દીપા બર્મન દ્વારા કરવામાં આવી હતી।

સાંકળે જોવામાં આવે તો, શ્રી પંચમીના અવસરે આયોજિત આ સરસ્વતી શૂટ ભક્તિ, નાન્દનિકતા અને સર્જનાત્મકતાનો એક સુંદર સંગમ હતો। મોડેલ્સ અને મેકઅપ આર્ટિસ્ટ્સના સંયુક્ત પ્રયત્નોથી કાર્યક્રમને એક અનન્ય સ્વરૂપ મળ્યું। પરંપરાગત આચારવિધિઓ અને આધુનિક રજૂઆત દ્વારા આ આયોજન માત્ર એક શૂટ જ નહીં, પરંતુ જ્ઞાન, કલા અને સંસ્કૃતિ પ્રત્યેના આદરની એક જીવંત અભિવ્યક્તિ બની ઊભરી આવ્યું।

# પોપટ જ્યોતિષ : કયામત તારીખ ૩૧.૧૨.૩૧ સમય ૨૩.૫૯!

પોપટ જ્યોતિષ અથવા પેરાકીટ ભવિષ્યકથન એ જ્યોતિષશાસ્ત્રનું એક સ્વરૂપ છે જે પરંપરાગત રીતે ભારતીય રાજ્યો તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં અને ભારતીય સિંગાપોરના લોકોમાં પ્રચલિત છે. તે મુખ્યત્વે ગુલાબી રંગના અને એલેક્ઝાન્ડ્રિન પેરાકીટનો ઉપયોગ કરે છે, જેમને ટેરોટ કાર્ડની જેમ નસીબ શોધવા માટે તાલીમ આપવામાં આવે છે!ખેર,પોપટ ભવિષ્ય કહેનાર/પ્રબોધક સામાન્ય રીતે ઝાડ પરથી અથવા રસ્તાની બાજુમાં, જ્યાં લોકો ભેગા થાય છે, ત્યાંથી લોકોને બોલાવે છે. પાંજરું એક બાજુ મૂકવામાં આવે છે, અને ભવિષ્ય કહેનારા કાર્ડ તેમની સામે ફેલાયેલા હોય છે અથવા ગોઠવાયેલા હોય છે. આ કાર્ડ ટેરોટ કાર્ડ જેવા જ હોય ??છે, પરંતુ તેમાં ફક્ત ૨૭ કાર્ડ હોય છે, જે ભારતીય બ્રહ્માંડ પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક કાર્ડમાં ધાર્મિક વ્યક્તિત્વ, જેમ કે હિન્દુ દેવતા, બુદ્ધ, અથવા વર્જિન મેરી, બાળક ઈસુ સાથેની છબી હોય છે!અલબત, જ્યારે ગ્રાહક જ્યોતિષીની સામે બેસે છે, ત્યારે જ્યોતિષી પાંજરું ખોલે છે અને પોપટને મુક્ત કરે છે!પોપટને તેની ચાંચ વડે કાર્ડના ઢગલા અથવા ઢગલામાંથી એક પાંદડું ચૂંટીને જ્યોતિષીને આપવાની તાલીમ આપવામાં આવે છે. પછી જ્યોતિષી કાર્ડ ખોલે છે અને કાર્ડ પરની છબીના આધારે ગ્રાહકનું ભવિષ્ય કહે છે! બલ્કે, તમિલનાડુમાં, પોપટ ભવિષ્યકથનની પ્રથા આશ્રયના અભાવે ઘટી રહી છે! સિંગાપોરમાં, સેરાંગૂન રોડ પર લિટલ ઈન્ડિયામાં એમ. મુનિઅપ્પનની ભવિષ્યકથનની દુકાનમાં તે પ્રવાસીઓનુંઆકર્ષણ છે!તેનુંએક સ્વરૂપ પાકિસ્તાનમાં પણ પ્રચલિત છે!અંતે,પોપટ મીઠ્ઠુ.!પોપટ કહે રાજા રામ...! પોપટ બોલે દુનિયાની કયામત તારીખ ૩૧.૧૨.૩૧ સમય ૨૩.૫૯ એટલે રાત્રે ૧૧.૫૯!(છેલ્લી તારીખ આખર મહિનો અને છેવટની સાલ અને આખરી સમય) ઉપર થશે! હાહાહા! સંત સુરા (૯૪૨૭૮ ૩૧૨૧૩)

સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)



**પાંજરું એક બાજુ મૂકવામાં આવે છે, અને ભવિષ્ય કહેનારા કાર્ડ તેમની સામે ફેલાયેલા હોય છે અથવા ગોઠવાયેલા હોય છે. આ કાર્ડ ટેરોટ કાર્ડ જેવા જ હોય ??છે, પરંતુ તેમાં ફક્ત ૨૭ કાર્ડ હોય છે, જે ભારતીય બ્રહ્માંડ પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરે છે.**

## તંત્રી લેખ...-

**સોમવાર, તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૬**

# લોકતંત્રની સફળતાના મૂળમાં જનતા પ્રત્યેની પ્રતિબદ્ધતા

લોકતંત્ર એક એવા પ્રકારની શાસન વ્યવસ્થા છે, જેમાં સૌને સમાન અધિકાર પ્રદાન કરવામાં આવે છે. બાબા આંબેડકરે લોકતંત્રને ભારતની ઐતિહાસિક, રાજકીય અને સામાજિક વિશિષ્ટતા તરીકે પરિભાષિત કર્યું છે. વાસ્તવમાં ભારત અને આપણી મહાન સંસ્કૃતિ પ્રત્યે વિશ્વ પરાપૂર્વથી સન્માનની નજરે અભિભૂત થઇને જોઈ રહ્યું છે એનું મૂળ કારણ છે જનતંત્રની પરિપક્વતા રાષ્ટ્ર પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણીની પૂર્વ તૈયારીમાં લાગેલું છે, એ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રકુળ (કોમનવેલ્થ)ના ઉચ્ચાધિકારીઓના ૨૮મા સંમેલનનું ઉદ્ઘાટન કરતાં લોકશાહીની સફળતાનાં સૂત્ર આપ્યાં. વડાપ્રધાને કહ્યું કે, ભારતમાં લોકતંત્રની સફળતાનું કારણ એ છે કે, શાસનના કેન્દ્રમાં જનતા જનાર્દન છે. રાજનીતિશાત્રમાં લોકતંત્રનો મતલબ જ આ છે. દુનિયાના સૌથી જૂના લોકશાહી દેશ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકને કહ્યું છે, લોકશાહી એટલે જનતા દ્વારા, જનતા માટે અને જનતાનું શાસન. વડાપ્રધાન મોદીનું કહેવું એ જ છે કે, સરકાર જે કંઈ કામકાજ કરે છે એનો મૂળ લાભાર્થી વર્ગ જનતા જ છે. ભારત જેવા બહુભાષી, બહુવિધ રાષ્ટ્રમાં લોકશાહીની સફળતા મોટી વાત છે. આજે નાના-મોટા મતભેદો અને ભ્રષ્ટાચાર - બેરોજગારી જેવા કારણોસર દુનિયાના અનેક દેશોમાં જનવિદ્રોહ ભડકી ઊઠયો છે. લોહીની નદી વહે અને પળભરમાં સરકાર ઊથલી જાય છે, એની તુલનાએ ભારત અવિચળતાથી દુનિયા માટે લોકશાહીનું મોડેલ રાષ્ટ્ર બની રહ્યું છે. અમેરિકા ભલે સૌથી જૂનો લોકશાહી દેશ હોય પણ ગઈ ચૂંટણીમાં ડોનાલ ટ્રમ્પ જો બાયડન સામે હારી ગયા પછી તેમના સમર્થકો પરાજય પચાવી શકયા નહોતા. ચૂટણીનું પરિણામ ઊથલાવવા અરાજકતાભર્યા દેખાવો કર્યા હતા. ભારતમાં આવો વિચાર સુદ્ધાં થઇ શકે નહીં. લોકશાહીનો ઝંડો ઊંચાઇએ લહેરાઈ રહ્યો છે એનું શ્રેય આપણી જનતાને જાય છે. ભારતની પબ્લિકે અંગ્રેજોની ચુંગાલમાંથી દેશને આઝાદ કરાવ્યો, તે ઉપરાંત પોતાના અનુભવો અને ધૈર્ય સાથે લોકશાહી પર થયેલા બધા હુમલા વિફળ બનાવ્યા છે. ભારતમાં શાસન જનતાની આકાંક્ષા મુજબ જ ચાલે છે. સરકારની બધી યોજના લોકોની આકાંક્ષાઓની પૂર્તિ માટે જ હોય એ સ્વાભાવિક છે. વડાપ્રધાન બોલી રહ્યા હતા એ સંમેલનમાં કેટલાક એવા દેશના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત હતા, જ્યાં ભારતની તુલનાએ લોકોને લોકતંત્રનો સારો અનુભવ નથી થયો. મોદીએ કહ્યું કે, જે દેશમાં યોજનાઓનો લાભ જનતાને સંતોષજનક રીતે મળે છે એ દેશમાં લોકશાહી સામે કદી પડકાર ઊભો નથી થઈ શકતો વડાપ્રધાને સફળતાનું શ્રેય જનતાની દાયકાઓની તપસ્યા અને બંધારણ દ્વારા નીતિનિર્દેશનને આપ્યું અને વાત સાચી છે, આપણું બંધારણ મજબૂત છે એને લીધે જ ચૂંટાયેલી સરકારોને લોકોની અપેક્ષાઓ, જનહિતને ધ્યાનમાં રાખીને કામ કરવાની ફરજ પડે છે. નજીકના ભૂતકાળમાં દુનિયાના અનેક દેશોમાં જનવિદ્રોહ જોવા મળ્યા છે, એના મૂળમા કયાંય ને કયાંય જનતાનો અનાદર રહેલો છે. વડાપ્રધાનનું કહેવું સુસ્પષ્ટ છે કે, લોકતંત્રને જનતા જ મજબૂત બનાવી શકે છે. પોતાને જનતાથી ઉપર માનનારી સરકાર ટકી શકે નહીં.

## મુંબઈગરો જ કિંગ અને કિંગમેકર

મુંબઈ કોણાચી ? નો જવાબ મતદારોએ આપી દીધો છે. મુંબઈના માલિક મુંબઈકર છે ! ચૂંટણીનાં પરિણામ સ્પષ્ટ છે. ભાજપ અને શિંદેસેના તથા ઉદ્ધવ ઠાકરે સેનાને યોગ્યતા મુજબ સમર્થન મળ્યું છે. જનાદેશ 'સમતોલ' છે. નેતાઓને એમની મર્યાદા મતદારોએ સમજાવી દીધી છે. જે કટુતા અને દુશ્મનીભર્યો પ્રચાર થયો, પણ મતદારોએ જવાબદારી જાળવી છે. હવે મુંબઈની સમસ્યાઓનાં નિરાકરણ અને વિકાસ માટે રાજકીય મતભેદ ભૂલી, ભૂલાવીને હકારાત્મક - સહકારની ભાવના જગાવાય એવો સંદેશ અને આદેશ મુંબઈના મતદારોએ આપ્યો છે અને નાગરિકોની આ અપેક્ષા છે. તમામ પક્ષો પરિણામને ખેલદિલીથી - લોકશાહીની ભાવનાથી સ્વીકારે એવી આશા રાખીએ. અખંડ સંયુક્ત શિવસેનાએ લગભગ ૩૦ વર્ષ સુધી મુંબઈ ઉપર રાજ કર્યા પછી હવે ગઢ ગુમાવ્યો છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ હાથ મિલાવ્યા છતાં એકનાથ શિંદેએ મરાઠી માણુસની વોટબેંકમાં ભાગ પડાવ્યો છે, તેથી ભાજપ સાથેની મહાયુતિને સત્તા મળી રહી છે. મહાયુતિના ત્રીજા ઘટક-ભાગીદાર અજિત પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના ભાવિ અંગે શંકા અને પ્રશ્ન યથાવત્ રહે છે. ભાજપે વિકાસ સાથે હિન્દુત્વનો મુદ્દો પકડી રાખ્યો, તેથી વધુ બેઠકો મેળવી છે. ૨૦૧૭માં એકલા હાથે ૨૨૭માંથી ૮૨ બેઠક હતી, જ્યારે આ વખતે ઓછી બેઠકો સ્વીકારીને (૧૩૫) ૨૦૧૭ કરતાં વધુ બેઠક મેળવી છે. તેથી મરાઠી માણુસ - હિન્દુ મેયર બની શકે છે, પણ રાષ્ટ્રવાદમાં ભાષાવાદ કરતાં હિન્દુત્વ આગળ હોય છે. ઉદ્ધવસેના બીજા નંબરે છે : પણ 'ગઢગેલા'નો વસવસો તો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ઘોષણાપત્રોમાં ઘણાં વચનોની લહાણી થઈ છે તેના અમલની પ્રક્રિયા હવે શરૂ થવી જોઈએ. પ્રચાર દરમિયાન ઠાકરેબંધુઓએ મુંબઈને અને મરાઠી માણુસને 'બચાવવા'ની હાકલ કરી હતી, પણ મુંબઈના તમામ રહેવાસીઓને મુંબઈના વિકાસની ખેવના છે. સામાજિક એકતા જોઈએ છે, તેથી જવાબ આપ્યો છે કે, મુંબઈ અને મરાઠી માણુસ પણ સલામત છે. શાંતિ અને સમજૂતી - રાષ્ટ્ર અને મહારાષ્ટ્રનો સહયોગ જરૂરી - અનિવાર્ય હોવાનું મુંબઈ જાણે છે અને કહે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિકાસ ઉપર ભાર મૂક્યો અને ભાષાવાદ, કોમવાદના પ્રતિકારમાં હિન્દુત્વ તથા મરાઠી હિન્દુ મેયર બનશે - એવો જવાબ આપીને સફળ થયા છે. મૂળ શિવસેનામાં ભંગાણ પડયા પછી નામ-નિશાન એકનાથ શિંદેની સેનાને મળ્યું, તે પછી આ મહત્ત્વની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે માટે અગ્નિપરીક્ષા જેવી કસોટી હતી. ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેએ મુંબઈમાં શિંદેસેના કરતાં વધુ-ડબલ બેઠકો મેળવીને 'ગઢ' જાળવ્યો છે. મરાઠી માણુસની વફાદારી સેન્ટ્રલ મુંબઈમાં કસોટીની એરણ ઉપર હતી. આ વિસ્તારમાં લોકસભા તથા વિધાનસભાની એક પણ બેઠક ગુમાવી નથી. એવા આ અજેય ગઢ વરલી, શિવડી અને દાદરથી માહિમ સુધીના વિસ્તારમાં મૂળ શિવસેના અને મનસેના સુધરાઈ - સભ્યો પક્ષત્યાગ-પલટો કરીને શિંદેસેના તથા ભાજપમાં જોડાયા હતા, પણ આદિત્ય ઉદ્ધવ ઠાકરેનો ગઢ સલામત રહ્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસના સર્વોચ્ચ નેતા શરદ પવાર મુંબઈની ચૂંટણીથી અળગા-દૂર રહ્યા હતા, પણ હવે પરિણામ જોયા પછી અજિત પવાર સાથે સંવાદ અને સહકાર વધે તેવી શક્યતા છે. ગમે તેમ પણ સ્થાનિક પંચાયતી ચૂંટણીમાં શરદ પવારની પ્રતિષ્ઠાને ઘસારો લાગ્યા પછી હવે રાજકીય ભવિષ્ય બાબત ગંભીર વિચારણા કરશે. પૂણે અને પિંપરી - ચિંચવડમાં એકસાથે લડેલા કાકા-ભત્રીજાની કારી ફાવી નથી અને રાષ્ટ્રવાદીના ગઢમાં પણ ભાજપના સિંહે ત્રાડ પાડી છે.

**વિજ્ઞાન શાખાના નિવૃત્ત વિજ્ઞાની ડો. ડી. એમ. શ્રૃંગારપુરેનું નામ આવા જ એક કમનસીબ ઘટનાક્રમ સાથે સંકળાયેલું છે.**

# ભૂસ્તરશાત્રીઓની વાત કાને ધરજો...

## એ વિશે કોઇ નિર્ણય થવો જોઈએ. બાંધકામમાં નિયમો ભૂલાતા જાય છે

ભૂતકાળ હંમેશાં અનુભવનું ભાથું બાંધી આપે છે. ઈતિહાસ બોધપાઠ શીખવે છે. નિરંતર ગ્રહણ કરવાની, શીખવાની, અપડેટ થતા રહેવાની પ્રક્રિયાની અવગણના કરીએ તો ગણીવાર એની મોટી કિંમત ચૂકવવી પડે છે. કચ્છ ધરતીકંપની મહત્તમ સંભાવનાવાળા ઝોન પાંચમા આવે છે. ધરતીની આંતરિક ઊથલપાથલને ધ્યાને લઇને કચ્છને ઝોન છમાં લઇ જવાની દરખાસ્ત થઇ છે. કચ્છમિત્ર પોડકાસ્ટમાં કચ્છ યુનિવર્સિટીના સિનિયર ભૂસ્તરશાત્રી ગૌરવ ચૌહાણની મુલાકાત સૌએ ધ્યાનથી સાંભળવા-જોવા જેવી છે. તેમણે આપેલી માહિતી ગંભીર છે. ધરતીકંપની ૨૫મી વરસીએ ભૂતકાળના ઘાવ ખોતરવાનું કદાચ ગમે નહીં, પણ વારંવાર ચેતવણીના હથોડા મારવાનું કારણ એ છે કે, કચ્છ સાવચેત રહે. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના જે કંઇ થયું એ કુદરતનો કોપ તો હતો જ, પણ જાન-માલનું નુકસાન માનવીય બેદરકારીનું પરિણામ. કચ્છ ઝોન પાંચમાં આવતો વિસ્તાર હોવા છતાં વાસ્તવિકતા પ્રત્યે આંખ આડા કાન કરવાની માનસિકતા આપણે જાણીએ છીએ. જૂની ફાઈલોમાંથી આ લખનારની કલમે જ કંડારાયેલો કિસ્સો અહીં પુનરોક્તિ દોષ સાથે રજૂ કર્યો છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ભૂસ્તર વિજ્ઞાન શાખાના નિવૃત્ત વિજ્ઞાની ડો. ડી. એમ. શ્રૃંગારપુરેનું નામ આવા જ એક કમનસીબ ઘટનાક્રમ સાથે સંકળાયેલું છે. દેશના આ જાણીતા ભૂસ્તરશાત્રીએ જુલાઇ-૧૯૯૬માં ગંભીર ચેતવણી આપી હતી કે, કચ્છમાં ગમે ત્યારે મોટો ધરતીકંપ થવાનો ખતરો છે, ચેતી જજો...! પણ તેમણે રણકાવેલા ખતરાના એલાર્મનો અવાજ એ સમયે કચ્છ-ભુજની જમીન-મકાનની તેજી, નિયમોની ધરાર અવગણના, ભ્રષ્ટાચારની ભરતીનાં મોજાંમાં દબાઇ ગયો. પરિણામ જોવા મળ્યું ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ની સવારે. આ અવગણનાની કિંમત કચ્છે બહુ મોટી ચૂકવી. ૧૨,૨૨૧ મોત, ૧૪,૫૩૪ ઈજાગ્રસ્ત, ૧.૯૯ લાખ મકાન આંશિક અને ૧,૧૧,૭૮૬ મકાન સંપૂર્ણ ધ્વસ્ત... એથીયે મોટી પીડા સહેવી પડી વહાલસોયા સ્વજનોની અણધારી વિદાય અને હજારો વિકલાંગોને લીધે પરવશ બનેલી જિંદગીની... એ સમયે ડો. શ્રૃંગારપુરેએ અભ્યાસનાં તારણોનો હેવાલ યુ.એન.આઇ. એજન્સીએ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કચ્છનું ભૂસ્તરીય માળખું તિરાડો વચ્ચે નિયંત્રિત થાય છે. કચ્છમાં ચાર મુખ્ય ફોલ્ટ્સ. પહેલો ફોલ્ટ પચ્છમ ખડીર અને બેલાની બાહ્ય સીમાની સમાંતર આવેલો છે. બીજી તિરાડ પૂર્વ કચ્છની દક્ષિણ સીમાની સમાંતરે છે. (જ્યાં ૨૦૦૧ના ધરતીકંપનું એપી સેન્ટર બન્યું), ત્રીજી અને ચોથી તિરાડ મુખ્ય ભૂભાગની પશ્ચિમ સીમાએ અને મધ્યમના ડુંગરાળ પટ્ટામાંથી પસાર થાય છે.

એ અહેવાલના આખરમાં શ્રંઊંગારપુરેને એમ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે, ભૂવિજ્ઞાનના નિષ્ણાતોની આગાહીઓને સરકારી એજન્સીઓ, આયોજકો અને પ્રજાએ ગંભીરતાથી લેવી જોઇએ. એ વખતે સરકારે તેની નોંધ ન લીધી એવું નથી. કચ્છના ત્રણેક દાયકા પહેલાં તત્કાલીન કલેક્ટર આર.પી. ગુપ્તાએ ભૂસ્તરશાત્રીઓ સાથે બેઠક યોજી, ત્યારે ભૂવિજ્ઞાનીઓને પત્રકારોએ મળ્યા હતા, તેમાં આ લખનારે એક હતો... એપી સેન્ટર, રિક્ટર સ્કેલ, ઝોનનું વર્ગીકરણ એ બધું પહેલીવાર સમજમાં આવ્યું હતું. એ બેઠક પછી કચ્છ ધરતીકંપની સૌથી વધુ સંભાવનાવાળો ઝોન હોવાથી મકાન બાંધકામ સહિતના તકેદારીના ઉપાયો સૂચવ્યા હતા, એમ. એસ. યુનિ.ના જ ભૂસ્તરશાત્રી પ્રો. સુકુમાર મેઢ અને ઓ.એન.જી.સી.ના નિવૃત્ત ડિરેક્ટર ડો. વિશ્વાસે પણ તેમના સંશોધનના આધારે કચ્છ પર ભૂવિસ્ફોટના ખતરાના ઢોલ વગાડયા હતા. એ તરફ થોડું સરખું ધ્યાન દેવાયું હોત તો આજે ઈતિહાસ જુદો હોત. કચ્છ યુનિવર્સિટીના એક સમયના જિયોલોજી વિભાગના વડા અને ધરતીકંપ પછીના ગાળામાં સંશોધન દ્વારા નામના મેળવનારા ડો. મહેશ ઠક્કરને પણ આવો જ કંઇ રંજ છે. થોડાં વર્ષ પહેલાં કચ્છમિત્ર સાથેની વાતચીતમાં ડો. ઠક્કરે કહ્યું હતું કે, ધરતીકંપ વખતે બચી ગયેલી એકસોથી વધુ જોખમી બહુમાળી ઈમારતો ઊભી છે. એ વિશે કોઇ નિર્ણય થવો જોઈએ. બાંધકામમાં નિયમો ભૂલાતા જાય છે, એ જોખમી છે. ડો. મહેશ ઠક્કરે કહ્યું કે, ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપના લગભગ ચાર મહિના પહેલાં તેમણે કચ્છમિત્રનાં માધ્યમથી ધરતીકંપના તોળાતા ખતરા અંગે લાલબત્તી ધરી હતી અને સ્પષ્ટ લખ્યું હતું કે, ભુજ અને કચ્છના અન્ય શહેરોમાં બંધાતી એક માળ કરતાં વધુ મજલાની ઈમારતો ગેરકાયદે છે. એ વખતે ભારે તેજીના દિવસો... એ હેવાલ પ્રસિદ્ધ થયા પછી લોકોને બહુમાળી ઈમારતો પ્રત્યે ડર પેસી ગયો. ફ્લેટ્સનું વેચાણ ઘટી ગયું. (ત્યારે ભુજમાં દોઢ-બે મીટર પહોળાઈની ગીચ ગલીઓમાં પણ ચાર-પાંચ-છ માળના એપાર્ટમેન્ટ બંધાઇ રહ્યાં હતાં.) કચ્છની બિલ્ડર લોબી અકળાઇ ગઇ... કલેક્ટરને રાવ પહોંચી. કેમ કે, કરોડોની નુકસાનીનો સવાલ હતો. ડો. મહેશ કહે છે કે, ત્યારે તેઓ લાલન કોલેજમાં જોડાયા હતા. તંત્રનું કહેણ આવ્યું કે, બિલ્ડરોના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા કરવાની છે. ડો. ઠક્કરે એ મીટિંગ માટે શ્રૃંગારપુરેને ભુજ આવવા કહ્યું, પણ પૂર્વ રોકાણને કારણે એ શક્ય ન બન્યું ને બીજા એક ભૂસ્તરશાત્રી આવ્યા. કલેક્ટર કચેરીમાં ૨૫ બિલ્ડર ને બે જિયોલોજિસ્ટ. સવાલ ઊઠયો કે, તમે કહો છો એ મુજબ ધરતીકંપ નજીકના ભવિષ્યમાં થવાનો છે ?

જવાબ મળ્યો કે, જિયોલોજિસ્ટની ભાષામાં નજીકનું ભવિષ્ય એટલે આવતીકાલ પણ હોય, ચાર મહિના પછી હોય, ચાર વર્ષ હોય અને પચાસ-સો વર્ષ પણ વીતી જાય... મિટિંગમાં બિલ્ડરો હળવા થઇ ગયા. હાસ્યનું મોજું ફરી વળ્યું કે, આ તો ગપગોળા લાગે છે... કંઇ થવાનું નથી. બરોબર ચાર મહિના પછી બહુમાળી ઈમારતોમાં સેંકડો લોકો દબાઈને માર્યા ગયા... અફસોસ સિવાય કંઈ બચ્યું નહીં. કચ્છના ભૂસ્તરીય વારસાને સાચવવાની ભલામણ ભૂસ્તરશાત્રીઓ વારંવાર કરી ચૂક્યા છે. કચ્છ સદીઓ સુધી સલામત રહે એવી અભ્યર્થના સાથે એટલું જ કહેવું છે, આપણી સલામતી આપણા જ હાથમાં છે. હા, હવેની સરકાર સક્રિય છે. નિર્ણયો લેવાય છે. ગુજરાત દેશનું પહેલું રાજ્ય છે જ્યાં જીએસડીએમએ - ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની રચના થઈ છે. ભૂકંપના ભાવિ જોખમના પ્રતિકાર માટે સૌએ કમર કસવી પડશે,

**નિ:સંદેહ જેનેરિક દવાઓની ગુણવત્તાને લઈને કેટલીક ચિંતા વ્યક્ત કરવામાં આવે છે.**

# દવાઓની ગુણવત્તા સુનિશ્ચિત કરવી પડશે

- દેશમાં દવા ઉદ્યોગના નિરંતર વિસ્તાર અને વિશ્વ બજારમાં તેની ઊંડી પહોંચની પુષ્ટિ નિકાસના આંકડાથી થાય છે.

ઔષધિ અને શલ્ય ચિકિત્સા એટલે કે સર્જરીની ભારતમાં સદીઓ જૂની સમૃદ્ધ પરંપરા રહી છે. સમયની સાથે નવાચારોથી આ પરંપરા ઓર નિખરતી ગઈ. તેનું જ પરિણામ છે કે આજે ભારતને 'દુનિયાના દવાખાના'ની પ્રતિષ્ઠા મળેલી છે. આયુર્વેદના પ્રાચીન જ્ઞાનથી લઈને સુશ્રુતના ઉત્કૃષ્ટ કાર્ય સુધી ચિકિત્સા ક્ષેત્રમાં ભારતે એક સ્થાયી અને ઊંડો પ્રભાવ છોડ્યો છે. આ સશક્ત બુનિયાદે દેશને આધુનિક ચિકિત્સામાં પણ પ્રગતિ તરફ ગતિ કરાવી છે. તેના આધાર પર વિભિન્ન ક્ષેત્રોમાં શોધ અને વિકાસને ગતિ મળી, જેનો લાભ દવાઓ, જૈવ ટેક્નલોજી અને સ્વાસ્થ્ય ઉપકરણોના વિકાસમાં થયો. આજે ભારત વિશ્વ દવા ઉદ્યોગનું મુખ્ય ખેલાડી છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળી કિફાયતી દવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. આ દવાઓ વિકસિત અને વિકાસશીલ દેશોના કરોડો લોકો સુધી પહોંચી રહી છે. એનાથી વિશ્વભરમાં સ્વાસ્થ્યની દશા-દિશા સુધારવામાં મોટી સફળતા મળી છે. ભારતમાં કુશળ કામકાજી આબાદી, મજબૂત શૈક્ષણિક માળખું અને સરકારી પ્રોત્સાહક નીતિઓથી ચિકિત્સા અને દવાઓના ક્ષેત્રમાં અત્યાધુનિક શોધ અને નવાચાર માટે અનુકૂળ પરિવેશ પણ તૈયાર થયું.

દેશમાં દવા ઉદ્યોગના નિરંતર વિસ્તાર અને વિશ્વ બજારમાં તેની ઊંડી પહોંચની પુષ્ટિ નિકાસના આંકડાથી થાય છે. ૨૦૧૩-૧૪થી ૨૦૨૧-૨૨ વચ્ચે ભારતીય દવા ઉદ્યોગની નિકાસ ૯૦,૪૧૫ કરોડ રૂપિયાથી ૧૦૩ ટકાની વૃદ્ધિ સાથે વધીને ૧,૮૩,૪૨૨ કરોડ રૂપિયા થઈ ગઈ. ફક્ત આઠ વર્ષમાં આ ઉદ્યોગનો આકાર ૧૦ અબજ ડોલર સુધી પહોંચવો દવા ક્ષેત્રમાં ભારતની પ્રગતિ અને વિશ્વ સ્તર પર તેની મજબૂતી દેખાડે છે. આ અણધારી તેજી ભારતના દવા ક્ષેત્રની તાકાત સાથે જ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ અનુકૂળ પરિવેશની કહાની પણ કહે છે. સક્રિય અને ગતિશીલ નીતિઓએ દવા ક્ષેત્ર માટે એક એવું તંત્ર વિકસિત કર્યું કે તે ફૂલીફાલીને વૈશ્વિક સ્તર પર પોતાનો સ્થાયી પ્રભાવ છોડવામાં સક્ષમ થઈ શકે. આ કહાનીને વધુ શાનદાર બનાવવા માટે સરકારે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન એટલે કે પીએલઆઈ જેવી યોજના રજૂ કરી, જેમાં દવા ઉદ્યોગની સાથે જ તેમાં ઉપયોગ કરાતો કાચો માલ ઉત્પાદનને ઉત્તેજન આપવામાં આવ્યું. તેણે દેશમાં જેનેરિક દવા ઉદ્યોગ વિનિર્માણને નવો આયામ આપ્યો. અસલમાં જ્યારે દવાઓની બ્રાન્ડ પેટન્ટ સમાપ્ત થઈ જાય છે તો તેનાથી અન્ય નિર્માતા પણ આ દવાઓને ઉત્પાદન કરી શકે છે, જેમને જેનેરિક દવા કહે છે. આ દવાઓમાં તત્ત્વો તો એ જ હોય છે, પરંતુ તેનો ખર્ચ લગભગ ૩૦ થી ૮૦ ટકા સુધી ઓછી હોય છે. સસ્તી હોવાને કારણે તે એક મોટી આબાદીની પહોંચમાં સહજતાથી આવી જાય છે. ભારત આ સમયે વિશ્વમાં જેનેરિક દવાઓનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

નિ:સંદેહ જેનેરિક દવાઓની ગુણવત્તાને લઈને કેટલીક ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. મોટી સંખ્યામાં નિર્માતાઓની હાજરી અને બજારના પ્રતિસ્પર્ધી રૂપને જોતાં કેટલીક કંપનીઓ જરૂરી માપદંડોની અવગણના કરે છે, જેનાથી ઉતરતી કક્ષાની દવાઓ બજારમાં પહોંચીને દર્દીઓના સ્વાસ્થ્ય માટે ખતરો પેદા કરે છે. હાલના દિવસોમાં દેશમાં નિર્મિત મિલાવટી કફ સિરપનો મામલો સમાચારોમાં ચમક્યો હતો. આ દુર્ભાગ્યપૂર્ણ છે. એવામાં દવા નિયામક ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા એટલે કે ડીસીજીઆઈની સખ્તાઈ સ્વાગતયોગ્ય છે. ગયા મહિને જ ડીસીજીઆઇએ વ્યાપક નિરીક્ષણ બાદ હલકી અને મિલાવટી દવાઓ બનાવનારી ૧૮થી વધુ દવા કંપનીઓના લાયસન્સ રદ કરવાથી લઈને તેની બરતરફી સુદ્ધાંની કાર્યવાહી કરી. એના પર કેટલાક લોકોને લાગી શકે છે કે એનાથી કંપનીઓ પર અનુપાલનનો બોજ અને દબાણ વધી જશે. જોકે એવી સ્થિતિથી બચવા માટે સ્વ-નિયમનની પ્રક્રિયા બહેતર હોય છે, પરંતુ મોટાભાગે તેમાં માપદંડોની અવગણના થઈ જાય છે, જેનાં ઘાતક પરિણામ જોવા મળે છે. તેનાથી શાખ પર દાગ લાગે છે.

લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ સમજૂતી ન થઈ શકે એટલે સરકાર માટે સખત નિયામકીય માળખું સક્રિય રાખવું જરૂરી બની જાય છે. એવા નિયામકીય માળખા માટે જરૂરી થઈ જાય છે કે તે ઉદ્યોગમાં નવાચાર અને વૃદ્ધિની સાથે જનસ્વાસ્થ્યની સુરક્ષા રાખવાના પ્રભાવી ઉપાયો વચ્ચે સંતુલન સ્થાપે. આ જ કડીમાં દેશમાં દવાઓની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ભારતે કેટલાય નિયામકીય પગલાં ઉઠાવ્યાં છે. તેમાં દવાઓમાં ઉપયોગ થતી સામગ્રી અને કેટલીક દવાઓ માટે બારકોડ કે ક્વિક રિસ્પોન્સ કોડની વ્યવસ્થા, કેન્દ્રીય દવા માનક નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)માં ખાલી પદો પર ભર્તીઓની સંખ્યા વધારવી અને ઉતરતી દવાઓ માટે કંપનીઓને જવાબદાર ઠેરવવા જેવી પહેલ સામેલ છે. સીડીએસસીઓ અંતર્ગત આવનારી પરીક્ષણ પ્રયોગશાળાઓની પરીક્ષમ ક્ષમતાઓનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. સાથે જ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ નિયમોને એ પ્રકારે બદલવામાં આવ્યા છે કે કોઈપણ ઉત્પાદનનું વ્યાવસાયિક ઉત્પાદન લાયસન્સ જારી કરતાં પહેલાં તેને કેટલીય કસોટીઓ પર ખરું ઉતરવું પડશે. સરકારે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦માં સંશોધનની દિશામાં પણ પહેલ કરી છે, જેમાં મિલાવટી અને ઉતરતી દવાઓ બનાવવા માટે સખત સજા, એવા અપરાધોને બિન-જામીનપાત્ર બનાવવા અને તેની પતાવટ માટે વિશેષ અદાલતોની રચનાની જોગવાઈ છે.

**નોબેલ સમિતિથી લઈને અનેક લોકોએ તેની ટીકા કરી છે, વિશ્વના આટલા પ્રતિષ્ઠિત એવૉર્ડની આમ ફેરબદલ યોગ્ય નથી.**

# નોબેલ માટે ગરિમા નેવે મૂકી

- ટ્રમ્પને 'મેગસેસે' કે 'નોબેલ'ની અપેક્ષા હોય તો હોય. સામાન્ય રીતે કોઈ પણ સન્માન કે પુરસ્કાર મેળવવાના ન હોય તે મળે તો જ મેળવનારની ગરિમા જળવાય. 'મને માન આપો' એવું કહેવાથી મળતું માન માન નથી.

અમેરિકાના ટેરિફ ફેઈમ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં આખરે નોબેલ પુરસ્કાર પહોંચ્યો. આમ તો એવું કહેવું યથાર્થ રહેશે કે તેમના હાથ 'નોબેલ' ખિતાબ સુધી પહોંચી ગયા. ટ્રમ્પના હાથમાં 'નોબેલ' પુરસ્કારવાળી તસવીરો આખાં જગતમાં વાયરલ છે, પરંતુ આ 'સેકન્ડ હેન્ડ' નોબેલ પુરસ્કાર છે. જે રીતે આ ખિતાબની લેવડ-દેવડ થઈ છે તે જોતાં ટ્રમ્પ જેવા વિશ્વના અગ્રીમ મહાસત્તાના વડાને આ રીતે કોઈ પુરસ્કાર લેવો શોભે નહીં. વેનેઝુએલા દેશના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોનું અપહરણ કર્યા પછી ટ્રમ્પ કોઈ પ્રથમ વેનેઝુએલાવાસીને મળ્યા હોય તો તે વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડો છે અને મારિયાબહેને તેમને મળેલો નોબેલ પુરસ્કાર ટ્રમ્પના ચરણે ધરી દીધો છે.



નોબેલ સમિતિથી લઈને અનેક લોકોએ તેની ટીકા કરી છે, વિશ્વના આટલા પ્રતિષ્ઠિત એવૉર્ડની આમ ફેરબદલ યોગ્ય નથી. નોબેલ પુરસ્કાર દર વર્ષે વિવિધ ક્ષેત્ર માટે જાહેર થાય છે. ગત વર્ષે તેની ઘોષણા થઈ તે પૂર્વેથી ટ્રમ્પને આશા હતી કે શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર તેમને પોતાને મળે. આ હરખમાં જ તેમણે ભારત-પાકિસ્તાનના યુદ્ધવિરામમાં પોતે નિમિત્ત છે તેવું પણ જાહેર કરી દીધું હતું. કોઈ પણ વ્યક્તિને આવી ઈચ્છા-અપેક્ષા હોવી તે કોઈ અપરાધ કે અયોગ્ય વાત નથી.

ટ્રમ્પને 'મેગસેસે' કે 'નોબેલ'ની અપેક્ષા હોય તો હોય. સામાન્ય રીતે કોઈ પણ સન્માન કે પુરસ્કાર મેળવવાના ન હોય તે મળે તો જ મેળવનારની ગરિમા જળવાય. 'મને માન આપો' એવું કહેવાથી મળતું માન માન નથી. સામાન્ય સ્તરે અપાતા એવૉર્ડથી શરૂ કરી આવા પ્રતિષ્ઠિત એવૉર્ડ મેળવવા માટેની લાયકાત કેળવવી અને પછી એવૉર્ડ મેળવવા તેમાં જીવનની સાર્થકતા છે. આ આદર્શને પણ વિસારે પાડી દઈએ તો ટ્રમ્પને એવૉર્ડ મેળવવા માટેના પ્રયાસ કરવાનો અધિકાર ખરો, પરંતુ આમ કોઈને મળેલો એવૉર્ડ તેમને આપી દેવામાં આવે તે આશ્ચર્યજનક અને અયોગ્ય જ લાગે. ટ્રમ્પને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર મળવો જોઈએ કે નહીં તે ચર્ચા અલગ છે. જો સહજ રીતે, નોબેલ સમિતિ આ નિર્ણય લે તો નોબેલ મળે અને ટ્રમ્પ કે કોઈ પણ અભિનંદનના અધિકારી બને પરંતુ આવું હસ્તાંતરણ આ કક્ષાએ કઈ રીતે શોભે?વેનેઝુએલાના નાગરિકોના લોકતાંત્રિક અધિકારો અંગેના પ્રયાસો માટે, સરમુખત્યારશાહી સામે લડવા માટે મચાડોને ૨૦૨૫ના ઑક્ટોબરમાં આ પ્રસિદ્ધ પુરસ્કારથી સન્માનિત કરાયાં હતાં. તે સમયે જ વિવાદ તો થયો હતો. હવે તેમણે સામે ચાલીને આ પુરસ્કાર ટ્રમ્પને આપ્યો છે અને ટ્રમ્પે સ્મિતભેર સ્વીકારી લીધો છે. મચાડોએ એવું કહ્યું છે કે, '૨૦૦ વર્ષ પૂર્વે માકિસ ડે લાફાયેટે જ્યોર્જ વાશિંગ્ટનની તસવીરવાળો મેડલ સાઈમન બોલિવરને આપ્યો હતો, જે અમેરિકા અને વેનેઝુએલાની વચ્ચે સ્વતંત્રતાની લડાઈનું પ્રતીક હતો. હવે બોલિવરના લોકોએ વાશિંગ્ટનના ઉત્તરાધિકારી-ટ્રમ્પને આ નોબેલ પરત આપ્યો છે.' નોબેલ સમિતિ આ વલણ સાથે સંમત નથી. નિયમ એવું કહે છે કે પુરસ્કારની ઘોષણા પછી તેને રદ કરી શકાતો નથી. વિજેતાના નામની ઘોષણા થઈ જાય તો નિર્ણય અંતિમ રહે છે.

પુરસ્કાર એક જ વ્યક્તિ માટે હોય છે તે બે કે તેથી વધારે વ્યક્તિ વચ્ચે વિભાજિત થઈ શકતો નથી. તે કોઈ વ્યક્તિને ભેટ પણ આપી શકાતો નથી. મૂળ વિજેતા જ નોબેલ પુરસ્કાર વિજેતા કહેવાશે એટલે ટ્રમ્પના હાથમાં નોબેલ છે, પરંતુ ટ્રમ્પ નોબેલ પુરસ્કાર મેળવનારની સત્તાવાર યાદીમાં સમિતિ તરફથી નથી.મારિયા મચાડોએ આદરથી આ પુરસ્કાર આપ્યો હોય તો પણ ટ્રમ્પે જો આદરપૂર્વક તેનો અસ્વીકાર કર્યો હોત તો નોબેલ અને ટ્રમ્પ બન્નેની ગરિમા જળવાઈ શકી હોત.

# સુહાનાની દરેક પસંદ અંગે આખરી નિર્ણય શાહરુખ અને ગૌરી જ લે છે

## સુહાનાએ જણાવ્યું કે માતાપિતાની સલાહ તેને વિનમ્ર રહેવા પ્રેરે છે



શાહરુખ ખાનના બંને સંતાનો સુહાના ખાન અને આર્યન ખાન હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા લાગ્યા છે. આર્યન ખાને ડિરેક્ટ કરેલી ફિલ્મ બૅડ્ઝ ઓફ બોલિવૂડ'ની ગયા વર્ષે ઘણી ચર્ચા રહી છે. સુહાનાએ ઝોયા અખ્તરની 'ધ આર્ચિઝ સ્ટોરી'થી ઓટીટી ડેબ્યુ કર્યું હતું. હવે તે પિતા શાહરુખ સાથે કિંગમાં મોટા પડદા પર ડેબ્યુ કરવા જઈ રહી છે. ત્યારે તેણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેની દરેક પસંદ પાછળ શાહરુખ અને ગૌરીનો જ અંતિમ નિર્ણય હોય છે. સુહાનાએ કહ્યું કે ઘણી વખત તેમની સલાહ ભલે વિરોધાભાસી હોય, તેમ છતાં આ સલાહો તેને વિનમ્ર બની રહેવામાં મદદ કરે છે.

સુહાનાએ તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં પોતાની રીતે ડેબ્યુ કર્યું છતાં તે માર્ગદર્શન માટે હજી પણ પોતાના માતા-પિતા પાસે જ જાય છે. "મારે મારા માતા-પિતાને પૂછવું પડે છે. અંતિમ નિર્ણય તેઓ જ લે છે," સુહાનાએ સ્વીકાર્યું કે ફિલ્મ જગતમાં તેનાં શરૂઆતના વર્ષોમાં તેમનું માર્ગદર્શન કેટલું મહત્વનું છે. હાલ તેની મોટા પડદા પરની ડેબ્યુ ફિલ્મ 'કિંગ'નું શૂટિંગ ચાલી રહ્યું છે. સુહાનાએ પોતાને એવી વ્યક્તિ તરીકે વર્ણવી કે જે ઈચ્છાને અનુસરે છે પરંતુ ઘણીવાર વધારે પડતું વિચારી પણ લેતી હોય છે, ત્યારે તેના માતા-પિતાની ભૂમિકા મહત્વની બની જાય છે. જ્યાં શાહરુખ તેને ઘણી ફિલોસોફિકલ અને ઊંડી સલાહ આપે છે, તો ગૌરી ખાનની સલાહ સીધી અને વ્યવહારુ હોય છે. "બન્ને વચ્ચે મને બેલેન્સ મળે છે. તેમનાં દૃષ્ટિકોણ એકબીજાંથી અલગ છે, જે તેને વિનમ્ર બનાવી રાખે છે."

જેની આસપાસ સિનેમા સતત હાજર હોય એવા પરિવારમાં જન્મ છતાં, સુહાનાએ જણાવ્યું કે અભિનય સાથેનો તેનો સંબંધ સમય સાથે આગળ વધ્યો છે. સ્કૂલના નાટકોમાં થોડી પરાણે શરૂઆતથી લઈને હોસ્ટેલના દિવસોમાં અભિનય પ્રત્યેનો ખરો પ્રેમ શરૂ થયો. એક સમયે ઈચ્છા મુજબની ભૂમિકા ન મળતાં થયેલી ભારે નિરાશાએ તેને સમજાવી દીધું કે તેને મંચ પર રહેવું કેટલું ગમે છે.

એ જ ગંભીરતાએ તેને દિશા આપી છે. સુહાના કહે છે કે તે પરિણામ કરતાં પ્રક્રિયાને વધારે મહત્વ આપે છે અને લોકોના અભિપ્રાયો પર ધ્યાન આપવાને બદલે કામ પર ધ્યાન આપવાનું પસંદ કરે છે. અભિનય હોય, ફેશન હોય કે મેગેઝિન કવર – તે દરેક પગલું સાવધાનીપૂર્વક લે છે અને આગળ વધતાં પહેલાં ઘણીવાર પોતાના માતા-પિતાની સલાહ લે છે.

સુહાના કહે છે કે જ્યારે તે નિર્ણય ન લઈ શકતી હોય અને મુંઝવણમાં હોય ત્યારે શાહરુખ અને ગૌરીને જ તે સૌથી પહેલાં કોલ કરે અથવા મળે છે. જ્યાં તેના પિતા જીવન અને પસંદગીઓ પર વિગતે રીતે વિચાર કરે છે, તો તેની માતા સ્પષ્ટતા સાથે મુંઝવણ દૂર કરી દે છે. બંને મળીને અપેક્ષાઓ વિશે વધારે પડતું વિચાર્યા વિના પ્રેશરને સંભાળવામાં તેની મદદ કરે છે.

૨૫ વર્ષની સુહાનાએ દેખાવનું ખાસ મહત્વ નથી, તે નાની વયથી દેખાવના મહત્વ ન આપીને કામ પર મહત્વ આપવામાં માને છે. સુહાનાએ જણાવ્યું, "હું દેખાવના વિચારોમાં ઊંડા ઉતરવા કરતાં લાગણીશીલ, દયાળુ, થોડી અલગ અને આનંદમાં રહેવાનું પસંદ કરીશ. સુહાના કહે છે કે મને જોઈને લોકો શું વિચારશે એની ચિંતા કરવા કરતાં હું માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રહું તે વધુ મહત્વનું છે."

જ્યારે તેની પાસે કામ ન હોય ત્યારે સુહાના ઓછા લોકો વચ્ચે રહેવાનું પસંદ કરે છે અને સતત સાથે રહેવાને બદલે સહજતાથી બનેલાં મિત્રોને મહત્વ આપે છે. તેને ફિક્શન અને ફેન્ટસી પ્રકારના પુસ્તકો વાંચવામાં રસ છે અને આગળ શું થશે તેની ચિંતા કરતાં વર્તમાનમાં જીવવાનું પસંદ કરે છે.

આવનારું વર્ષ સુહાના માટે વ્યસ્ત રહેવાનું છે, ત્યારે તેની તૈયારી વિશે સુહાનાએ કહ્યું કે તે હજુ પરંપરાની જવાબદારીની ચિંતા કરતી નથી. હાલ તેનું ધ્યાન એક જ વાત પર છે – સેટ પર વધારે દિવસો વિતાવવા, વધારે શીખવું અને જે કામ માટે તેને પ્રેમ છે એ જ કરવું અને તેની સાથે હંમેશાં વિશ્વાસુ સલાહકાર તરીકે તેના માતા-પિતા તો છે જ.



# એ. આર. રહેમાનનો વિવાદ પર મોટો ખુલાસો

દુનિયાભરમાં પોતાના સંગીતનો જાદુ ચલાવનાર ઓસ્કર વિજેતા એ.આર. રહેમાન અત્યારે એક ગંભીર વિવાદને કારણે ચર્ચામાં છે. બોલીવુડમાં કથિત રીતે કોમવાદી ભેદભાવ થતો હોવાનો આરોપ લગાવીને સૌને ચોંકાવી દીધા હતા. રહેમાનના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર લોકોની મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી હતી અને અનેક સેલેબ્રિટીઝે પણ તેમની ટીકા કરી હતી. વધતા વિવાદને લઈ રહેમાને હવે સોશિયલ મીડિયા પર એક ખાસ વીડિયો મેસેજ શેર કરીને પોતાની વાત રજૂ કરી છે.

ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં એ. આર. રહેમાને જણાવ્યું કે તેમનો ઈરાદો ક્યારેય કોઈની લાગણી દુભાવવાનો નહોતો. તેમણે સંગીતને પોતાની અભિવ્યક્તિનું માધ્યમ ગણાવતા કહ્યું કે સંગીત હંમેશાં લોકો સુધી પહોંચવા અને સંસ્કૃતિની ઉજવણી કરવાનું સાધન રહ્યું છે. હું જાણું છું કે સારા ઈરાદાથી કહેવાયેલી વાતમાં પણ ક્યારેક ગેરસમજ ઉભી થઈ શકે છે. રહેમાને સ્પષ્ટ કર્યું કે તેઓ હંમેશા સંગીત દ્વારા લોકોની સેવા કરવા અને તેમને પ્રેરણા આપવા માંગે છે.

પોતાના નિવેદનમાં રહેમાને ભારત પ્રત્યેની પોતાની આસ્થા અને પ્રેમ પણ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે તેઓ પોતાને ભાગ્યશાળી માને છે કે તેઓ એક ભારતીય છે, કારણ કે આ દેશ તેમને સર્જનાત્મક સ્વતંત્રતા આપે છે. રહેમાને આ તકે નાગાલેન્ડના યુવા સંગીતકારો સાથેના કામ અને હોલીવુડના દિગ્ગજ હેન્સ ઝિમર સાથે આગામી ફિલ્મ 'રામાયણ' માટે તૈયાર કરી રહેલા સંગીતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે દેશવાસીઓ પાસેથી મળેલા સમર્થન બદલ આભાર માન્યો હતો.

એ. આર. રહેમાનના આ સ્પષ્ટીકરણ બાદ બોલીવુડના દિગ્ગજ અભિનેતા પરેશ રાવલ તેમના સમર્થનમાં આવ્યા છે. પરેશ રાવલે રહેમાનનો વીડિયો રી-પોસ્ટ કરીને લખ્યું કે, અમે તમને પ્રેમ કરીએ છીએ સર, તમે અમારું ગૌરવ છો. રહેમાને વિશ્વાસ અપાવ્યો છે કે તેઓ ભવિષ્યમાં પણ એવું સંગીત આપતા રહેશે, જે ભૂતકાળનું સન્માન કરે અને ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપે. આમ, રહેમાને પોતાની વાત મૂકીને વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો છે.




# બોર્ડર ૨નું ટ્રેલર લૉંચ

જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે, એવી ફિલ્મ'બોર્ડર ૨'નું ટ્રેલર ૧૫ જાન્યુઆરીએ રિલીઝ થઈ ગયું છે, જેમાં સન્ની દેઓલ ફરી એકવાર પાકિસ્તાની સેના સામે સામી છાતીએ ઉભેલો જોવા મળે છે. ટ્રેલરમાં પણ ટીઝરની જેમ જ સની દેઓલ ફિલ્મના કેન્દ્રમાં છે અને તેની આસપાસ વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટીની વાર્તા વણાયેવી જોવા મળે છે. અત્યાર સુધી ફિલ્મ માટે રિલીઝ થયેલી દરેક પ્રમોશનલ બાબતની જેમ, આ ટ્રેલરે પણ ઘણી જુની યાદો તાજી કરી છે. દરેક ભારતીયની છાતી ગર્વથી ફુલે તેવી દેશભક્તિ અને જુની 'બોર્ડર'માં હતાં એવાં જ સેનાની બહાદુરી અને બલિદાનના દૃશ્યો આ ટ્રેલરમાં પણ જોવા મળે છે.

ટ્રેલરની શરૂઆત એક દમદાર શોટથી થાય છે, જેમાં સન્નીનું પાત્ર પાકિસ્તાની ટેન્કની નાળી સામે બેખોફ થઈને જુએ છે. તેની આંખોમાં ભયનો લેશમાત્ર પણ અંશ નથી. ત્યારબાદ તે પોતાના સૈનિકોને સંબોધન કરવાનું શરૂ કરે છે અને ૯૦ના દાયકાના સન્ની દેઓલની ઓળખ બની ગયેલી શૈલીમાં, દરેક શબ્દ સાથે અવાજ વધુ ઊંચો થાય છે. પછી ધીરે ધીરે નવી કાસ્ટની એન્ટ્રી શરૂ થાય છે. દરેક સ્ટાર સેનાની એક પાંખનું પ્રતિનિધિત્વ કરે છે. વરુણ ધવન આર્મીનો સૈનિક છે, દિલજીત ફાઈટર પાઈલટ છે અને અહાન નેવી ઓફિસર છે. ભારતે ૧૯૭૧નું યુદ્ધ જીતવું હોય તો, જમીન પર, આકાશમાં અને પાણીમાં ત્રણેય મોરચાઓ પર તેમને પાકિસ્તાની સશસ્ત્ર દળોને પરાજય આપવો પડે એવી સ્થિતિ હતી.

આ ટ્રેલર પરથી અંદાજ આવે છે કે, ફિલ્મની કથા સરળ અને સીધી છે. આ એક વોર ડ્રામા છે, જે યુદ્ધને મુખ્ય વિષય તરીકે રજૂ કરે છે. તેમાં માનવીય લાગણીઓનો સ્પર્શ છે, સૈનિકોના પરિવારજનો પોતાનાં સ્વજનની ચિંતા કરે છે અને યુદ્ધભૂમિ પર લીધેલા નિર્ણયોના પરિણામો સૈનિકોને વિચારવા મજબૂર કરે છે. આ ફિલ્મમાં સૈનિકોનો અભિનય પણ સહજ લાગે છે. જે સૈનિકોના બલિદાનની ઉજવણી કરે છે. જોકે, આ ટ્રેલર વિશે સોશિયલ મીડિયા પર કેટલાક નકારાત્મક પ્રતિસાદ પણ આવી રહ્યા છે, કેટલાંક લોકોનું માનવું છે કે, ટ્રેલરમાં બતાવ્યું એ બધું જ લોકો અગાઉ પણ જોઈ ચૂક્યા છે. તેમાં લાગણીઓની બીરીકી પર કામ થયું હોવાની થોડી ખામી જણાઈ છે. એક ટ્રેલરનું કામ દર્શકોને સમજાવવાનું હોય છે કે તેઓ થિયેટર કેમ જઈને આ ફિલ્મ જોવી જોઈએ. 'બોર્ડર ૨'નું ટ્રેલર સ્પષ્ટ કરે છે કે આ ફિલ્મમાં અભિનયમાં પણ ખાસ યાદ રહી જાય એવું કશું નહીં હોય કે એટલા દમદાર ફ્લ્હઠ પણ નહીં હોય. આ ફિલ્મ માટે દેશભક્તિ જ મહત્વની છે. 'બોર્ડર ૨'નું દિગ્દર્શન અનુરાગ સિંહે કર્યું છે અને પ્રોડક્શન ભુષણ કુમાર, કૃષ્ણ કુમાર, જે. પી. દત્તા અને નિધી દત્તાએ કર્યું છે. મોના સિંહ, સોનમ બાજવા, મેધા રાણા અને અન્યા સિંહ પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં છે, આ ફિલ્મ રિપબ્લિક ડે વીકએન્ડ પહેલા, ૨૩ જાન્યુઆરીએ રિલીઝ થશે.



# રાજકુમાર રાવે જાહેર કર્યું દીકરીનું નામ, મહાદેવ સાથે જોડાયેલું છે ખાસ કનેક્શન

મુંબઈઃ બોલીવુડના જાણીતા અભિનેતા રાજકુમાર રાવ અને તેમની પત્ની પત્રલેખા માટે વીતેલા વર્ષ ૨૦૨૫ ખુશીઓની ભેટ લઈને આવ્યું હતું. ૧૫ નવેમ્બના લગ્નની ચોથી વર્ષગાંઠે તેમના ઘરે દીકરીનો જન્મ થયો હતો. દીકરીના જન્મના બે મહિના બાદ હવે આ કપલે પોતાની દીકરીનું નામકરણ કર્યું હતું. સાથોસાથ દીકરીની પહેલી ઝલક પણ સોશિયલ મીડિયા પર શેર કરી હતી. રાજકુમાર અને પત્રલેખાએ પોતાની પુત્રીનું નામ 'પાર્વતી પોલ રાવ' રાખ્યું છે. આ કપલે પોતાની દીકરીની તસવીર પર ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ તસવીરમાં રાજકુમાર અને પત્રલેખાના હાથમાં તેમની દીકરીનો હાથ જોવા મળે છે. આ પોસ્ટના કેપ્શનમાં તેમણે લખ્યું છે કે, "હાથ જોડીને અને હૃદયપૂર્વક અમે અમારા સૌથી મોટા આશીર્વાદ, પાર્વતી પોલ રાવનો પરિચય કરાવીએ છીએ."'પાર્વતી' નામ શક્તિ, કૃપા અને ભક્તિનું પ્રતીક છે, જ્યારે 'પોલ' અને 'રાવ' એ પત્રલેખા અને રાજકુમારની અટક છે. ચાહકો આ પરંપરાગત અને અર્થપૂર્ણ નામની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, ૨૦૧૪માં ફિલ્મ 'સિટી લાઈટ્સ'ના સેટ પર બંનેની મુલાકાત થઈ અને ૧૫ નવેમ્બર ૨૦૨૧ના ચંદીગઢમાં તેઓ લગ્નના બંધનમાં બંધાયા હતા. નવેમ્બર ૨૦૨૫માં જ્યારે રાજકુમાર અને પત્રલેખા પોતાના લગ્નની ચોથી વર્ષગાંઠ ઉજવી રહ્યા હતા, ત્યારે જ તેમની પુત્રીનો જન્મ થયો હતો. તે સમયે એક સંયુક્ત નિવેદન જારી કરીને તેમણે જણાવ્યું હતું કે, અમને ભગવાન દ્વારા મળેલ આ સૌથી મોટા આશીર્વાદ છે.

# ધનુષ અને મૃણાલ ઠાકુર વેલેન્ટાઇન ડે પર લગ્ન કરશે?



### રશ્મિકા અને વિજય પહેલાં મૃણાલ અને ધનુષના લગ્નની ચર્ચાએ જોર પકડ્યું

ધનુષ અને મૃણાલ ઠાકુર ગયા ઑગસ્ટ મહિનાથી ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા છે. ત્યારે હવે તેઓ આવતા મહિને લગ્ન કરવાના હોવાના અહેવાલો ફરતા થયા છે.

ગયા વર્ષે ઑગસ્ટમાં રિલીઝ થયેલી અજય દેવગન અને મૃણાલની ફિલ્મ સન ઓફ સરદાર

૨ના પ્રીમિયર દરમિયાનનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં ધનુષ આવતા મૃણાલ તેને રિસીવ કરવા દોડી ગઈ હતી. ત્યારથી મૃણાલ અને ધનુષના સંબંધની અફવાઓ શરૂ થઈ હતી. તે વખતે કેટલાંક અહેવાલો પણ સામે આવ્યા હતા, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે બંને એકબીજાને પ્રેમ કરે છે અને એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બાદમાં જ્યારે આ અંગે મૃણાલને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે ધનુષ તેનાં માટે 'માત્ર સારો મિત્ર' છે અને તેને ફિલ્મનાં સ્ક્રીનિંગ માટે અજય દેવગણે આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ આ અફવાઓ ધીમે ધીમે શાંત પડી ગઈ હતી. હવે ફરી એક વખત મૃણાલ અને ધનુષની કથિત લગ્ન તારીખ અંગેના નવા અહેવાલ ફરતા થયા છે.

આ અહેવાલો મુજબ, મૃણાલ ઠાકુર અને ધનુષ આવતા મહિને ૧૪ ફેબ્રુઆરીએ, વેલેન્ટાઇન ડેના દિવસે લગ્ન કરવા જઈ રહ્યા હોવાની ચર્ચા છે. જોકે, ધનુષ અને મૃણાલે આ અંગે કોઈ જ વાત કરી નથી. હવે એ જોવાનું રહ્યું કે મૃણાલ અને ધનુષ લગ્નની તસવીરો શેર કરે છે કે આ અફવાને નકારી કાઢે છે. જોકે, તેમની બંનેની નજીકના એક સુત્રએ થોડા સમય પહેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન વાતચીતમાં તેમના સંબંધનો ખુલાસો કરી દીધો હતો.

સુત્રએ જણાવ્યું હતું, "હા, તે બંને ડેટિંગ કરી રહ્યા છે. આ સાચી વાત છે. પરંતુ આ બધું હજુ નવું છે અને જાહેરમાં કે મીડિયા સામે તેમના સંબંધને અધિકૃત કરવાનો કોઈ વિચાર નથી. તેમ છતાં, તેઓ બહાર સાથે ફરવામાં કે દેખાઈ જવામાં કોઈ સંકોચ અનુભવતા નથી. તેમનાં મિત્રો તેમનાં માટે ખરેખર ખુશ છે, કારણ કે મુલ્યો, પસંદ -નાપસંદ અને વિચારોની બાબતમાં બંનેમાં ઘણી સમાનતા અને એકબીજાને અનુરૂપ છે."

## નિર્ણાયક વનડેમાં ભારતની ૪૧ રને હાર

# ન્યૂઝીલેન્ડ ૩૭ વર્ષે ભારતમાં પ્રથમવાર વન-ડે શ્રેણી જીતી

### કીવીઝે - મીચેલ - ફિલિપ્સની સદીથી ૩૩૭ રન ખડકયા : કોહલીની સદી તથા હર્ષિત નીતિશની ફિફ્ટી છતાં લક્ષ્યાંક સુધી ભારત પહોંચી ન શક્યું




ઈન્દોર,ન્યૂઝીલેન્ડે ૧૪ મહિનામાં ટીમ ઈન્ડિયા પર બીજી ઐતિહાસિક જીત નોંધાવી. નવેમ્બર ૨૦૨૪માં ભારતમાં પહેલી ટેસ્ટ શ્રેણી (૩-૦થી ક્લીન સ્વીપ) જીત્યા બાદ, તેણે રવિવારે પહેલી ODI શ્રેણી પણ જીતી, જેનાથી ૩૭ વર્ષની રાહનો અંત આવ્યો. બંને ટીમો હવે ૨૧ જાન્યુઆરીથી શરૂ થતી પાંચ મેચની ૨૦ શ્રેણીમાં રમશે.

તેના સ્ટાર ખેલાડીઓની ગેરહાજરીમાં, ન્યુઝીલેન્ડની યુવા ટીમે ૦-૧ થી પાછળ રહીને શાનદાર વાપસી કરી, વિશ્વની નંબર વન ટીમને ૨-૧ થી હરાવી અને તેમના ઘરઆંગણે વર્ચસ્વનો અંત લાવ્યો. ટીમે ત્રીજી અને નિર્ણાયક વનડેમાં ભારતને ૪૧ રનથી હરાવ્યું. આ હાર સાથે, ભારતનો ઘરઆંગણે સાત વર્ષનો, ૧૧ શ્રેણી જીતવાનો સિલસિલો સમાપ્ત થયો.કોહલીની ૫૪મી સદી ડેરિલની નવમી અને ફિલિપ્સની બીજી સદી ભારે પડી. ન્યૂઝીલેન્ડ દ્વારા આપવામાં આવેલા ૩૩૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ ૪૬ ઓવરમાં ૨૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. હોલ્કરમાં આઠ મેચમાં ભારતીય ટીમનો આ પહેલો પરાજય છે.જ્યારે બે મેચમાં ન્યૂઝીલેન્ડનો આ પહેલો વિજય છે. જ્યાં સુધી કોહલી ક્રીઝ પર હતો ત્યાં સુધી આશા હતી પરંતુ ૪૬મી ઓવરમાં ક્લાર્કના બોલ પર મોટો શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે તે ડેરિલના હાથે કેચ આઉટ થઈ ગયો. તેના આઉટ થતાં જ સ્ટેડિયમમાં શાંતિ છવાઈ ગઈ. તેણે ૧૦૮ બોલમાં ૧૨૪ રનની ઈનિંગ રમી.ભારતે ૭૧ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. કોહલીએ પોતાની બોલિંગ સંભાળી, નીતિશ કુમાર (૫૩) અને રાણા (૫૨) એ તેને ટેકો આપ્યો. રોહિતે બાઉન્ડ્રી વડે ઈનિંગની શાનદાર શરૂઆત કરી. બીજા છેડે કેપ્ટન ગિલે પણ ઈનિંગ રમી સારા ફોર્મમાં દેખાતો હતો. રોહિતે ખૂબ જ વહેલા જેક્સ તરફથી સારી લંબાઈનો બોલ રમ્યો અને મિડ-ઓન પર ક્લાર્ક દ્વારા કેચ આઉટ થયો.ક્રીઝ પર રહેલા કોહલીએ ડીપ મિડવિકેટ પર જેક્સને સિક્સ ફટકારીને પોતાના ઈરાદા દર્શાવ્યા. જોકે ભારતને સાતમી ઓવરમાં બીજો ફટકો પડ્યો જ્યારે ગિલે જેમિસનના બોલનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તે બોલ તેના સ્ટમ્પ પર વાગ્યો. શ્રેયસ અને રાહુલ ઝડપથી આઉટ થઈ ગયા.નીતિશના ગયા પછી જાડેજા મોટા શોટ રમવાનો પ્રયાસ કરતી વખતે, તે ડીપ મિડવિકેટ પર કેચ પકડાઈ ગયો. જેમ જેમ રન રેટ વધતો ગયો, કોહલીએ તેને ફેરવવાનું ચાલુ રાખ્યું. ઈન્દોરના પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટ સાથે તેણે પોતાની સદી પૂરી કરી. રાણાની અડધી સદી એ ઈનિંગે થોડા સમય માટે આશાઓ જગાવી.જોકે, જરૂરી રન રેટ ખૂબ ઊંચો હતો. કોહલીના આઉટ થવાથી ભારતની હાર નક્કી થઈ ગઈ. ડેરિલ (૧૩૭) અને ફિલિપ્સ (૧૦૬) ની સદીઓથી ન્યુઝીલેન્ડ ટીમનો સ્કોર આઠ વિકેટે ૩૩૭ હતો. ન્યુઝીલેન્ડના બંને ઓપનર સાત બોલમાં પેવેલિયન પાછા ફર્યા હતા, જેના કારણે સ્કોરબોર્ડ પર પાંચ રન બાકી હતા. ત્યારબાદ ડેરિલે ગ્લેન ફિલિપ્સ સાથે ચોથી વિકેટ માટે ૨૧૯ રનની ભાગીદારી કરીને ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી.

# વર્લ્ડકપ શેડ્યૂલમાં કોઈ ફેરફાર થશે નહી

### ગ્રુપ ફેરફારની માંગણી પર આયર્લેન્ડનો ઇન્કાર : બાંગ્લાદેશ માટે આંચકો




બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડએ ICC સમક્ષ આયર્લેન્ડ સાથેના તેના ગ્રુપમાં ફેરફાર કરવાનો વિકલ્પ રજૂ કર્યો છે જેથી તેને તેની મેચ ભારતને બદલે શ્રીલંકામાં રમવી પડે. હવે આયર્લેન્ડ ક્રિકેટે આ બાબતે પ્રતિક્રિયા આપી છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો છે અને તેણે ૨૦ વર્લ્ડ કપની મેચ ભારતને બદલે શ્રીલંકામાં રમવાની માંગ કરી છે. આ અંગે, ઢાકામાં BCB સાથે ICC પ્રતિનિધિઓની બેઠક યોજાઈ છે.

બીસીબીની માંગ વચ્ચે, ક્રિકેટ આયર્લેન્ડે કહ્યું છે કે તેમને ખાતરી મળી છે કે તેમના વર્લ્ડ કપ શેડ્યૂલમાં કોઈ ફેરફાર થશે નહી. ક્રિકેટ આયર્લેન્ડે એમ પણ કહ્યું છે કે તેઓ તેમની બધી વર્લ્ડ કપ મેચ ફક્ત શ્રીલંકામાં જ રમશે. ક્રિકેટ આયર્લેન્ડે કહ્યું, "અમને ખાતરી મળી છે કે અમે મૂળ શેડ્યૂલથી ભટકીશું નહી. અમે ચોક્કસપણે ગ્રુપ સ્ટેજ શ્રીલંકામાં રમીશું.''

ઈવેન્ટ્સ અને કોર્પોરેટ કોમ્યુનિકેશન્સના જનરલ મેનેજર ગૌરવ સક્સેના અને ઈન્ટિગ્રિટી યુનિટના જનરલ મેનેજર એન્ડ્રુ એફગ્રેવ સહિતની બે સભ્યોની ICC ટીમે ઢાકામાં BCB અધિકારીઓ સાથે મુલાકાત કરી.બેઠક દરમિયાન, તેમણે ભારતમાં સુરક્ષા વ્યવસ્થા અંગે ઈઈઈને ખાતરી આપવાનો પ્રયાસ કર્યો. ICC અધિકારીઓ સાથેની બેઠક બાદ, BCB એ જણાવ્યું હતું કે, "બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં બાંગ્લાદેશની ભાગીદારી સંબંધિત બાબતો પર ચર્ચા કરવા માટે ICC પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી.''ચર્ચા દરમિયાન, BCB એ બાંગ્લાદેશની મેચોને શ્રીલંકામાં સ્થાનાંતરિત કરવા માટે ICC ને તેની ઔપચારિક વિનંતીનો પુનરોચ્ચાર કર્યો.એવું માનવામાં આવે છે કે ટૂર્નામેન્ટ દરમિયાન લોજિસ્ટિકલ અવરોધો અને સમયપત્રકમાં ફેરફારને કારણે ICC બાંગ્લાદેશની વિનંતીને સ્વીકારવામાં અનિચ્છા ધરાવે છે.

# સળંગ ૨૮ કલાક સુધી ફુટબોલને હવામાં જ રાખ્યો : અનોખો રેકોર્ડ



સ્વીડનના ફૂટબોલ ખેલાડીએ અદ્ભૂત કૌશલ્યનું પ્રદર્શન કરીને ગીનીસ બુકમાં સ્થાન મેળવ્યું છે તેણે સતત ૨૮ કલાક સુધી ફુટબોલને હવામાં જ કંટ્રોલ કરી રાખીને જમીન પર પડવા દીધો ન હતો.પગ, ગોઠણ, છાતી અને માથાની મદદથી આ અદભૂત કારનામુ કર્યું હતું. સ્વીડનના લિંકોપિંગ શહેરમાં સર્જેલાં આ રેકોર્ડની ખાસ વાત એ હતી કે એકદમ સરળતાથી બોલને કંટ્રોલ કરતો રહ્યો હતો અને હવામાં જ બોલ પર સંતૂલન જાળવ્યું હતું.

# ડેરીલ મિચેલને મજાકમાં કોહલીએ ધક્કો માર્યો




ન્યૂઝીલેન્ડે ભારતમાં ઈતિહાસ રચતા પહેલીવાર વન-ડે સિરીઝ પોતાના નામે કરી લીધી છે. ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી વન-ડેમાં કિવી ટીમે ભારતને ૪૧ રનથી હરાવ્યું. આ સાથે જ આ મેદાન પર ભારતની આ પહેલી વન-ડે હાર પણ રહી.

વિરાટ કોહલી એ વન-ડેમાં નં.૩ પર સૌથી વધુ રન બનાવનાર બેટર બન્યો અને ન્યૂઝીલેન્ડ સામે સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. પરંતુ તેની આ ઈનિંગ ટીમને જીત સુધી પહોંચાડી શકી નહી.

મેદાન પર ખેલાડીઓ વચ્ચેની મિત્રતા અને રમૂજની એક રસપ્રદ ક્ષણ જોવા મળી. ન્યૂઝીલેન્ડના બેટ્સમેન ડેરીલ મિચેલ આઉટ થઈ પેવેલિયન તરફ જઈ રહ્યા હતા ત્યારે વિરાટ કોહલીએ તેમની સારી બેટિંગની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ જ્યારે મિચેલ બાઉન્ડરી કૂશન નજીક પહોંચ્યા, ત્યારે કોહલીએ મજાકના સ્વરમાં તેમને હળવો ધક્કો મારીને 'જલદી પેવેલિયન જાવ' એવી રમૂજી અદામાં સંકેત આપ્યો. બંને ખેલાડીઓ વચ્ચેની આ હળવી મસ્તીથી મેદાન પર હાસ્યની લહેર ફરી વળી હતી.

# વિજય હજારે ટ્રોફી : ચેમ્પિયન બનવાનું સૌરાષ્ટ્રનું સ્વપ્ન રોળાયુ

### સૌરાષ્ટ્રને હરાવી વિદર્ભ પ્રથમવાર વિજેતા




અથર્વ તાયડેની ૧૨૮ રનની સદી અને યશ રાઠોડના ૫૪ રન અને યશ ઠાકુરની ચાર વિકેટની મદદથી વિદર્ભે રવિવારે સૌરાષ્ટ્રને ૩૮ રનથી હરાવીને પ્રથમ વખત વિજય હજારે ટ્રોફી જીતી લીધી.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા વિદર્ભે આઠ વિકેટે ૩૧૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. તાયડે અને રાઠોડે બીજી વિકેટ માટે ૧૩૩ રન ઉમેર્યા. ત્યારબાદ તેમના બોલરોએ સૌરાષ્ટ્રની ટીમ ૪૮.૫ બોલમાં ૨૭૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

સૌરાષ્ટ્ર તરફથી પ્રેરક માંકડે ૮૮ અને ચિરાગ જાનીએ ૬૪ રન બનાવ્યા. તેમના અન્ય બેટ્સમેન નોંધપાત્ર યોગદાન આપી શક્યા નહી. વિદર્ભ તરફથી, ઠાકુરની ચાર વિકેટ ઉપરાંત, નચિકેત ભુતેએ ત્રણ, દર્શન નાલકંડેએ બે અને હર્ષ દુબેએ એક વિકેટ લીધી.

# ખેલાડીઓએ ઘણી ભૂલોનું પુનરાવર્તન કર્યું : વનડે શ્રેણી હાર્યા બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલ ભડક્યો




રવિવારે ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણી હાર્યા બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું હતું કે, વિરાટ કોહલીનું શાનદાર ફોર્મ અને હર્ષિત રાણાનું ઓલરાઉન્ડ પ્રદર્શન ટીમ માટે સકારાત્મક પાસાં છે, પરંતુ તેમ છતાં ટીમને ઘણા ક્ષેત્રોમાં સુધારો કરવાની જરૂર છે.


શ્રેણીના નિર્ણાયક મેચમાં, વિરાટ કોહલીએ તેની રેકોર્ડ-વિસ્તરણ ૫૪મી વનડે સદી ફટકારી, પરંતુ ૩૩૮ રનના લક્ષ્યનો પીછો કરતી ભારત ૪૬ ઓવરમાં ૨૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું અને મેચ ૪૧ રનથી હારી ગયું.શ્રેણી હાર્યા બાદ, ગિલે કહ્યું, "પહેલી મેચ જીત્યા પછી શ્રેણી ૧-૧ થી બાબર હતી, તેથી અમે અહીં જે રીતે રમ્યા તેનાથી અમે નિરાશ છીએ. એવા ઘણા ક્ષેત્રો છે જ્યાં આપણે પાછળ ફરીને જોવાની, આત્મનિરીક્ષણ કરવાની અને સુધારવાની જરૂર છે.''તેઓએ હાર માટે કોઈ એક ખેલાડી પર દોષ આપ્યો ન હતો, પરંતુ તેણે સ્પષ્ટ કર્યું કે તે ટોપ-ઓર્ડરની નિષ્ફળતા, બેટ્સમેનો દ્વારા બિનજવાબદાર શોટની પસંદગી અને ફિલ્ડિંગમાં થયેલી સતત ભૂલોથી અત્યંત નારાજ છે. તેણે સ્વીકાર્યું કે ખેલાડીઓએ ઘણા મહત્વપૂર્ણ તકોએ ભૂલોનું પુનરાવર્તન કર્યું અને યોજનાઓનું યોગ્ય રીતે પાલન થઈ શક્યું નહીં.વિરાટ કોહલીની પ્રશંસા કરતા કહ્યું, "વિરાટ જે રીતે બેટિંગ કરે છે તે હંમેશા અમારા માટે એક મોટી પ્લસ છે. અને હર્ષિત જે રીતે ૮ નંબર પર બેટિંગ કરે છે તે સરળ નથી. તેણે જે રીતે પોતાની જવાબદારી નિભાવી છે તે પ્રશંસનીય છે. વધુમાં, અમારા ઝડપી બોલરોએ પણ આ શ્રેણીમાં સારું પ્રદર્શન કર્યું છે.''

નીતિશ કુમાર રેડ્ડી વિશે ગિલે કહ્યું, "વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને, અમે તેને તકો આપવા માંગીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે તે પૂરતી ઓવરો બોલે જેથી અમે સમજી શકીએ કે કયા સંયોજનો અને કયા બોલ અમારા માટે શ્રેષ્ઠ કામ કરે છે.''ગિલની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે બીજી વનડેમાં હાર બાદ, ભારતીય સહાયક કોચ રાયન ટેન ડોશેટે સ્વીકાર્યું હતું કે નીતિશ તેને આપવામાં આવેલી તકોમાં વધુ પ્રભાવ પાડી રહ્યા નથી.

# સ્મૃતિ મંધાના, શેફાલી વર્માની ઝલક જોવા ચાહકોની ભીડ

### દિલ્હી, મુંબઇ અને બેંગલુરૂની ટીમ વડોદરા પહોંચી, પુત્ર સાથે વિદેશી ક્રિકેટરે સૌનું ધ્યાન ખેંચ્યુંઃ કાલથી WPLની મેચ શરૂ

વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં આવતીકાલથી વુમન્સ પ્રીમિયર લીગની મેચો રમાશે. જેને લઈને તમામ ટીમો વડોદરા આવી રહી છે. આજે દિલ્હી કેપિટલ્સ, મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમ વડોદરા એરપોર્ટ આવી પહોંચી હતી. ચાર ખેલાડીઓની એક ઝલક મેળવવા મોટી સંખ્યામાં ચાહકો ઉમટી પડ્યા હતા. આવતીકાલે પહેલી મેચ ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે.




વુમન્સ પ્રીમિયર લીગની શરૂઆત ૯ જાન્યુઆરીથી થઈ હતી. શરૂઆતની ૧૧ મેચ નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં રમાઈ હતી. બાકીની ૧૧ મેચ હવે વડોદરાના કોટાંબી સ્ટેડિયમમાં રમાશે. ૩ ફ ે બ્ર ુ આ ા ર ી ન ા એલિમિનેટર અને ૫ ફેબ્રુઆરીએ ફાઈનલ મેચમાં પણ સામેલ છે. આ તમામ મેચ રમવા માટે આજે વડોદરા એરપોર્ટ પર દિલ્હી કેપિટલ, મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમ પહોંચી હતી. જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પોતાની મનપસંદ ખેલાડીઓને જોવા માટે લોકો પણ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. એરપોર્ટ પરથી તમામ ટીમો હોટલ ઉપર જવા રવાના થઈ હતી.

આ ક્રિકેટરોમાં સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમા રોડરીક, હરમનપ્રીત કૌર, રિચા ઘોષ, વડોદરાની રાધા યાદવ સહિતની ક્રિકેટરનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત વિદેશી ક્રિકેટરો પણ વડોદરા પહોંચ્યા છે. મુંબઈ ઈન્ડિયન્સની એક વિદેશી ક્રિકેટર તો પોતાના પુત્ર સાથે પહોંચી હતી. જેને સૌ કોઈ લોકોને ધ્યાન ખેંચ્યું હતું. આ ઉપરાંત દિલ્હી કેપિટલ્સના બોલિંગ કોચ વેંકટેશ પ્રસાદ પણ પહોંચ્યા હતા.

ક્રિકેટરસિક વૈશાલી રાજપૂતે જણાવ્યું હતું કે, હું તો અહીં મારા મિત્રને મૂકવા આવી હતી. હું તાજેતરમાં જ પુરીથી આવી છું એટલે જગન્નાથ બાબાના આશીર્વાદ હતા. એટલે મને મારી ફેવરિટ પ્લેયર શૈફાલી વર્મા અહીં મળી ગઈ. અહીં ૩ ટીમો જોવા મળી. હું એટલું જ કહીશ કે ટીમ ઈન્ડિયાના જે મહિલા પ્લેયર્સ છે, એમને અમે બહુ સારી રીતે ઓળખીએ છીએ. આજે જ્યારે અમે તેમને મળ્યા ત્યારે બધાએ જે રીતે પ્રતિસાદ આપ્યો, એમને બધાએ 'હાય' કર્યું, તે જોઈને અમે ખૂબ જ આનંદિત અને ગ્રેડફુલ અનુભવીએ છીએ.

ક્રિકેટરસિક પ્રેમ સોલંકીએ જણાવ્યું હતું કે, હું અહી મહિલા ક્રિકેટરોને જોવા માટે અને તેમનો ઓટોગ્રાફ લેવા માટે આવ્યો હતો. જોકે, રૂબરૂ મળવાનું તો ન થયું પણ તેમને જોઈ શકાયા. મારા ફેવરિટ ક્રિકેટર સ્મૃતિ મંધાના છે. મેં એમને નજીકથી જોયા હતા. મેં તેમને પહેલીવાર જોયા છે અને મને ખૂબ જ સારું લાગ્યું છે.

આ પહેલા ગુજરાત જાયન્ટ્સની ટીમ ગઈકાલે વડોદરા આવી પહોંચી હતી. આજે દિલ્હી કેપિટલ, મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમો વડોદરા આવી પહોંચી છે અને આવતીકાલે સોમવારે યુપી વોરિયર્સની ટીમ પણ વડોદરા આવશે.

# શું રોહિત શર્માએ બેટિંગ અભીગમ બદલ્યો ?

### છેલ્લા ૧૮ મહિનામાં અનેક પ્રસંગોએ ટીમને આગળ લઈ જવાની જવાબદારી પોતાના પર લઈ રહ્યો છે

૨૦૨૨ના ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ભારતને મળેલી હાર બાદ તરત જ રોહિત શર્માએ સ્વીકાર્યું હતું કે ભારતનો વ્હાઈટ-બોલ બેટિંગ ટેમ્પ્લેટ હવે લગભગ જૂનો થઈ ગયો છે. ત્યારબાદ ટૂંક સમયમાં જ ટી૨૦આઈ અને વનડે - બંને ફોર્મેટમાં ઈનિંગ્સ રચવાની પદ્ધતિમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો. તેના પરિણામો પણ સામે આવ્યા અને શરૂઆતથી જ બોલરો પર આક્રમણ કરીને જોખમ લેવાની દિશામાં રોહિત પોતે જ આગેવાની લેતો જોવા મળ્યો.

છેલ્લા ૧૮ મહિનામાં અનેક પ્રસંગોએ રોહિતે કહ્યું છે કે ટીમને આગળ લઈ જવાની જવાબદારી તે પોતાની ઉપર લે છે. આ બદલાયેલા અભિગમના કારણે ભારતે અતિઆક્રમક બેટિંગ શૈલી અપનાવી, જેના કારણે ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપ, ૨૦૨૪ના ટી૨૦ વર્લ્ડ કપ અને ગયા વર્ષના ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમના પ્રદર્શનને નોંધપાત્ર મજબૂતી મળી.




પરંતુ શૂબમન ગિલના વનડે કેપ્ટન બન્યા બાદ રોહિતનો એક અલગ જ ચહેરો જોવા મળ્યો છે. તેની બેટિંગમાં રહેલી નિર્ભયતા હવે વધુ સંયમિત શરૂઆતમાં બદલાઈ ગઈ છે. શરૂઆતના લગભગ ૨૦-૩૦ બોલમાં તેની ડોટ-બોલ ટકાવારી લગભગ ૮૦ ટકા આસપાસ છે. પરિણામે ટીમ હવે વધુ ધીમી શરૂઆત રહી છે, જે ચેમ્પિયન્સ ટ્રોફી સુધી જોવા મળતી સ્થિતિથી સ્પષ્ટ રીતે અલગ છે.

છેલ્લા છ મહિનાથી રોહિત ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ સુધી ટકી શકશે કે નહીં તે અંગે ઊભી થતી શંકાઓનો સામનો કરી રહ્યો છે. ૩૯ વર્ષની ઉંમરે તેને સમજાયું કે ફિટનેસ ધોરણો સાથે પોતાને અનુરૂપ રાખવા માટે ૧૦ કિલોથી વધુ વજન ઘટાડવું પડશે. પરંતુ તેની બેટિંગમાં હવે તેણે વધુ સંયમિત અભિગમ અપનાવ્યો હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં રાજકોટમાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી બીજી વનડેમાં તેણે શરૂઆતના ૧૦ બોલમાં એક પણ રન કર્યા વગર રમવાનું પસંદ કર્યું હતું. તે હવે શરૂઆતમાં બોલરો પર દબાણ બનાવવા કરતાં તેમની ધીરજ અજમાવે છે અને નબળા બોલને ફટકારવાની રાહ જુવે છે.

ભારતના સહાયક કોચ રાયન ટેન ડોશેટે કહ્યું, મને નથી લાગતું કે આ કોઈ જાગૃત રીતે અપનાવેલો અભિગમ છે. રોહિત સામાન્ય રીતે જેટલો પ્રવાહમાં રમે છે, એટલો હાલમાં દેખાતો નથી. હવે તે ફક્ત વનડે ફોર્મેટમાં રમે છે અને સિરિઝ વચ્ચે ક્રિકેટ ન રમવું તેના માટે એક પડકાર બની રહ્યું છે.તેમના આ નિવેદનથી પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટની મુખ્ય ચિંતા સ્પષ્ટ થાય છે, ખાસ કરીને રોહિત અને ટીમના બીજા અનુભવી બેટર વિરાટ કોહલીને લઈને. કોહલીની તુલનામાં રોહિતને લય પકડવામાં વધુ સમય લાગે છે અને તેની મોટી ઈનિંગ્સ સામાન્ય રીતે સિરિઝના બીજા ભાગમાં આવે છે.

### હજીરા ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે

# ગંગાસ્વરૂપા બહેનો, શાળાના બાળકો અને જરૂરિયાતમંદોને સાધન સહાયનું વિતરણ

## ગણેશ વિસર્જનમાં મળેલા દાનનો સેવાકીય કાર્યોમાં ઉપયોગ કરવો એ સેવાનું ઉત્તમ ઉદાહરણઃ હર્ષ સંઘવી

સુરત, તા.૧૯

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ચોર્યાસી તાલુકાના હજીરા ખાતે ગંગાસ્વરૂપા બહેનોને આર્થિક સહાય, જરૂરિયાતમંદોને મેડિકલ સાધનો તેમજ શાળાના બાળકોને યુનિફોર્મ સહાયનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગણેશ ઉત્સવ આસ્થાનું પર્વ છે. હજીરા રાધેક્રિષ્ના સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હજીરા ઓવારા ખાતે ગણેશ વિસર્જન માટે કરવામાં આવતી તૈયારી અને વ્યવસ્થા ખરેખર અભિનંદનને પાત્ર છે. વિશેષરૂપે, ગણેશ વિસર્જન દરમિયાન મળતું દાન સંપૂર્ણપણે સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાય છે, જે સમાજ માટે પ્રેરક ઉદાહરણ છે. વધુમાં તેમણે કહયું કે, હજીરા રાધેક્રિષ્ના સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બોટ પોઈન્ટ ઓવારા પર વર્ષ ૨૦૨૫ના ગણેશ વિસર્જન દરમિયાન પ્રાપ્ત થયેલ દાનમાંથી આ સહાયથી સમાજના અંતિમ સ્તરે રહેલા જરૂરિયાતમંદોને સીધો લાભ મળી રહ્યો છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈ, અગ્રણી શ્રીમતી ઝંખનાબેન પટેલ, ટ્રસ્ટના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.



**સાહિત્ય ,સંગીત અને પ્રકૃતિને સમર્પિત બુધસભા વલસાડના ૧૧ મા વરસની ઉજવણી સબંધિત બાઉલ મહોત્સવનું આયોજન ડો.રાધિકા રાહુલ ટીક્કુ મારફત તારીખ ૧૭ જાન્યુઆરી ના રોજ શાંતિ મંદિર ખાતે આયોજન થયેલું . જેમાં બાઉલ બંગાળી ગીતો અને લાઇવ પેઇન્ટિંગ ની કલાકૃતિઓ ખૂબ સુંદર રીતે રજૂ થઈ.**



# મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા કફન વિતરણ

સુરત, તા.૧૯

આજે ૧૮/૦૧/૨૦૨૬ના રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન પર ૮૩ મો કફન વિતરણનો કાર્યક્રમ કર્યો હતો. દાતા શ્રી નટવરભાઈ ગોહિલ દ્વારા સ્વ. હિતેશભાઈ નરસિંહભાઈ ગોહિલ ના સ્મરણાર્થે સુરત રેલ્વે સ્ટેશનના પોલીસ ઇસ્પેક્ટર એસ જી ધોડિયા અને વી આર વસાવાને ૫૫ મીટર કાપડ અર્પણ કર્યું હતું. આજદિન સુધીમાં બિનવારસી લાશ માટે ટોટલ ૪૭૦૦ મીટર જેટલું કાપડ કફન માટે અર્પણ કરાયું છે. આ કાર્યક્રમમાં યુવક મંડળ ના પ્રમુખ હરીશ પીપવાલા ના માર્ગ દર્શન હેઠળ યોજાયેલ સેવા કાર્ય માં સાથે નીતિન ઘાએલ, વસંત ગોળવાલા, અરૂણ પાનવાલા, જયવદન ઘીવાલા, ધર્મેશ લાપસીવાલા, આશિષ મોદી, ડૉ. ધર્મેશ મહેતા, વિપુલ ગાંધી અને ઉમંગ લાપસીવાલા હાજર રહી આ કફન વિતરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પ્રચાર પ્રસાર ની સેવા SMV પ્રેસ મીડિયા કમિટી ના કન્વિનર પરેશ ભાટિયા આપી હતી. આભાર વિધિ વસંત ગોળવાળા એ કરી હતી.

# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટની મહિલાઓ માટે કેન્સર અવરનેસ કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૧૯

શ્રી જે. બી. મોદી કેન્સર સેન્ટર તથા ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખી બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ, સર્વાઈકલ કેન્સર અંગે કાઉન્સેલિંગ તથા HPV રસીકરણ અંગે માર્ગદર્શન આપવાનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો તથા સમયસર નિદાન અને પ્રતિરોધક પગલાં અંગે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત ડોક્ટરો દ્વારા બ્રેસ્ટ કેન્સરના લક્ષણો, સ્વ-પરિક્ષણની પદ્ધતિ, સર્વાઈકલ કેન્સરની વહેલી ઓળખ, તેમજ HPV રસીકરણની મહત્વતા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રિવેન્ટિવ ઑન્કોલોજિસ્ટઃ ડૉ. ભૂમિકા પંચાલ, કોર્ડિનેટર મિતેશભાઈ પટેલ , ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી પરેશ મેવાડા , તેમજ સંસ્થાની બહેનો વૈશાલી ચંદેલ, નીતા બરસકવાળા અને અમિતા રાણા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાંઉપસ્થિત મહિલાઓને વ્યક્તિગત કાઉન્સેલિંગ આપવામાં આવ્યું હતું અને તેમની



શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું હતું. સાથે જ, જરૂરી મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ પણ કરવામાં આવ્યું હતું. શ્રી જે. બી. મોદી કેન્સર સેન્ટર અને ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમને મહિલાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આયોજક સંસ્થાઓએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ આવા જાગૃતિ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે જેથી વધુમાં વધુ મહિલાઓ લાભ લઈ શકે.

# ભરૂચમાં મહિલા પોલીસ માટે કેન્સર વિરોધી રસીકરણ કેમ્પ

અંકલેશ્વર, તા.૧૯

ભરૂચ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી અક્ષય રાજ સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા મહિલા અધિકારી/ કર્મચારીઓને સક્ષમ અને સશક્ત બનાવવા તથા મહિલાઓના આરોગ્ય અને પોષણના પડકારોને ઓળખવા, તેમને સમયસર આરોગ્ય સેવાઓ પુરી પાડી, મહિલાઓમાં જોવા મળતા હાયપરટેન્શન, ડાયાબિટીસ, બ્રેસ્ટ કેન્સર, સર્વાઈકલ કેન્સર, એનિમિયા અને સિકલસેલ જેવા રોગો અંગે યોગ્ય જાગૃતિ આવે તે હેતુથી ભરૂચ જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા મહિલા અધિકારી /કર્મચારીઓને જે તે વિષયના નિષ્ણાત ડૉક્ટર તથા તજજ્ઞો દ્વારા અવેરનેશ કાર્યક્રમ યોજવામાં આવેલ જેના ભાગરૂપે ભરૂચ જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા ૧૦૦ મહિલા પોલીસ અધિકારી / કર્મચારીઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા સર્વાઈકલ કેન્સરની વેક્સિન વિનામુલ્યે આપવામાં આવેલ છે. આજ તા.૧૮/૦૧/૨૦૨૬ના રોજ ઉક્ત તમામને વેક્સિનનો ત્રીજો ડોઝ આપવામાં આવેલ. આ અગાઉ પ્રથમ અને બીજો ડોઝ અનુક્રમે જુલાઈ ૨૫ અને સપ્ટેમ્બર ૨૫માં આપવામાં આવેલ હતો. આ સાથે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા સર્વાઈકલ કેન્સરની વેક્સિનનો સંપૂર્ણ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

# ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજનું સ્નેહમિલન સમારંભ યોજાયો

## ચોર્યાસી તાલુકામાં વિકાસકાર્યોથી લોકસુવિધા વધી છેઃ નાયબ મુખ્યમંત્રી

સુરત, તા.૧૯

ઉધના મગદલ્લા રોડ પાસે જીઆવ બુડિયા સ્થિત રામજીવાડી ખાતે ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજના સ્નેહમિલન સમારોહમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર લોકો માટે છે અને લોકોના હિતમાં સતત કાર્ય કરી રહી છે. ચોર્યાસી તાલુકામાં માર્ગ, શિક્ષણ પ્રકલ્પો, આરોગ્ય તથા બ્રિજ સહિતના વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે, જેના કારણે સ્થાનિક લોકોને સીધો લાભ મળ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે, આશરે રૂ.૧૬૭ કરોડના ખર્ચે આભવા અને ખજોદના મહત્વના બ્રિજને મંજૂરી આપવામાં આવી છે, જેના કારણે કાંઠા વિસ્તારના લોકોનું આવાગમન સરળ બનશે તેમજ વિકાસને નવી ગતિ મળશે. પૂર્વ ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે પ્રાસંગિક સંબોધનમાં સરકારના વિકાસલક્ષી કાર્યોની સરાહના કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ, ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઈ પટેલ, કોર્પોરેટરો તેમજ કોળી સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# યુપીએલ યુનિવર્સિટી અંકલેશ્વર ઇન્ટરનેશનલ મેરાથોન યોજાઈ

## સીઝન ૪માં સ્વાસ્થ્ય, સંકલ્પ અને સમુદાય ઉત્સવનો હૃદયસ્પર્શી સંગમ

અંકલેશ્વર, તા.૧૯

રવિવારના રોજ AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલ"-યુનિવર્સિટી અંકલેશ્વર ઈન્ટરનેશનલ મેરાથોન – સીઝન ૪ અંકલેશ્વર માટે માત્ર એક રમતોત્સવ નહીં, પરંતુ સ્વસ્થ જીવનશૈલી, સામૂહિક એકતા અને માનવ સંકલ્પનો ઉજાસ બની રહી. દેશ-વિદેશમાંથી આવેલા ૪૦૦૦થી વધુ દોડવીરોની ઉત્સાહભરી ભાગીદારીએ શહેરને ઉર્જા અને ગૌરવથી ભરી દીધું.



મેરાથોન દરમિયાન દોડ સાથે ઝુંબા સેશન, ગરબા, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી, આઈસ બાથ રિકવરી, જીવંત ઈન્ટરએક્શન અને હાસ્યસભર પ્રવૃત્તિઓએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું. સંગીત, નૃત્ય અને ફિટનેસના સંગમથી દોડવીરોની થાકેલી પગલાંઓમાં પણ નવી તાકાત અને આત્મવિશ્વાસ ઝલકતો હતો. દોડવીરોને પ્રોત્સાહન અને સન્માન આપવા માટે વિવિધ અંતર અને વય જૂથોમાં અંદાજે રૂ. ૪ લાખની કુલ ઈનામ રકમ, સાથે દરેક પૂર્ણ કરનાર દોડવીરને આકર્ષક મેડલ્સ, દોડ દરમિયાન અને પછી પોષક તથા તાજગીભર્યા રિફ્રેશિંગ ફૂડ અને પીણાં, તેમજ તરત જ આરોગ્યસંભાળ માટે વ્યવસાયિક ફિઝિયોથેરાપી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી. આ વ્યવસ્થાઓએ દોડવીરોમાં સુરક્ષા, ઉત્સાહ અને સંભાળની લાગણીને વધુ મજબૂત બનાવી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોમાં મામલતદાર અંકલેશ્વર શ્રી કરણસિંહ રાજપૂત, GPCB રીજનલ મેનેજર ડૉ. જિગ્નાશા ઓઝા, NCT ડિરેક્ટર શ્રી ઉમેશ ચૌહાણ, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાળા સાહેબ માન. સેક્રેટરી શ્રી અશોક પંજવાની, AIDS મોબાઈલ એજ્યુકેશન વેન કોઓર્ડિનેટર શ્રીમતી મીરા પંજવાની, માન. જૉઈન્ટ સેક્રેટરી શ્રી સુભાષ પટેલ, તેમજ ટ્રસ્ટીઓ શ્રી કમલેશ ઉદાણી, શ્રી અશ્વની સક્સેના અને શ્રી પુરુષોત્તમ ચંદક, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ શ્રી વિમલ જેટવા સહિત અનેક ઉદ્યોગપતિઓ, દાતાઓ અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું.

**ગાઝા પીસ બોર્ડમાં**
**પહેલા પાનાનું ચાલુ**

સોમવારે પાક. આમંત્રણ સ્વીકારી લેશે. જો કે સૂત્રોના જણાવ્યા મુજબ ગાઝા પીસ પ્લાન ઓઠા હેઠળ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના રીયલ એસ્ટેટ બિઝનેસને પણ આગળ ધપાવવા માંગે છે.અગાઉ જ ગાઝામાં ટ્રમ્પ પ્લાઝા હોટેલ વિના એ.આઈ. વિડીયો વાયરલ થયા હતા. ટ્રમ્પ ગાઝામાં એક પેલેસ્ટાઈન કમીટી જે અમેરિકા તરફી હોય અને એક આંતરરાષ્ટ્રીય સુરક્ષા દળ- હમાસનું પુરી રીતે નિશસ્ત્રીકરણ વિ.નો સમાવેશ થાય છે. ટ્રમ્પે દુનિયાના અનેક દેશોના વડાઓને આ પ્રકારે નિમંત્રણ મોકલ્યા છે.

**ચિલીના જંગલમાં આગ**
**પહેલા પાનાનું ચાલુ**

આ બે પ્રદેશોમાં લાગેલી આગ અત્યાર સુધીમાં લગભગ ૮,૫૦૦ હેક્ટર (૨૧,૦૦૦ એકર) બળી ગઈ છે. આગને કારણે ૨૦ હજારથી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. કેટલાક અહેવાલો મુજબ આ સંખ્યા ૫૦ હજારથી જેટલી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી, સેનપ્રેડ, એ જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા ૨૫૦ ઘરો સંપૂર્ણપણે બળી ગયા છે. ઘણી જગ્યાએ, લોકો તેમના પાલતુ પ્રાણીઓ અને સામાન બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મેયરો સાથેની બેઠક બાદ, રાષ્ટ્રપતિ બોરીકે સાંજે મૃત્યુઆંકની પુષ્ટિ કરી અને કહ્યું કે આ સંખ્યા વધુ વધી શકે છે, કારણ કે ઘણા લોકો હજુ પણ ગુમ છે.

જોરદાર પવનોએ મુશ્કેલીઓ વધારી દીધી છે. હવામાનને કારણે આગ વધુ ગંભીર બની છે. રવિવાર અને સોમવારે સેન્ટિયાગોથી બાયોબિઓ સુધી તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ (૧૦૦ ફેરનહીટ) સુધી પહોંચવાની ધારણા છે. દેશના મોટા ભાગોમાં ભારે ગરમીની ચેતવણી લાગુ કરવામાં આવી છે.

**સ્પેનમાં**
**પહેલા પાનાનું ચાલુ**

એડમ્યુઝ સ્ટેશન પાસે રવિવારે સાંજે ૫:૪૦ ૠખઝ (ભારતીય સમય મુજબ રાત્રે ૧૧:૧૦) વાગ્યે થઈ હતી. સ્પેનની રેલ સંસ્થા છૈંહ્નએ જણાવ્યું કે, મલાગાથી મેડ્રિડ જઈ રહેલી ટ્રેન (ઈર્યો ૬૧૮૯) પાટા પરથી ઉતરી ગઈ અને બાજુના ટ્રેક પર ચાલી ગઈ હતી. તે જ સમયે, સામેથી મેડ્રિડથી હુએલ્વા જઈ રહેલી બીજી ટ્રેન સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી.

આ દુર્ઘટનાને પગલે મેડ્રિડ અને એન્ડાલુસિયા વચ્ચેની હાઈ-સ્પીડ રેલ સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. એન્ડાલુસિયા ઈમરજન્સી સેવાઓએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તમામ રેલ ટ્રાફિક રોકી દેવામાં આવ્યો છે અને ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કાર્યમાં લાગી ગઈ છે. જોકે, મેડ્રિડ, ટોલેડો, સ્યુદાદ રિયલ અને પુએર્ટોલ્લાનો વચ્ચેની અન્ય કોમર્શિયલ સેવાઓ સામાન્ય રીતે ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સપ્તાહની શરૂઆતમાં થાઈલેન્ડમાં પણ ટ્રેનના પાટા પરથી ઉતરી જવાની આવી જ એક ગંભીર ઘટના બની હતી, જેમાં એક ક્રેન તૂટી પડવાને કારણે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. તે દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા હતા અને ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા.

**કરાચીના ગુલ પ્લાઝામાં**
**પહેલા પાનાનું ચાલુ**

બચાવ કાર્યકર હસન અહેમદે જણાવ્યું હતું કે, "અમે ઈમારતના ૫% થી ૧૦% સુધી પહોંચવામાં સફળ રહ્યા છીએ." જોકે, એક ફાયર ફાઈટરે જણાવ્યું હતું કે સમગ્ર શોધ કામગીરીમાં કેટલો સમય લાગશે તેનો અંદાજ લગાવવો શક્ય નથી.

બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું કે કાટમાળ દૂર કરવા અને આગને સંપૂર્ણપણે ઓલવવાના પ્રયાસો ચાલુ છે. તેમણે કહ્યું કે માળખા સુધી મર્યાદિત પહોંચ હોવા છતાં, ટીમો હજુ સુધી પહેલા માળે પહોંચી શકી નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસે ગુમ થયેલા લોકોના પરિવારોના મોબાઈલ નંબરો મેળવી લીધા છે અને ઈમારતની અંદર ૨૦ થી વધુ લોકોના સ્થાનો શોધી કાઢવામાં આવ્યા છે.સિંધના મુખ્યમંત્રી મુરાદ અલી શાહે રવિવારે સાંજે બચાવ અને અગ્નિશામક કામગીરીની સમીક્ષા કરવા માટે શોપિંગ મોલની મુલાકાત લીધી હતી. ઘટના વિશે બોલતા તેમણે કહ્યું કે અંદાજે ૫૮ થી ૬૦ લોકો હજુ પણ ગુમ છે અને તેમને બચાવવાના પ્રયાસો ચાલુ છે.

**ભિવંડી નગર**
**પહેલા પાનાનું ચાલુ**

આવ્યો. પોલીસે સમયસર પરિસ્થિતિ સંભાળી લીધી હતી.મહેશ ચોઘુલેએ જણાવ્યું કે તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે. હવે જોશું કે પોલીસ આ મામલે શું કાર્યવાહી કરે છે.

ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકામાં કુલ ૯૦ બેઠકો છે. કોંગ્રેસના સૌથી વધુ ૩૦ કોર્પોરેટરોએ જીત મેળવી. ભાજપને ૨૨ બેઠકો મળી, જ્યારે શિવસેના (શિંદે જૂથ) અને NCP (શરદ પવાર જૂથ)ને ૧૨-૧૨ બેઠકો મળી. હ્વફ્છ એ ૪ બેઠકો જીતી છે.

**સોના ચાંદીમાં**
**પહેલા પાનાનું ચાલુ**

દર્શાવતા ફરી યુધ્ધના વાદળો ઘેરાયાની પણ અસર થઇ છે. આ બન્ને કારણોએ 'સેફ હેવન' ગણાતા સોના-ચાંદીમાં તેજી વધુ ભડકાવી દીધી છે.

સોના-ચાંદીના ધરખમ ઉંચાભાવથી બન્ને ચીજોમાં કારોબાર ઠપ્પ થયા જેવી હાલત સર્જાઇ છે. લોકલ સ્તરે લગ્નગાળો શરૂ થવામાં છે તે પૂર્વે ઉંચાભાવથી ખરીદીને ગંભીર ફટકો પડ્યો છે.બીજી તરફ નવા યુધ્ધ અને ટેરિફ વોરના ભણકારાથી શેરબજારમાં તીવ્ર નેગેટીવ અસર વર્તાઇ હતી અને ભાવોમાં ગાબડા પડ્યા હતા. વિદેશી નાણાં સંસ્થાઓની એકધારી વેચવાલી તથા વૈશ્વિકસ્તરે નવા-નવા ટેન્શનથી આર્થિક મોરચે પણ અનિશ્ચિતતાનો માહોલ વધુ વકરવાના એંધાણથી હાલત ખરાબ થઇ છે.આજે મુંબઇ શેરબજારમાં મોટાભાગના શેરોમાં ગાબડા પડ્યા હતા. સેન્સેક્સ ૩૯૭ પોઇન્ટના ઘડાથી ૮૩૧૭૨ સાંપડ્યો હતો. તે ઉંચામાં ૮૩૫૩૯ તથા નીચામાં ૮૩૦૨૮ હતો. નિફટી ૧૨૮ પોઇન્ટના ગાબડાથી ૨૫૫૬૫ હતો તે ઉંચામાં ૨૫૬૫૩ તથા નીચામાં ૨૫૫૨૮ હતો.

**કેન્દ્રીય મંત્રી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અંતર્ગત નવસારી જિલ્લો જળ સંરક્ષણ ક્ષેત્રે મોડેલ બને તેવો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વધુમાં સરપંચો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને આહ્વાન કર્યું હતું કે, તેઓ પોતાના વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહ માટે નવા પ્રોજેક્ટ્સમાં લોકભાગીદારી વધારવા અનુરોધ કર્યો હતો. ગામડાંઓ સ્વચ્છ બને તે માટે સરપંચોને ગામ વચ્ચે 'સ્વચ્છતા સ્પર્ધા' યોજવા પ્રોત્સાહિત કર્યા હતા. વિધવા બહેનોને સહાય, આયુષ્માન કાર્ડ અને સરકારના વિવિધ પ્રકલ્પોનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનની ઈચ્છાશક્તિથી કાશ્મીરથી કન્યાકુમારી સુધી પ્રત્યેક નાગરિકના કલ્યાણ માટે કાર્ય થયું છે. નવસારી લોકસભા વિસ્તારમાં આદર્શ ગ્રામ અને વોટર હાર્વેસ્ટિંગ ક્ષેત્રે જે શ્રેષ્ઠ કામગીરી થઈ છે, તે માત્ર ગુજરાત માટે જ નહી પણ સમગ્ર દેશ માટે એક ઉદાહરણરૂપ છે. જ્યારે આપણે આઝાદીના ઈતિહાસ તરફ નજર કરીએ છીએ ત્યારે સમજાય છે કે એક સમયે જે માત્ર સપના સમાન હતું, તે આજે આ સરકારના શાસનમાં સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે અંત્યોદયના મંત્ર સાથે છેવાડાના માનવી સુધી પહોંચ્યા છીએ. વધુમાં કહ્યું હતું કે, દરેક ઘરમાં નળથી જળ પહોંચાડીને બહેનોને પાણી માટેના સંઘર્ષમાંથી મુક્તિ આપી છે અને ગામેગામ શૌચાલયો બનાવીને ગરિમાપૂર્ણ જીવનની ભેટ આપી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને માંદગીના સમયે આર્થિક ચિંતા ન થાય તે માટે આયુષ્માન કાર્ડ થકી રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવારની કવચ પૂરું પાડ્યું છે.

આ પ્રસંગે મેયર દક્ષેશભાઈ માવાણીએ કહ્યું હતું કે, જળ સંચયની વાત કરીએ તો, કેન્દ્રીય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ 'કેચ ધ રેન' અભિયાનમાં આપણે અભૂતપૂર્વ સફળતા મેળવી છે, કેચ ધ રેન અભિયાન અંતર્ગત નવસારીમાં માત્ર એક જ દિવસમાં ૧૧૦૦ સ્ટ્રક્ચર બનાવીને એક સીમાચિહ્નરૂપ કાર્ય કરવામાં આવ્યું છે. વધુમાં ઉમેર્યું હતું કે, આઝાદીના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સુરત શહેરે એકસાથે ૧૭ એવોર્ડ પ્રાપ્ત કરીને દેશભરમાં ડંકો વગાડ્યો છે. આ એવોર્ડ્સ આપણી મહેનત અને સ્વચ્છતા પ્રત્યેના સમર્પણનું પ્રતીક છે. સરકાર અને જનતા જ્યારે સાથે મળે છે ત્યારે કેવું પરિણામ આવે છે તેનું ઉદાહરણ આપણી સામે છે. જન ભાગીદારીના માધ્યમથી આપણે રેન વોટર હાર્વેસ્ટિંગના ૩૨ લાખ સ્ટ્રક્ચર બનાવવાની અદ્ભુત કામગીરી કરી છે.

**પશ્ચિમ રેલવે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આદર કરો," અને "ટ્રેક્સથી દૂર રહો-સલામત રહો" જેવા સૂત્રો મુખ્ય હતા. પશ્ચિમ રેલવેના બ્રાન્ડ સંદેશાઓ, જેમ કે "મુંબઈની જીવનરેખા," "પશ્ચિમ રેલવે કાળજી રાખે છે," અને "મુંબઈ રન કારણ કે આપણે દોડીએ છીએ," પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ સહભાગિતાની એક અનોખી વિશેષતા એ હતી કે ૫૦ ટીમના સભ્યો તેમના સત્તાવાર ગણવેશમાં દોડ્યા હતા, જે એક શક્તિશાળી સંદેશ મોકલતા હતા કે શારીરિક તંદુરસ્તી વ્યાવસાયિક શ્રેષ્ઠતા અને વ્યક્તિગત સુખાકારીનો અભિન્ન ભાગ છે. આ પ્રતીકાત્મક ભાગીદારી માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કલ્પના કરાયેલ ફિટ ઇન્ડિયા ચળવળની ભાવનાને અનુરૂપ હતી, અને આ સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો કે શારીરિક તંદુરસ્તી તમામ વ્યવસાયો અને વય જૂથોમાં રોજિંદા જીવનનો આવશ્યક ભાગ હોવી જોઈએ.

પશ્ચિમ રેલ્વેની ભાગીદારી ફક્ત એક દોડ સુધી મર્યાદિત ન હતી પરંતુ તેનું વ્યાપક મહત્વ હતું. તેણે સંગઠનના વિશ્વાસને મજબૂત બનાવ્યો કે શારીરિક તંદુરસ્તી દરેક વ્યક્તિ માટે જરૂરી છે, પછી ભલે તે જીવનની પરિસ્થિતિઓ કે વ્યવસાય ગમે તે હોય, અને સ્વસ્થ કાર્યબળ સુરક્ષિત, વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય જાહેર સેવાઓ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિસ્તબદ્ધ અને ગણવેશધારી ટીમની મજબૂત હાજરીએ જાહેર સંબંધોને પણ મજબૂત બનાવ્યા અને સલામતી જાગૃતિ અને જવાબદાર નાગરિક વર્તનના મહત્વને વધુ અસરકારક રીતે પ્રકાશિત કર્યું.

**મોરા ભાગળ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

શિરોમણિ, સનાતન રત્ન તથા સનાતન સંસ્કૃત-સંવર્ધન શ્રેણીઓમાં સમાજની વિશિષ્ટ વિભૂતિઓને સન્માનિત કરવામાં આવ્યા. સન્માન પ્રાપ્ત કરનારોએ પોતાના અનુભવો અને વિચારોથી ઉપસ્થિત જનસમૂહને પ્રેરણા આપી. સ્વાગત પ્રવચન શ્રી હિતેન્દ્ર ચૂડાવાળા દ્વારા આપવામાં આવ્યું અને આભાર વિધાન શ્રી નટુભાઈ કરિયા દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ લેખક શ્રી યશવંત વ્યાસનું પ્રેરક સંબોધન તથા મુખ્ય અને વિશિષ્ટ અતિથિઓના માર્ગદર્શક પ્રવચનો થયા.

કાર્યક્રમમાં સનાતન સેવા સન્માન અંતર્ગત સમાજસેવકોને પણ ગૌરવપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન શ્રી સંદીપ દેસાઈ તથા શ્રીમતી પિંકીબેન સુરતી દ્વારા કરવામાં આવ્યું.તમામ ઉપસ્થિત મહેમાનોને પુસ્તક "હિન્દુ હૈ તો દુનિયા હૈ"ની નકલ ભેટ સ્વરૂપે આપવામાં આવી. કાર્યક્રમનો સમાપન પૂર્ણ વંદે માતરમ્ સાથે થયો અને પરમ પૂજ્ય સ્વામી શ્રી અમ્બશ્રીષણન્દજી મહારાજના આશીર્વચનોથી સમારોહ ધન્ય બન્યો.

**ધોતી-ઝભ્ભા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં દીપકદાદા ત્રિવેદી, કૌશિકદાદા અને તેમની ટીમ તેમજ તમામ કર્મકાંડી બ્રાહ્મણોએ ભારે જહેમત ઉઠાવી હતી. જનકભાઈ ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમની વ્યવસ્થામાં મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી.

સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન ખૂબ જ શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણો માત્ર પૂજા-પાઠમાં જ નહીં પરંતુ રમતગમતના ક્ષેત્રમાં પણ એટલા જ સક્રિય છે, તે આ ટુર્નામેન્ટ દ્વારા સાબિત થયું હતું. અંતમાં વિજેતા ટીમને મહાનુભાવોના હસ્તે ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ અનોખા આયોજનને જોવા માટે સ્થાનિક ખેલપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને આ સુંદર પ્રયાસની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

**એમએસએમઈના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ગ્રુપ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ ગ્રુપના પ્રેસિડેન્ટ એન્ડ હેડ શ્રી પ્રશાંત ટી.એસે. વાત કરી હતી.એક્સિસ બેંકના ટ્રેઝરી માર્કેટ સેલ્સના વડા શ્રી બ્રિજેશ બી. ચાલીલે સાંપ્રત પ્રવાહોને વણીને વૈશ્વિક બજાર પર પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો.

વિવિધ વિષયો પર પેનલ ડિસ્કશન સમિટ દરમિયાન ચાર મુખ્ય ટ્રેક (સત્રો) પર ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી.

**છેલ્લા પાનાનું ચાલુ**
**નવી કોર્ટ બિલ્ડિંગ**

મરઘા કેન્દ્રની જગ્યા અનુકુળ હોય પસંદગી ઉતારી હતી. સુરત જિલ્લા વકીલ મંડળે કલેક્ટરથી લઈને ચીફ જસ્ટીસ સુધી અઠવાલાઈન્સ મરઘા કેન્દ્રની જગ્યા મળી રહે તે માટે રજૂઆતો કરી હતી. ચીફ જસ્ટીસ સહિતની ટીમે પણ અઠવાલાઈન્સ મરઘા કેન્દ્રની જગ્યાની સ્થળ વિઝીટ લીધી હતી. આજે મરઘા કેન્દ્રની જગ્યા ફાળવવાની રજૂઆત મુદ્દે નવ નિયુક્ત પ્રમુખ ઉદય પટેલ, મંત્રી મુકુંદ રામાણી, સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ, સિનિયર વકીલ જતીન ગાંધી, વકીલ વિરાજ સૂર્વેઅને ભૂષણ વાનખેડે નવી દિલ્હી ખાતે નિવાસ સ્થાને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની મુલાકાતે ગયા હતા. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સાથે સુરતના વકીલોની પોણાથી એક કલાક સુધી ચર્ચા ચાલી હતી. વિસ્તૃત ચર્ચામાં કોર્ટ બિલ્ડીગ સ્થળાંતરનો મુદ્દો જ કેન્દ્રમાં રહ્યો છે. સુરત જિલ્લા ન્યાયાલય માટે મરઘા કેન્દ્રની જમીન ફાળવવા માટે રજૂઆત કરી તેમજ કેન્દ્ર સરકારે નિમેલા નોટરીના પ્રશ્નોની રજૂઆત પણ કરી હતી. કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે મરઘા કેન્દ્રની જમીન બાબતે ખુબ જ હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું વકીલ મંડળના મંત્રી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું. કોર્ટ બિલ્ડીગના મુદ્દા સાથે સાથે નોટરીના પ્રશ્ન સંબંધે મંત્રી પાટીલે તેઓના પીએને બોલાવી તાત્કાલિક કાયદા મંત્રીને ભલામણ કરવા સૂચના પણ આપી હતી તેવું સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ પાસેથી જાણવા મળ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, કોર્ટ બિલ્ડીંગનો મુદ્દો પૂર્વ પ્રમુખ પી.ટી.રાણા અને પૂર્વ મંત્રી અમર પટેલના કાર્યકાળથી તેજ બન્યો હતો. ત્યારબાદ ઉદય પટેલ, બ્રિજેશ પટેલ સહિતના હોદ્દેદારોએ તેમના કાર્યકાળ દરમિયાન વિગતવાર મરઘા કેન્દ્રની જગ્યા મુદ્દેસરકારમાં ભારપૂર્વક રજૂઆતો કરી હતી. હવે નવ નિયુક્ત પ્રમુખ ઉદય પટેલે સિનિયર વકીલો સાથે બાકી રહેલ કોર્ટ બિલ્ડીગ માટેની કામગીરી શરૂ કરી છે.

**સીસીટીવી અને એઆઈ**

આવનારા દિવસોમાં રખડતા પશુઓના લીધે પેદા થતી સમસ્યાઓનું સમાધાન લાવવામાં વધુ સરળતા રહેશે.

અમદાવાદમાં રખડતી ગાયોના લીધે ઘણીવાર ટ્રાફિકની સમસ્યાઓ જોવા મળે છે. અત્યારે અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ સીસીટીવી કેમેરાની મદદથી અલગ અલગ વિસ્તારોમાં રખડતી ગાયોના ફોટા લીધા બાદ, તેમાં લાગેલી માઈક્રો ચીપ અને RFID ટેગના આધારે ગાયની ઓળખ કરે છે. આ પ્રક્રિયા મેન્યુઅલી થતી હોવાથી તેમાં સમય અને ઊર્જાનો ઘણો વ્યય થાય છે. આ કામગીરીને ઝડપી બનાવવા, તેમજ સમય અને ઊર્જાનો વ્યય ઘટાડવા માટે અત્યારે AI ટેક્નોલોજીને સામેલ કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

આ સમસ્યાને દૂર કરવાના ઉદ્દેશથી ગાંધીનગર ગિફ્ટ સિટીમાં સ્થિત AI સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા એક એજન્સીને AI મોડેલ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે. એજન્સીએ ડીપ લર્નિંગ મોડેલ દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે અમુક સૂચનો રજૂ કર્યા છે, અને તેના આધારે તેઓ સ્ટિયરિંગ કમિટી સમક્ષ તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલું મોડલ ટૂંક સમયમાં રજૂ કરશે. આ મોડેલ સીસીટીવી કેમેરા દ્વારા લેવામાં આવતી તસવીરોને છૈં મોડેલ સાથે એકીકૃત કરીને રિયલ ટાઇમમાં ગાય અને તેના માલિકની ઓળખ કરતું છૈં મોડલ તૈયાર કરી રહી છે.

**એઆઈ મોડલ**

પર કેમેરા દ્વારા રખડતી ગાયોની તસવીરો લેવામાં આવે છે. આ સોલ્યુશન જો કારગર નિવડે તો મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતી ગાયોના લીધે થતી ટ્રાફિક અને અન્ય સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવવામાં મદદ મળશે. આ નિરાકરણ દ્વારા રખડતી ગાયો દ્વારા થતા અકસ્માતોને અટકાવીને જાહેર સુરક્ષા વધારવાનો તેમજ ડેટા આધારિત નિરીક્ષણ વ્યવસ્થાને પ્રસ્થાપિત કરવાનો સરકારનો ઉદ્દેશ છે.

**નામ બદલેલ છે**

મારુ **જુનું નામ :**
**મીશાકુમારી જયેશભાઇ પટેલ**
હતુ, જે બદલીને
**નવું નામ :**
**મીશા જયેશભાઇ પટેલ**
રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
**લિ. મીશા જયેશભાઇ પટેલ**
સરનામું : ૪૩, ખડકી ફળિયું, મીંઢી, પોસ્ટ-કમરોલી, તા. ઓલપાડ, સુરત-૩૯૪૫૪૦

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ઉધનાની પ્લાસ્ટિક ફેક્ટરીમાં આગમાં પાંચ કારીગરો દાઝી ગયા

## ફાયરના જવાનોએ જીવના જોખમે ભીષણ આગમાંથી કારીગરોને બહાર કાઢ્યા : એક કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી







**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

ઉધના ઉદ્યોગનગર વિસ્તારમાં રોડ નં.૩ ખતે આવેલા એક પ્લાસ્ટીક વેસ્ટેઝમાંથી પ્લાસ્ટીકના દાણા બનાવતા કારખાનામાં આજે સવારના સમયે લાગેલી આગમાં ૫ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા. ફાયર બ્રિગેડને બનાવની જાણ કરાતા તાત્કાલિક ફાયરની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. જીવના જોખમે કારખાનામાં ફસાયેલા શ્રમિકોને આગમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે રવાના કર્યા હતા. દાઝેલા પાંચેય જણાને નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા.

ફાયર કંટ્રોલ પાસેથી મળતી વિગત અનુસાર ઉધના રોડ નં.૩ ઉદ્યોગનગર ખાતે આવેલા પ્લાસ્ટીકના કારખાનામાં આજે સવારના સમયે એકાએક આગ ફાટી નિકળી હતી. આગમાં કારખાનામાં કામ કરી રહેલા લલિત વિશ્વકર્મા ઉ.વ.૩૦, ચાંદબાબુ, આમીર સાદિક ઉ.વ.૩૨, નિરજ શ્યામબલી ઉ.વ.૨૨ અને મોહમદ ઉસમાન ઉ.વ.૧૮ ગંભીર રીતે દાઝી ગયા હતા. આગ અંગેની જાણ ફાયર કંટ્રોલને થતા સબ ઓફીસર રોહીત ખલાસી સહિત અલગ-અલગ ફાયરની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. આગ ઓલવવાની કામગીરીમાં ફાયર લાશ્કરો લાગ્યા હતા. બીજી તરફ કારખાનામાં ફસાયેલા શ્રમિકોને બચાવવા માટે ફાયરના જવાનોએ જહેમત ઉઠાવી હતી. જીવના જોખમે કારખાનામાં પ્રવેશી દાઝેલાઓને બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ રવાના કર્યા હતા. દાઝેલા તમામની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ અંગે સબ ફાયર ઓફીસર રોહીતભાઈ ખલાસીએ જણાવ્યું હતું કે, ઉધના રોડ નં.૩ ખાતે આવેલા એક પ્લાસ્ટીકનાં કારખાનામાં આજે સવારે આગ લાગી હતી. કોલ મળતા જ સબ ઓફીસર ટીમ સહિત ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી. કારખાનામાં પ્લાસ્ટીક વેસ્ટેઝમાંથી પ્લાસ્ટીકને કટીંગ કરીને તેના દાણા બનાવવામાં આવતા હતા. જેમાંથી બોલપેન સહિત પ્લાસ્ટીકની નાની મોટી ચીજવસ્તુઓ બને છે. આગમાં પ્લાસ્ટીકનું મટીરીયલ ફર્નિચર, પ્લાસ્ટીક કટીંગ કરવાના બે મશીન સળગી ગયા હતા.

# નવી કોર્ટ બિલ્ડિંગ મુદ્દે સુરત બાર એસો. દ્વારા કેન્દ્રીય મંત્રી પાટીલ સમક્ષ રજુઆત

## સુરત વકીલ મંડળના હોદ્દેદારો તથા સિનિયિર વકીલો નવી દિલ્હી ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રીને મળ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

પદભાર સંભાળ્યાના પહેલા જ મહિનાથી સુરત જિલ્લાના નવ નિયુક્ત હોદ્દેદારોએ સિનિયર વકીલોને સાથે રાખીને સુરત કોર્ટ બિલ્ડીંગ માટેની બાકી રહેલી કાર્યવાહી તેજ કરી છે. આજે સવારે સુરત જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારોએ સિનિયર વકીલો સાથે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની રૂબરૂ મુલાકાત કરી કોર્ટ બિલ્ડીંગના સ્થળાંતર મુદ્દે અઠવાલાઈન્સ મરઘા



કેન્દ્રની જગ્યા મળી રહે તે માટે વિસ્તૃત ચર્ચા કરી આ જગ્યા વકીલો, પક્ષકારો, જજીસ તેમજ સ્ટાફ માટે અનુકુળ હોય તેવું જણાવ્યું હતું. જેથી મંત્રી સી.આર.પાટીલે પણ સકારાત્મક અભિગમ દાખવી મરઘા કેન્દ્રની જગ્યા મુદ્દે સત્વરે હકારાત્મક નિર્ણય લાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રૂબરૂ મળીને જણાવીશ તેવુ મંત્રી પાટીલે જણાવ્યું હતું.

સુરત જિલ્લા વકીલ મંડળે સુરત કોર્ટ બિલ્ડીંગ માટે અઠવાલાઈન્સ

અનુસંધાન પાના ૭ પર

### સ્માર્ટ શહેર માટે સરકારનો સ્માર્ટ ઉપાય

# CCTV અને AI રખડતી ગાયને ભીડમાં ઓળખીને તેના માલિકની ઓળખ ઉજાગર કરશે

## ગુજરાતના શહેરોના સર્વાંગી વિકાસનું વિઝન, AI ટેક્નોલોજીથી સ્માર્ટ ગવર્નન્સ તરફ રાજ્ય સરકારની આગેકૂચ

**ગાંધીનગર, તા.૧૯**

ગુજરાતના શહેરોને સ્માર્ટ બનાવવા માટે રાજ્ય સરકાર આધુનિક ટેક્નોલોજી અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના ઉપયોગને પ્રાથમિકતા આપી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગાંધીનગરમાં AI સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કર્યા બાદ આ ટેક્નોલોજીને રાજ્યના શાસનમાં સમાવિષ્ટ કરીને નાગરિક સેવા વિતરણને સમૃદ્ધ બનાવવના પ્રસાયો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં આગળ વધતા અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારને આવરી લેતી સમસ્યા માટે એક મહત્વપૂર્ણ પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જેના લીધે

અનુસંધાન પાના ૭ પર

### AI મોડલ કેવી રીત કામ કરશે?

એજન્સીએ કોમ્પ્યુટર વિઝન અને ડીપ લર્નિંગ AI મોડલ દ્વારા આ સમસ્યાનું સમાધાન સૂચવ્યું છે. આ મોડલ અંતર્ગત AI ગાયના ચહેરાને સ્કેન કરશે જેમાં સૌથી મહત્વની ઓળખ ગાયના નાકના આધારે થશે. જે રીતે દરેક વ્યક્તિના ફિંગરપ્રિન્ટ અલગ અલગ હોય છે, એવી જ રીતે દરેક ગાયના નાકની ડિઝાઈન અલગ અલગ હોય છે. તે સિવાય ગાયની આંખો અને ચહેરા પર કોઈ દાગ કે નિશાન હોય તો તેનું પણ સ્કેનિંગ કરવામાં આવશે. તેના આધારે AI મોડલ તે ગાયને ભીડમાંથી ઓળખી લેશે અને ડેટાબેઝ સાથે મેચ કરીને ગાયના માલિકની વિગતો પણ રજૂ કરી દેશે.

અત્યારે અમદાવાદમાં ૧ લાખ ૧૦ હજાર જેટલી ગાયોમાં RFID ટેગ અને માઈક્રોચીપ લાગેલી છે. તેનો ડેટાબેઝ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાળવવામાં આવે છે. શહેરમાં ૧૩૦ જંક્શન

અનુસંધાન પાના ૭ પર

# એના ગામ ઓવર બ્રિજ પાસેથી વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝબ્બે

## સુરત જિલ્લા એલસીબી પોલીસે રૂા.૪૮ લાખના દારૂ સહિત રૂા.૬૬.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત રૂરલ એલસીબીની ટીમે બાતમીને આધારે ને.હા.નં.૫૩ પલસાણા એના ગામ ઓવર બ્રીજ પાસેથી પસાર થતા અશોક લેલન કેન્ટેનરને અટકાવી તેમાં તપાસ કરતા રૂ.૪૮ લાખની કિંમતની વ્હીસ્કી બિયરની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ડ્રાઈવરની પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે, દારૂનો જથ્થો રાજસ્થાનનાં ઝાલોર ખાતે પહોંચાડવાનો હતો દારૂ મંગાવનારને રમેશ ગીરધારીરામ બિશ્નોઈને વોન્ટેડ જાહેર કર્યો છે.

સુરત રૂરલ લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ આર.બી.ભટોળ તેમજ પેરોલ ફર્લો સ્ક્વોડના પીઆઈ એમ.આર.શકોરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. મસાણીએ એએસઆઈ શૈલેષ માનસીંગભાઈ અને હેડ કોન્સ્ટેબલ જગદીશ આબાજીભાઈ, દિપકભાઈ અનિલભાઈને મળેલી બાતમીને આધારે નવાપુર-વ્યારા નજીકથી પસાર થઈ ને.હા.નં.૫૩ પલસાણા તરફ આવી રહી હોવાની ખાતરી કરી વોચ ગોઠવી હતી. અશોક લેલન કન્નેર પલસાણા બ્રીજ તરફ આવતા જ તેને અટકાવી પોલીસે તપાસ કરી હતી.

તપાસ દરમિયાન કન્ટેનરમાંથી રૂ.૪૮ લાખની કિંમતનો દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ડ્રાઈવર અમરારામ પુનમારામ બિશ્નોઈ ઉ.વ.૨૯ (રહે. કરવાડા ગામ, કોટરા રોડ, તા.રાણીવડા, થાના કરડા, જી.ઝાલોર, રાજસ્થાન)ને ઝડપી પાડ્યો હતો. પુછપરછ કરતા તેણે પોલીસને વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર રાજસ્થાન ઝાલોરના રાણીવાડા તાલુકાના કોટરા રોડ ગામ કરવાડાના વતની રમેશ ગીરધારીરામ બિશ્નોઈએ મંગાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે રમેશ બિશ્નોઈને વોન્ટેડ જાહેર કરીને કન્ટેનર, ટ્રોલી બેગ દારૂનો જથ્થો મળી કુલ રૂ.૬૬.૩૨ લાખની મત્તા કબ્જે કરી હતી.

# હજીરામાં શેરાસિંગની હત્યા મામલે બે શકમંદો સામે ગુનો દાખલ

## કારખાના પાસે બનાવેલી રૂમમાં જુના ઝઘડાની અદાવતમાં હત્યા કરાઇ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

હજીરા જુનાગામ ડેરી ફળીયામાં અંગત અદાવતમાં શેરાસિંગ હરભજનસિંગ નામના ૩૨ વર્ષિય યુવકની ગળા તેમજ માથાના ભાગે તિક્ષ્ણ હથીયાર વડે ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરવાના બનાવમાં જ્યાં હત્યા થઈ તે રૂમના માલિક દ્વારા હજીરા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાવાયો છે. શેરાસિંગને શકમંદ સરબજીત સિંગ અને અમરીક સિંગ દ્વારા માર મરાતા તેનો મોત નિપજ્યું હોવાનો ઉલ્લેખ ફરીયાદમાં કરાયો છે. હજીરા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

હજીરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર જુનાગામ ડેરી ફળીયામાં રહેતા મેહુલકુમાર છબીલભાઈ પટેલ ઉ.વ.૩૦ હજીરા જુના ગામ ખાતે કારખાનું ચલાવે છે. દરમિયાન તેમણે બનાવેલી રૂમમાં રહેતા સરબજીત સીંગ કુલવંત સીંગ ઉ.વ.૩૩ મુળ રહે. પંજાબ ગુરદાસપુર અને અમરીક સીંગ સુબેક સીંગ ઉ.વ.૩૦એ ગઈ તા.૧૭મીના રોજ સાંજના સમયે ખાતા નં.૧૦૧ રૂમ નં.૧માં શેરાસિંગ હરભજનસિંગની જુના ઝઘડાની અદાવતમાં હત્યા કરી નાંખી હતી. આ મામલે હજીરા પોલીસે ગઈકાલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



**દર વર્ષે ઠંડા પ્રદેશમાંથી શિયાળો ગાળવા સુરત આવતા વિદેશી પક્ષી સિગલને સુરતના ગાંઠિયાનો સ્વાદ દાઢે વળગ્યો છે. તાપી નદી બ્રિજ પર લોકો ગાંઠિયા, બુંદી વગેરે ખાદ્ય પદાર્થ ખાવા માટે વિદેશી પક્ષીઓના ઝૂંડ નદી બ્રિજની આજુબાજુ ઉડાન ભરતા હોય છે અને ચણ નાખતા લોકો વિદેશી પક્ષીઓને ખૂબ નજીકથી માણી શકે છે. (તસવીર : હનીફ મલેક)**

# ગુજરાત બાર કાઉન્સીલ ચૂંટણીમાં સુરત પ્રતિનિધિત્વ ગુમાવે તેવી ભીતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરતના સિનિયર ધારાશાસ્ત્રી જતીન ગાંધીએ પોતાના લેટરપેડ ઉપર સુરત અને જિલ્લાના વકીલોથી વિનંતી કરી છેકે આગામી ૬ માર્ચ ૨૦૨૬ના રોજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૩ બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે. સુરત શહેર અને જિલ્લાના આશરે ૬૦૦૦ મતદારો વચ્ચે ૧૨થી ૧૫ સંભવિત ઉમેદવારો મેદાને હોવાથી મતોનું વિભાજન થવાની ભીતિ સેવાઈ રહી છે. જો વધુ ઉમેદવારો ઉભા રહેશે, તો એલીમિનેશન પ્રક્રિયામાં સુરતનું પ્રતિનિધિત્વ ગુમાવવાનો વારો આવી શકે છે.

સીનિયર ધારાશાસ્ત્રીઓને આ બાબતે મધ્યસ્થી કરી, સુરતના હિતમાં ઉમેદવારો વચ્ચે સહમતી સાધી મજબૂત પેનલ બનાવવા નમ્ર અપીલ કરવામાં આવી છે, જેથી સુરતનો 'એકડો' જળવાઈ રહે અને સ્થાનિક વકીલોનું સશક્ત પ્રતિનિધિત્વ સુનિશ્ચિત થાય.

# ચેક રિટર્ન કેસમાં મેહુલ રાવને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

## ધંધા માટે ફોઈના દીકરા પાસેથી લીધેલા ૪૪ લાખ પેટે લખેલા પાંચ ચેક રિટર્ન થતા કોર્ટ કેસ કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

મામાના દિકરા મેહુલ રાવએ ફોઈના દીકરા પાસેથી ઓનલાઈનનો ધંધો કરવા લીધેલા રૂ.૪૪ લાખની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં સુરત કોર્ટે મેહુલ રાવને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

ઉત્રાણ સ્થિત મોટા વરાછા શાલિગ્રામ સ્ટેટ્સમાં રહેતા હિતેશ ભીખા રાણાએ તેના મામા મનસુખ રાવના દીકરા મેહુલ રાવ (રહે. પંચઅમૃત પોઈન્ટ, પાસોદ્રા, બીઆરટીએસ સ્ટેશન ખોલવડ)ને ઓનલાઈનનો મોટો ધંધો કરવા માટે રૂ.૪૪ લાખ આપ્યા હતા. જેના બદલામાં મેહુલે જવાબદારી પેટે ૫ ચેકો આપ્યા હતા. જે ચેકો બેંકમાં વટાવતા રિટર્ન થયા હતા. જેથી હિતેશ રાણાએ વકીલ જલ્પેશ પાલડિયા અને એમ.એસ.રાઠોડ વતી મેહુલ સામે ચેક રિટર્નની અલગ-અલગ ફરિયાદો કરી હતી. કોર્ટે આ ગુનામાં મેહુલને કસુરવાર ઠેરવ્યો હતો. આ ગુનામાં કોર્ટે મેહુલને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં વકીલ પાલડિયા અને રાઠોડની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

# ઘાટલોડીયાની નેશનલ સ્કૂલના વિદ્યાર્થી પર છરીના ઘા ઝીંકાયા

## ધો.૧૦ના વિદ્યાર્થી પર સ્કૂલની બહાર વિદ્યાર્થીએ કરેલો હુમલો

**અમદાવાદ, તા.૧૯**

અમદાવાદની સેવન્થ-ડે સ્કૂલ જેવી વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર જીવલેણ હુમલો કર્યાની બીજી ઘટના સામે આવી છે. ઘાટલોડિયા વિસ્તારની નેશનલ સ્કૂલ બહાર ધોરણ ૧૦ના એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર છરી વડે હુમલો કર્યો છે. આ ઘટનામાં વિદ્યાર્થીને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે. હુમલા પાછળ જૂનો ઝઘડો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતાં ઘાટલોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.




આ મામલે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, સ્કૂલની બહાર ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી. સ્કૂલના વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો મારામારી સુધી પહોંચી ગયો હતો. હાલમાં આ મામલે આગળની કાર્યવાહી ચાલી રહી છે.

# સુરતમાં છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી સ્થિર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

શહેરમાં ઠંડીની અસર ઓછી થઈ રહી છે. ગત દિવસોમાં લઘુત્તમ તાપમાનનો પારો ઉત્તરીય પવનોને કારણે ગગડતા ઠંડીની અસર વધુ રહી હતી. જોકે વિતેલા ત્રણ દિવસથી શહેરનું લઘુત્તમ તાપમાન ૧૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાઈ રહયું છે. બીજી તરફ ગઈકાલે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રીથી સીધું ત્રણ ડિગ્રી ગગડી ગયું હતું. મહત્તમ તાપમાન ૨૮.૪ સેલ્સિયસ ડિગ્રી રહયું હતું. હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારે લઘુત્તમ તાપમાનનો પારો ૧૫.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનનો પારો ત્રણ દિવસથી ૧૫.૨ ડીગ્રી નોંધાઈ રહ્યું છે. પવનની ગતિ મંદ રહેતા ઠંડીની અસર ઓછી વર્તાઈ રહી છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા નોંધાયુ છે. દરિયાની સપાટી પર હવાનું દબાણ ૧૦૧૫.૪ મિલીબાર રહ્યું હતું.

**પશ્ચિમ રેલ્વે**

**સમારકામ અને જાળવણી કાર્ય**

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦૦૦૮. સિનિયર નં. ૧. ઈ-ટેન્ડર સૂચના નં. BCT/૨૫-૨૬/૨૯૬, તા. ૧૪.૦૧.૨૦૨૬. કાર્ય અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ-બોમ્બાર્સી- હેરિટેજ પ્રકારની છત, ટ્રસનું સમારકામ બોમ્બાર્સી ખાતે આંતરિક અને બાહ્ય નવીનીકરણ સહિત. કામનો અંદાજિત ખર્ચ: ૨,૪૫,૫૮,૦૮૬.૪૪. EMD: ૨,૭૨,૮૦૦/-. સિનિયર નં. ૨. ઈ-ટેન્ડર સૂચના નં. BCT/૨૫-૨૬/૨૯૭, તા. ૧૪.૦૧.૨૦૨૬. કાર્ય અને સ્થાન: (i) બિલીમોરાના સંબંધમાં બિલીમોરા ખાતે એલ બિલ્ડિંગનું બાંધકામ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સાથેના ઉપકરણોનું ફેરબદલ. (ii) અમલસાડના સંબંધમાં અમલસાડ ખાતે એલ બિલ્ડિંગનું બાંધકામ: ઈન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ સાધનોનું ફેરબદલ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સાથે (iii) જોરાવાસન સુરત સેક્રેટરી ઓફ પી.વે ડેપોનું વિસ્તરણ અને એસએસઈ(પી.વે), એનવીએસ (કમ્પોઝિટ ટેન્ડર ઈલેક્ટ્રિકલ ભાગ સહિત) હેઠળ અન્ય સંકળાયેલ કામો. કામનો અંદાજિત ખર્ચ : ૭,૫૮,૪૪,૪૭૪.૨૪/-. EMD: ૫,૨૯,૨૦૦/-. બંને ટેન્ડરો સબમિટ કરવાની તારીખ અને સમય: ૧૦.૦૨.૨૦૨૬ સુધી, ૧૫:૦૦ કલાક. બંને ટેન્ડરો ખોલવાની તારીખ અને સમય: ૧૦.૦૨.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1009

અમને લાઈક કરો facebook.com/WesternRly